પાનાં : ૧૨ કિંમત રૂા.૬ તા.૧ જૂલાઈ ૨૦૨૪ સોમવાર

૨૪ ઝિલ્હજ હિજરી ૧૪૪૫ ● જેઠ વદ દસમ સંવત ૨૦૮૦

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૩૩૨ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

## બંધારણ, લોકશાહી પ્રણાલીમાં વિશ્વાસ વ્યક્ત કરવા બદલ લોકોને અભિનંદન : 'મન કી બાત'માં વડાપ્રધાન મોદી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

ત્રીજી મુદત માટે કાર્યભાર સંભાળ્યા બાદ તેમના પ્રથમ 'મન કી બાત' રેડિયો પ્રસારણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે, લોકોએ વિશ્વની સૌથી મોટી ચૂંટણીમાં દેશના બંધારણ અને લોકશાહી પ્રક્રિયામાં તેમનો અતૂટ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો, જેમાં ૬૫ કરોડથી વધુ લોકોએ મતદાન કર્યું હતું.

તેમણે લોકોનો આભાર માન્યો હતો અને ચૂંટણી પંચ અને પ્રક્રિયા સાથે સંકળાયેલ દરેક વ્યક્તિને અભિનંદન આપ્યા હતા. તેમણે લગભગ ૩૦ મિનિટના રેડિયો સંબોધનમાં ઘણા મુદ્દાઓને સ્પર્શ કર્યા હતા. વડાપ્રધાને આવતા મહિને શરૂ થનારી પેરિસ ઓલિમ્પિક્સમાં ભાગ લેવા આવનાર ભારતીય એથ્લેટ્સને પણ ઉત્સાહિત કર્યા અને લોકોને પ્રોત્સાહિત કરવા માટે 'cheer4Bharat' હેશટેગનો ઉપયોગ કરવા વિનંતી કરી છે. તેમણે કહ્યું કે, ટોક્યોમાં અગાઉના ઓલિમ્પિકમાં



### ફેબ્રુઆરીમાં સામાન્ય ચૂંટણી ૨૦૨૪ પહેલાં તેમના રેડિયો પ્રસારણ પર બ્રેક લાગી હતી

ભારતીય ખેલાડીઓના પ્રદર્શને દરેક નાગરિકનું દિલ જીતી લીધું હતું અને ભાગ લેનાર એથ્લેટ ત્યારથી પેરિસ ઓલિમ્પિકની તૈયારીઓમાં પૂરા દિલથી વ્યસ્ત છે. ભારતીયોને પ્રથમ વખત કેટલીક વસ્તુઓનો સાક્ષી બનશે તેમ જણાવતા તેમણે કહ્યું કે, જો આપણે બધા ખેલાડીઓને સાથે લઈએ, તો તે બધાએ લગભગ ૯૦૦ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લીધો છે. આ એક ખૂબ મોટી સંખ્યા છે. શૂટિંગમાં આપણા ખેલાડીઓની પ્રતિભા સામે આવી રહી છે. ટેબલ ટેનિસમાં પુરૂષ અને મહિલા બંને ટીમો ક્વોલિફાય થઈ છે. આપણી શૂટર દીકરીઓ પણ ભારતીય શોટગન ટીમનો ભાગ છે. આ વખતે આપણી ટીમના સભ્યો કુસ્તીમાં સ્પર્ધા કરશે અને આપણે ક્યારેય ભાગ લીધો નથી તેવી ઘોડેસવારીની કેટેગરીમાં ભાગ લેશે. આ વખતે તેઓ રમતગમતમાં ઉત્તેજનાનું એક અલગ સ્તર બતવશે. ભારતીય ખેલાડીઓએ વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં પણ તેનું શ્રેષ્ઠ પ્રદર્શન દર્શાવ્યું હતું. આપણા ખેલાડીઓએ ચેસ અને બેડમિન્ટનમાં પણ શાનદાર નામના મેળવી છે. હવે આખો દેશ આશા રાખી રહ્યો છે કે, આપણા ખેલાડીઓ ઓલિમ્પિકમાં પણ સારૂં પ્રદર્શન કરીને આ ગેમ્સમાં મેડલ જીતીને દેશવાસીઓના દિલો પણ જીતે. આગામી દિવસોમાં મને આ રમતમાં ભાગ લેનારી ભારતીય ટીમને મળવાની પણ તક મળશે, હું તેમને તમારા વતી પ્રોત્સાહિત કરીશ. રેડિયો સંબોધન દરમિયાન વડાપ્રધાને વિશ્વ પર્યાવરણ દિવસ પર શરૂ કરાયેલ 'એક પેડ મા કે નામ' નામની વનીકરણ પહેલ વિશે વાત કરી હતી. તેમણે તેમની માતાની યાદમાં વૃક્ષારોપણ કર્યું હતું તેની નોંધ લેતા મોદીએ કહ્યું, માતાની યાદમાં અથવા તેમના સન્માનમાં વૃક્ષો વાવવાનું અભિયાન ઝડપથી આગળ વધી રહ્યું છે તે જોઈને મને ખૂબ જ આનંદ થાય છે. સોશિયલ મીડિયા પર લોકો તેમની માતા સાથે વૃક્ષો વાવવાની તસવીરો શેર કરી રહ્યા છે. આ અભિયાન 'પૃથ્વી માતા'ના રક્ષણમાં પણ મદદ કરશે. વડાપ્રધાને ૧૮૫૭માં આઝાદીના પ્રથમ યુદ્ધ પહેલાં ૧૮૫૫માં બ્રિટિશ શાસન સામે સંથાલ વિદ્રોહનું નેતૃત્વ કરનાર આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓ વીર સિદ્ધુ અને કાન્હુને શ્રદ્ધાંજલિ આપી હતી.

મોદીએ જણાવ્યું હતું કે, આદિવાસીઓ ૩૦ જૂનને 'હૂલ દિવસ' તરીકે ઉજવે છે. આ દિવસ વીર સિદ્ધુ-કાન્હુની અદમ્ય હિંમત સાથે સંકળાયેલો છે, જેમણે વિદેશી શાસકોના અત્યાચારનો સખત વિરોધ કર્યો હતો. ચોમાસાની ઋતુની ઝડપ સાથે તેમણે કેરળના અટ્ટપ્પડીમાં આદિવાસી મહિલાઓ દ્વારા બનાવેલી 'કાર્થુમ્ભી' છત્રીઓ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું, 'કાર્થુમ્ભી છત્રીઓએ કેરળના એક નાનકડા ગામથી બહુરાષ્ટ્રીય કંપનીઓ સુધીની તેમની સફર પૂર્ણ કરી છે. સ્થાનિક લોકો માટે અવાજ ઉઠાવવાનું આનાથી વધુ સારૂં ઉદાહરણ શું હોઈ શકે ?' તેમના પ્રસારણમાં મોદીએ ઓલ ઈન્ડિયા રેડિયોને તેના ૫૦ વર્ષ પૂરા કરવાના સંસ્કૃત બુલેટિન પર અભિનંદન આપ્યા અને કહ્યું કે, પ્રાચીન ભાષાએ ભારતીય જ્ઞાન અને વિજ્ઞાનની પ્રગતિમાં મોટી ભૂમિકા ભજવી છે. બેંગ્લુરૂના એક પાર્કમાં સ્થાનિકો દર રવિવારે ભાષામાં વાતચીત કરવા માટે મળતા હોવાનું જણાવી તેમણે કહ્યું કે, 'આજના સમયની માંગ એ છે કે, આપણે સંસ્કૃતને માન આપવું જોઈએ અને તેને આપણા રોજિંદા જીવન સાથે પણ જોડવું જોઈએ.'

CELEBRATING EXCELLENCE
33 years
GT

## મમતાએ ખેલ્યો માસ્ટર સ્ટ્રોક...!! અયોધ્યાના સમાજવાદી પક્ષના સાંસદને ડે.સ્પીકર બનાવવા તૃણમૂલનું સૂચન : સૂત્રો

### સમાજવાદી પાર્ટીના નેતા અવધેશ પ્રસાદે તાજેતરમાં જ અયોધ્યા સ્થિત ફૈઝાબાદ મતવિસ્તારમાંથી લોકસભા ચૂંટણી જીતી હતી

(એજન્સી) કોલકાતા, તા.૩૦

તૃણમૂલ કોંગ્રેસે રવિવારે કેન્દ્રને સમાજવાદી પાર્ટીના ફૈઝાબાદના સાંસદ અવધેશ પ્રસાદને લોકસભાના ડેપ્યુટી સ્પીકર બનાવવા વિનંતી કરી છે. અવધેશ તાજેતરમાં જ અયોધ્યા સ્થિત ફૈઝાબાદ મતવિસ્તારમાંથી લોકસભા ચૂંટણી જીત્યા હતા. અત્યાર સુધી કેન્દ્રએ ડેપ્યુટી સ્પીકરની ચૂંટણી માટે શેડ્યુલ બહાર પાડ્યું નથી, જે પદ ૧૭મી લોકસભા દરમિયાન ખાલી રહ્યું હતું. એનડીએ



સરકારે વિપક્ષને ડેપ્યુટી સ્પીકરનું પદ આપવા માટે પ્રતિબદ્ધતા ન દર્શાવ્યા પછી વિપક્ષી જૂથે સ્પીકર પદ માટે ચૂંટણી લડવા તૈયારી કરી હતી. આ પદ માટે અવધેશના નામ સાથે, વિપક્ષે મજબૂત રાજકીય અને પ્રતીકાત્મક ક્ષમતા ધરાવતા ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે. ફૈઝાબાદથી ચૂંટણી જીતનાર દલિત અવધેશ પ્રસાદનો પ્રસ્તાવ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આપ્યો હતો. તેમણે ભાજપના લલ્લુસિંહ પર ૫૦,૦૦૦થી વધુ મતોના માર્જિનથી જીત મેળવી હતી અને વિપક્ષોએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, રામ મંદિરનું ઉદ્‌ઘાટન કરવા છતાં ભાજપ સીટ જીતવામાં અસમર્થ છે. ડેપ્યુટી સ્પીકર પાસે સ્પીકરની સમાન કાયદાકીય સત્તાઓ છે. જ્યારે મૃત્યુ, માંદગી અથવા અન્ય કોઈ કારણસર સ્પીકર ગેરહાજર હોય છે, ત્યારે ડેપ્યુટી સ્પીકર વહીવટી સત્તાઓ સંભાળે છે. લોકશાહીમાં સંસદમાં શાસક પક્ષ સિવાયના પક્ષમાંથી લોકસભાના ડેપ્યુટી સ્પીકરને ચૂંટવાની સંસદીય પ્રથા છે.

## પીએમ મોદીએ મન કી બાતમાં લોકોના રસની કોઈ વાત જ ના કરી : કોંગ્રેસ

(એજન્સી) તા.૩૦

કોંગ્રેસ નેતા પવન ખેડાએ રવિવારે આરોપ લગાવ્યો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'માં જે મુદ્દાઓ વિશે લોકો સાંભળવા માંગતા હતા તેનો ઉલ્લેખ કર્યો નથી.

વડાપ્રધાને તેમના ત્રીજા કાર્યકાળમાં પ્રથમ વખત 'મન કી બાત' કાર્યક્રમને સંબોધિત કર્યા પછી, કોંગ્રેસના મીડિયા અને પ્રચાર વડા ખેરાએ પૂછ્યું કે તેમણે શા માટે NEET, ટ્રેન અકસ્માત અથવા "ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પતન" નો ઉલ્લેખ ના કર્યો.

ખેડાએ કહ્યું કે મોદીની આ ત્રીજી ટર્મ હોવા છતાં તે પોતાની તાકાત પર નથી. ખેડાએ કહ્યું, "સરકાર ટેકા પર ચાલી રહી છે. અમને લાગ્યું કે આ વખતે તે કંઈક સમજદારીભરી વાત કરશે."

ખેડાએ કહ્યું, "તેમણે (મોદી) NEET, રેલ્વે અકસ્માતો અથવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૂટી



### લોકસભા ચૂંટણી સમાપ્ત થયા બાદ પહેલીવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમ સાથે વાપસી કરી

જવાની ઘટનાઓ વિશે કશું કહ્યું નથી કે જેના વિશે આપણે દરરોજ સાંભળીએ છીએ. ખેડાએ કહ્યું, "તેમણે દિલ્હી એરપોર્ટ પર બનેલી ગંભીર ઘટના પર કશું કહ્યું નહીં, જેમાં એક વ્યક્તિનો જીવ ગયો." તેમણે આરોપ લગાવ્યો કે, "વડાપ્રધાને લોકોના હિત સાથે જોડાયેલા કોઈ મુદ્દા પર વાત કરી નથી. તેમની પદ્ધતિ એજન્ડાને બદલવાની રહી છે, કારણ કે દરેક જણ NEET, કૌભાંડો વિશે વાત કરે છે, તેથી ધ્યાન હટાવવા માટે તમે કેરળમાંથી છત્રી લાવવાની વાત કરી રહ્યા છો. તેમણે કહ્યું, "ચૂંટણી દરમિયાન તમે ઉત્તરને દક્ષિણની સામે ઉભા કરતા હતાપ શું તમને લાગે છે કે લોકો ભૂલી જશે? પ્રચાર દરમિયાન તમે જે કહો છો તે સાચું છે, હવે તમે જે કરી રહ્યા છો તે પ્રચાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રીજી વખત દેશની કમાન સંભાળ્યા બાદ પોતાના પ્રથમ 'મન કી બાત' રેડિયો કાર્યક્રમમાં રવિવારે કહ્યું હતું કે વિશ્વની સૌથી મોટી ચૂંટણીમાં લોકોએ દેશના બંધારણ અને લોકતાંત્રિક પ્રક્રિયામાં તેમનો અતૂટ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ ચૂંટણીમાં ૬૫ કરોડ લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

## હેમંત સોરેને 'સામંતવાદી દળો' સામે બળવાનું એલાન કરતા જણાવ્યું કે, મારી મુક્તિ પછી ભાજપ તણાવમાં છે

(એજન્સી) ભોગનાડીહ, તા.૩૦

ઝારખંડના પૂર્વ મુખ્ય પ્રધાન અને જેએમએમના કાર્યકારી પ્રમુખ હેમંત સોરેને રવિવારે દેશભરમાંથી સામંતવાદી દળોને ભગાડવા માટે બળવાનું આહવાન કરતા ભાજપ પર આકરા પ્રહારો કરતાં કહ્યું કે તેમને જેલમાંથી મુક્ત થયાને માત્ર બે દિવસ થયા છે, પરંતુ ભગવા પાર્ટી પહેલેથી જ અકળાઈ ગઈ છે અને તેમને જેલમાં પાછા મોકલવાનું કાવતરું ઘડી રહી છે. સોરેન ઝારખંડના સંથાલ પરગણા પ્રદેશમાં ભોગનાડીહ ખાતે એક રેલીને સંબોધિત કરી રહ્યા હતા. શુક્રવારે જેલમાંથી છૂટ્યા પછી સરકારી કાર્યક્રમમાં તેમની પ્રથમ હાજરી હતી. તેમણે કહ્યું કે, મને ખોટા કેસોમાં ફસાવવામાં આવ્યો હતો. સરકારની સામે અવાજ ઉઠાવનારાઓને હેરાન કરવા માટે કેન્દ્ર સરકાર તપાસ એજન્સીઓનો દુરુપયોગ કરે છે. મને જેલમાંથી બહાર આવ્યાને માત્ર બે જ દિવસ થયા છે, પરંતુ ભાજપ ખળભળાટ મચી ગયો છે. પાર્ટીના ટોચના નેતાઓ વારંવાર ઝારખંડ આવે છે અને ફરીથી મારી વિરુદ્ધ કાવતરું ઘડી રહ્યા છે. હું 'હુલ દિવસ' પર તમને સંબોધવા માટે મારી મુક્તિ પછી પ્રથમ વખત મારા ઘરની બહાર નીકળ્યો છું. તે આપણા બધા માટે પ્રેરણાનો દિવસ છે. અંગ્રેજો



### ઝારખંડના પૂર્વ મુખ્યપ્રધાન હેમંત સોરેને કહ્યું કે, જેલમાંથી છૂટ્યા બાદથી ભાજપ આઘાતમાં છે અને ફરીથી તેમની વિરૂદ્ધ કાવતરૂં કરી રહ્યું છે

સામે સંથાલના બળવાની જેમ, અમે 'હુલ વિદ્રોહ'ની ઘોષણા કરીએ છીએ. માત્ર ઝારખંડમાંથી જ નહીં પરંતુ સમગ્ર દેશમાંથી સામંતવાદી દળોને ભગાડવા જોઈએ. સોરેને જણાવ્યું હતું કે ઝારખંડ ક્રાંતિકારીઓની ભૂમિ તરીકે ઓળખાય છે અને અમે જેલ, લાઠી કે ફાંસીથી ડરતા નથી. તેમણે કહ્યું કે તેમના પૂર્વજો પાસેથી તેઓને પ્રેરણા મળે છે. જેઓ આવી સતામણીમાંથી બચી ગયા હતા. જો તેઓએ આટલો સંઘર્ષ ન કર્યો હોત, તો આ રાજ્યમાં આદિવાસી-મૂલવાસી સરકાર ન બની હોત. ઝારખંડમાં વિપુલ કુદરતી સંસાધનો છે અને દરેકની નજર તેના પર છે. મે મુખ્યમંત્રી બન્યા પછી ૧ લાખ ૩૬ હજાર કરોડ રૂપિયાની માંગણી કરી. તે માંગવા બદલ તેઓએ મને જેલમાં ધકેલી દીધો હતો. સોરેને કહ્યું કે આગામી સરકારમાં તેઓ એવા નિયમો બનાવશે જેથી રાજ્યના કુદરતી સંસાધનો પર પ્રથમ અધિકાર ઝારખંડના લોકોનો રહેશે. રાજ્યમાં જેએમએમની આગેવાની હેઠળની ગઠબંધન સરકારની રચના કરવામાં આવી હતી, પરંતુ ભાજપે તેની વિરૂદ્ધ કાવતરાં રચીને તેના માર્ગમાં દરેક પગલા પર અવરોધો ઊભા કર્યા હતા.

## કોંગ્રેસ, શિવસેના (UBT) અને NCP (SP) મહારાષ્ટ્રની ચૂંટણી સાથે મળીને લડશે : પવાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

NCP (SP)ના વડા શરદ પવારે રવિવારના રોજ જાહેરાત કરી હતી કે, તેમની પાર્ટી, કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (UBT) સાથે મળીને આગામી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી લડશે. આ વર્ષે ઓકટોબરમાં ચૂંટણી યોજાવાની છે. એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પવારે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન ગઠબંધનનો ભાગ બનેલા તેમના નાના સાથીઓના હિતોની રક્ષા કરવા માટે મહારાષ્ટ્રમાં મુખ્ય વિરોધ પક્ષોની નૈતિક જવાબદારી પર ભાર મૂક્યો હતો. NCP (SP), કોંગ્રેસ અને શિવસેના (UBT) વિપક્ષી મહા વિકાસ અઘાડી (MVA)ના સભ્યો છે, જેણે નવેમ્બર ૨૦૧૯થી જૂન ૨૦૨૨માં ઠાકરેની આગેવાની હેઠળની સરકારના પતન સુધી રાજ્યનું શાસન કર્યું હતું. પવારે મહારાષ્ટ્રના લોકો સમક્ષ સંયુક્ત મોરચો રજૂ કરવાના મહત્ત્વ અને રાજ્યમાં પરિવર્તનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું, જેમ કે અર્જુનનું લક્ષ્ય (મહાભારતમાં) એક આંખ (માછલીની) હતી, અમારી નજર



મહારાષ્ટ્રની ચૂંટણી પર છે. કોંગ્રેસ, NCP (SP) અને ઉદ્ધવ ઠાકરેની સેના (UBT) સંયુક્ત રીતે વિધાનસભા ચૂંટણી લડશે. જો કે, સીટ વહેંચણીની ચર્ચા હજુ શરૂ થઈ નથી, પવારે ઉલ્લેખ કર્યો છે કે, તે ટૂંક સમયમાં શરૂ થશે. તેમણે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં NCP (SP), શિવસેના (UBT) અને કોંગ્રેસ દ્વારા મળેલા સકારાત્મક પ્રતિસાદને સ્વીકાર્યો. પવારે ડાબેરી પક્ષો અને ખેડૂત અને કામદાર પક્ષ (PWP) જેવા નાના પક્ષોના હિતોનું રક્ષણ કરવાની નૈતિક જવાબદારી પણ દર્શાવી હતી, જેઓ ગઠબંધનનો ભાગ હતા પરંતુ લોકસભામાં બેઠકો સાથે સમાવી શકાયા ન હતા.

જ્યારે શુક્રવારના રોજ એકનાથ શિંદે સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા રાજ્યના બજેટ વિશે પૂછવામાં આવ્યું ત્યારે પવારે ટિપ્પણી કરી, જો તમે કોઈ બજારમાં ખાલી ખિસ્સું લઈને જાઓ તો શું થાય છે. થોડા દિવસોની વાત છે, વાસ્તવિકતા ટૂંક સમયમાં જોવા મળશે. મહારાષ્ટ્ર સરકારના ૨૦૨૪-૨૫ના બજેટમાં રાજ્યની ચૂંટણીના ચાર મહિના પહેલાં રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં ૨૧થી ૬૦ વર્ષની વયની મહિલાઓ માટે ૧૫૦૦ રૂપિયાનું માસિક ભથ્થું, ઘરો માટે દર વર્ષે ત્રણ મફત એલપીજી સિલિન્ડર, ખેડૂત-મૈત્રીપૂર્ણ પહેલ અને કૌશલ્ય તાલીમ લઈ રહેલા યુવાનો માટે ૧૦,૦૦૦ રૂપિયા માસિક સ્ટાઈપેન્ડનો સમાવેશ થાય છે.

## રાષ્ટ્રપતિ તેમના ભાષણમાં મણિપુરને કેવી રીતે અવગણી શકે : કોંગ્રેસ

(એજન્સી) ઈમ્ફાલ, તા.૩૦

મણિપુર કોંગ્રેસે ૨૭ જૂને સંસદના સંયુક્ત સત્ર દરમિયાન આપવામાં આવેલા રાષ્ટ્રપતિના સંબોધનની ટીકા કરી હતી, જેમાં મણિપુર કટોકટી પર કથિત રીતે ચર્ચા કરવામાં આવી ન હતી. સ્થાનિક

### MPCCના કાર્યકારી પ્રમુખ કે.એચ. દેવબ્રતાએ શનિવારે જણાવ્યું હતું કે, તેમના ભાષણમાં મણિપુરને બાકાત રાખવાથી રાજ્યના લોકોને 'અપમાનિત' થયાની લાગણી થઈ

કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ દેવબ્રતાએ મણિપુર કટોકટીનો સમાવેશ ન કરવા પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી સારી સારવાર મળવી જોઈએ. મણિપુર પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ દેવબ્રતાએ રાષ્ટ્રપતિને આવા ગંભીર મુદ્દાનો ઉલ્લેખ ન કરતાં પ્રશ્ન કર્યો અને ભારપૂર્વક જણાવ્યું કે, મણિપુરમાં સંકટ ઘટવાને બદલે વધી રહ્યું છે. તેમણે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા સામાન્ય સ્થિતિના દાવાઓને પણ નકારી કાઢ્યા હતા. દેવબ્રતાએ વધુમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિના સંબોધનમાં કાશ્મીર ખીણના બારામુલા ક્ષેત્રમાં મતદાનની પ્રશંસા કરવામાં આવી હતી, જ્યારે પડકારજનક સમયમાં મણિપુરમાં ૭૦ ટકાથી વધુ મતદાનની અવગણના કરવામાં આવી હતી. મણિપુરના લોકો આ પસંદગીની પ્રશંસાને અપમાન તરીકે જુએ છે અને કહે છે કે, તે રાજ્ય સાથે સાવકી મા જેવું વર્તન છે.

### ક્યા બાત હૈ ?!

શું કરૂં ? સાહેબ રાજકીય ઉત્સવોમાં વ્યસ્ત હોય છે તેથી તેમનું કામ મારે કરવું પડે છે !



- જામી

## નાઈજીરિયામાં લગ્ન, હોસ્પિટલ અને અંતિમ સંસ્કારમાં શંકાસ્પદ આત્મઘાતી બોમ્બ વિસ્ફોટમાં ૧૮નાં મોત, ૪૮ ઘાયલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

CNNએ રાજ્યની કટોકટી સેવાઓને ટાંકીને અહેવાલ આપ્યો છે, નાઈજીરીયાના ઉત્તરપૂર્વીય બોર્નો રાજ્યમાં બોમ્બ વિસ્ફોટોમાં ઓછામાં ઓછાં લોકોનાં મોત થયા છે અને ૪૮ અન્ય ઘાયલ થયા છે. CNN એ અહેવાલ આપ્યો હતો કે, પ્રથમ વિસ્ફોટ શનિવારના રોજ સ્થાનિક સમય મુજબ બપોરે ૩ વાગ્યાની આસપાસ લગ્ન સમારોહમાં થયો હતો, ત્યારબાદ બીજો વિસ્ફોટ જનરલ હોસ્પિટલ ગ્વોઝામાં અને ત્રીજો અંતિમ સંસ્કાર વખતે થયો હતો. સ્થાનિક રાજ્ય કટોકટી વ્યવસ્થાપન એજન્સીના વડાના જણાવ્યા અનુસાર, હુમલા શંકાસ્પદ આત્મઘાતી બોમ્બર દ્વારા કરવામાં આવ્યા હતા. WIONએ AFPને નોંધીને અહેવાલ આપ્યો છે કે રાજ્ય પોલીસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ગ્વોઝામાં થયેલા ત્રણ વિસ્ફોટો પૈકીના એકમાં, પીઠ પર પટ્ટાવાળી એક મહિલાએ લગ્ન સમારંભની મધ્યમાં બોમ્બ વિસ્ફોટ કર્યો હતો. બોર્નો રાજ્ય પોલીસના પ્રવક્તા નહુમ કેનેથ દાસોએ જણાવ્યું હતું કે, વિસ્ફોટ સ્થાનિક સમય અનુસાર બપોરે ૩:૪૫ વાગ્યાની આસપાસ થયો હતો જ્યારે એક મહિલાએ પોતાની પીઠ પર બાળકને લઈ જતી એક ગીચ મોટર પાર્કમાં પોતાની પાસે રાખેલા ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED)ને વિસ્ફોટ કર્યો હતો. WIONએ AFPને ટાંકીને અહેવાલ આપ્યો હતો, મહિલા આત્મઘાતી બોમ્બરોએ એ જ નગરની એક હોસ્પિટલને પણ નિશાન બનાવી હતી અને લગ્ન વિસ્ફોટના ભોગ બનેલા લોકોના અંતિમ સંસ્કારમાં બીજો હુમલો કર્યો હતો. બોર્નો સ્ટેટ ઈમરજન્સી મેનેજમેન્ટ એજન્સીના ડાયરેક્ટર જનરલ બાયકિન્દો સૈદુએ બાળકો, પુખ્ત વયના લોકો અને સગર્ભા સ્ત્રીઓ સહિત ૧૮ મૃત્યુની પુષ્ટિ કરી છે. AFP મુજબ સૈદુએ જણાવ્યું હતું કે, ૧૯ લોકો કે જેઓ ગંભીર રીતે ઘાયલ હતા તેમને પ્રાદેશિક રાજધાની મૈદુગુરી લઈ જવામાં આવ્યા હતા, જ્યારે ૨૩ લોકો સ્થળાંતરની રાહ જોઈ રહ્યા છે. કેમરૂનથી સરહદ પાર આવેલું નાઈજિરિયન નગર છેલ્લાં એક દાયકાથી વધુ સમયથી હિંસાનું સાક્ષી છે. બોકોહરમે ૨૦૧૪માં ગ્વોઝા પર કબજો કર્યો હતો, પરંતુ વર્ષ પછી ચાડિયન દળોની મદદથી નાઈજિરિયન સૈન્ય દ્વારા તેને ફરીથી કબજે કરવામાં આવ્યો હતો.

# ‘આનાથી સારો સમય કોઈ ન હોઈ શકે’: રોહિત અને કોહલીની ભારતની વર્લ્ડકપ જીત બાદ T20 ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિ

## વિશ્વકપ વિજેતા સુકાનીની ૪,૨૩૧ રન સાથે T20 આંતરરાષ્ટ્રીયમાં સૌથી વધુ સ્કોરર તરીકે ફોર્મેટમાંથી વિદાય; કોહલી ૪,૧૮૮ રન સાથે બીજા ક્રમે

(એજન્સી) તા.૩૦

ભારતીય સુકાની રોહિત શર્મા અને સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ બાર્બાડોસમાં T20 વર્લ્ડ કપ ફાઈનલમાં સાઉથ આફ્રિકા સામે સાત રને રોમાંચક જીત મેળવ્યા બાદ ટ્વેન્ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી.

અહીં ફાઈનલમાં સાઉથ આફ્રિકા સામે સાત રનથી મળેલી જીતમાં તેના શાનદાર ૭૬ રન માટે પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા બાદ કોહલી પ્રથમ વ્યક્તિ હતો જેણે પોતાનો નિર્ણય જાહેર કર્યો હતો. તરત જ, રોહિતે પણ જાહેરાત કરી કે, તે જે માટે આવ્યો હતો તે હાંસલ કર્યા પછી હવે અન્યો માટે રસ્તો સાફ કરી દેવાનો સમય છે.

ફાઈનલમાં ઝળકતા પહેલા કોહલી રન માટે સંઘર્ષ કરી રહ્યો હતો, તેણે ફાઈનલમાં ૭૬ રન બનાવ્યા અને તેને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવ્યો. ૩૫ વર્ષીય કોહલીએ પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મેળવ્યા પછી યજમાન બ્રોડકાસ્ટર્સ સ્ટાર સ્પોર્ટ્સને કહ્યું કે,"આ મારો છેલ્લો T20 વર્લ્ડ કપ હતો અને અમે જે હાંસલ કરવા માગીએ છીએ તે બરાબર છે. આ એક અદ્ભુત રમત છે. જ્યારે અમે બેટિંગ કરવા નીકળ્યા ત્યારે હું રોહિત (શર્મા)ને કહેતો હતો, મને એવું લાગ્યું કે, એક દિવસ તમને એવું લાગશે કે તમે કરી શકશો નહીં " અને પછી તમે બહાર આવો છો અને પછી તમે જેવુ ઈચ્છો છો તેવું જ થાય છે ભગવાન મહાન છે."

તેણે કહ્યું,"મને એવું લાગ્યું કે આજે નહીં તો ક્યારેય નહીં. (તે મારી) ભારત માટે છેલ્લી T20 હતી, હું તેનો મહત્તમ ઉપયોગ કરવા માંગતો હતો. હું પરિસ્થિતિને મજબૂર કરવાને બદલે તેનું સન્માન કરવા માંગતો હતો." કોહલી કે જેને ભારપૂર્વક પૂછવામાં આવ્યું કે શું આ તેની છેલ્લી T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી કે કેમ ? તેના જવાબમાં પ્રસ્તુતિ સમારોહમાં તેણે ઉમેર્યું કે,: "આ એક ખુલ્લું રહસ્ય હતું, હવે સમય પાકી ગયો છે કે જવાબદારી નવી પેઢી સંભાળી લે, કેટલાક અદ્ભુત ખેલાડીઓ ટીમને આગળ લઈ જશે અને ધ્વજને ઊંચો રાખશે." ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન કોહલી કે જે તેની પેઢીના ઉત્કૃષ્ટ બેટ્સમેનોમાંના એકછે તેણે બાકીની ટૂર્નામેન્ટ કરતાં શનિવારે વધુ રન બનાવ્યા.

કેન્સિંગ્ટન ઓવલ ખાતેની શોપીસ મેચ પહેલા, તે સ્પર્ધા દરમિયાન સાત ઈનિંગ્સમાં માત્ર ૭૫ રન જ બનાવી શક્યો હતો. કોહલીની સાથે ઈનિંગ્સની શરૂઆત કરનાર રોહિત ૪૧થી વધુની સરેરાશથી ત્રણ અર્ધશતક સહિત ૨૪૮ રન સાથે ફાઈનલમાં આગળ વધનાર ટીમનો ઈન ફોર્મ બેટ્સમેન હતો. તેણે ૪,૨૩૧ રન સાથે T20 આંતરરાષ્ટ્રીયમાં સૌથી વધુ સ્કોરર તરીકે ફોર્મેટણે અલવિદા કહી દીધી; કોહલી ૪,૧૮૮ રન સાથે બીજા ક્રમે છે. T20 ઈન્ટરનેશનલમાં રોહિતની પાંચ સદીઓ બેજોડ છે અને તેણે બે T20 વર્લ્ડ કપ ટાઈટલ પણ જીત્યા છેઃ ૨૦૦૭માં ખેલાડી તરીકે પ્રથમ એડિશન જીતીને અને હવે ૨૦૨૪માં કેપ્ટન તરીકે. રોહિતે રમત પછીની પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, "આ મારી છેલ્લી (T20i) રમત



પણ હતી. આ ફોર્મેટને અલવિદા કહેવા માટે આનાથી વધુ સારો સમય કોઈ નથી." તેણે કહ્યું, મેં આની દરેક ક્ષણ માણી છે. મેં આ ફોર્મેટમાં રમીને મારી ભારતીય કારકિર્દીની શરૂઆત કરી. હું આ જ ઈચ્છતો હતો; હું કપ જીતવા માંગતો હતો." તેણે કહ્યું "હું આના માટે બેકરાર હતો જેણે શબ્દોમાં વ્યક્ત કરવું ખૂબ જ મુશ્કેલ હતું. તે મારા માટે ખૂબ જ ભાવનાત્મક ક્ષણ હતી. હું મારા જીવનમાં આ ખિતાબ માટે ખૂબ જ આતુર હતો. હું ખુશ છું કે અમે આખરે સફળતા મેળવી". રોહિત આ ટુર્નામેન્ટમાં ભારતનો પ્રભાવશાળી બેટ્સમેન રહ્યો છે, જ્યાં કોહલી રન માટે સંઘર્ષ કરી રહ્યો હતો પરંતુ શનિવારે રોલ રિવર્સલનો કેસ હતો, રોહિત નવ રને આઉટ થતાં ભારત ૩૪-૩ પર ફસકી પડ્યું હતું. કોહલીએ, જોકે, અક્ષર પટેલ (૪૭) સાથે ૭૨ રનની ભાગીદારી દરમિયાન ઈનિંગને ફરી બેઠી કરી જેણે ભારતને ૧૭૬-૭ સુધી લઈ જવામાં મદદ કરી અને બાદમાં, શાનદાર બોલિંગ અને ફિલ્ડિંગ પ્રદર્શને દક્ષિણ આફ્રિકાને ૧૬૯-૮ સુધી મર્યાદિત કર્યું. કોહલી વિષે રોહિતે કહ્યું કે,"અમારામાંથી કોઈએ તેના પર શંકા કરી નથી; અમે તેની ગુણવત્તા જાણીએ છીએ,", જેણે T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં લગભગ ૪૯ ની સરેરાશથી ૧૧૭ ઈનિંગ્સમાં ૪,૧૮૮ રન બનાવ્યા હતા, જેમાં એક સો અને ૩૮ અર્ધશતકનો સમાવેશ થાય છે. "તે ૧૫ વર્ષથી તેની રમતમાં ટોચ પર છે. મોટા ખેલાડીઓ મોટા પ્રસંગોમાં આગળ આવે છે અને તેણે આજે નિર્ણાયક ઈનિંગ રમી. રોહિતે ઉમેર્યું, "તે ટોટલ સુધી પહોંચવાનો ટીમ પ્રયાસ હતો પરંતુ અમે જાણતા હતા કે અમને બેટિંગ કરવા માટે કોઈની જરૂર છે અને તેણે તેના તમામ અનુભવનો ઉપયોગ કરીને તે સંપૂર્ણ રીતે કર્યું," આ રમત ભારતના T20 કોચ અને ભૂતપૂર્વ સુકાની રાહુલ દ્રવિડ માટે પણ અંતિમ મેચ હતી, જેને ઉજવણી દરમિયાન ટીમ દ્વારા હવામાં ઉછાળવામાં આવ્યો હતો. રોહિતે કહ્યું, "હું રાહુલ માટે ખૂબ જ ખુશ છું; તેણે ભારતીય ક્રિકેટ માટે ઘણું બધું કર્યું છે, જેમાં તે એક જમાનામાં રમી રહ્યો હતો અને હવે કોચિંગ કરી રહ્યો છું." તેણે ઉમેર્યું કે,"તેણે આ સમય માટે ત્રણ વર્ષ સુધી ખૂબ મહેનત કરી છે, ટીમને ખૂબ સપોર્ટ કર્યો છે અને છોકરાઓને શું જરૂરી છે તે સમજ્યું,"

# આ અંતરને દૂર કરવામાં સમય લાગશે : BCCI પ્રમુખ રોજર બિન્નીએ ભારતની T20 ટીમમાંથી રોહિત અને વિરાટની નિવૃત્તિ પર કહ્યું

## રોહિત(૩૭) અને વિરાટ(૩૫)એ ફોર્મેટમાં ભારતના બીજા વિશ્વ વિજયમાં મુખ્ય ભૂમિકા ભજવ્યા પછી T20I છોડી દેવાનું જાહેર કર્યું હતું

(એજન્સી) તા.૩૦

બીસીસીઆઈના પ્રમુખ રોજર બિન્નીએ કહ્યું કે, વિરાટ કોહલી અને રોહિત શર્માની આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાંથી નિવૃત્તિના કારણે જે શૂન્યતા સર્જાશે તેને દૂર કરી ભારતીય T20 ટીમને ફરીથી "પોતાનામાં આવવા" માટે હજુ બે-ત્રણ વર્ષ લાગશે. રોહિત(૩૭) અને વિરાટ(૩૫) એ ફોર્મેટમાં ભારતના બીજા વિશ્વ વિજયમાં મુખ્ય ભૂમિકા ભજવ્યા પછી T20Iમાંથી તેને છોડી દેવાનું જાહેર કર્યું હતું. ૨૦૦૭ના ચેમ્પિયન્સે હાઈ-વોલ્ટેજ સમિટ અથડામણમાં દક્ષિણ આફ્રિકાને સાત રનથી હરાવ્યું જેથી ICC ટ્રોફી માટે તેમની ૧૧ વર્ષની પીડાદાયક રાહનો અંત આવ્યો છે. રોજર બિન્નીએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું, "આઈપીએલમાં ઘણી બધી પ્રતિભાઓ છે. ઘણા ક્રિકેટરો આવી રહ્યા છે પરંતુ આ અંતરને દૂર કરવામાં થોડો સમય લાગશે (રોહિત શર્મા અને વિરાટ કોહલીની T20Iમાંથી નિવૃત્તિ પછી)." તેમણે ઉમેર્યું, "તેઓએ ઘણું યોગદાન આપ્યું છે. તેમની નિવૃત્તિના કારણે જે શૂન્યતા સર્જાશે તેને દૂર કરી ભારતીય T20 ટીમને ફરીથી "પોતાનામાં આવવા" માટે હજુ બે-ત્રણ વર્ષ લાગશે." રોહિતે ૧૫૯ મેચોમાં ૪૨૩૧ રન સાથે T20I છોડી છે, જેમાં તેણે પાંચ સદી અને ૩૨ અર્ધસદી કરી હતી. કોહલીએ, ૧૨૫ T20I મેચોમાં ૪૮.૬૯ ની એવરેજથી ૪૧૮૮ રન બનાવ્યા અને ૧૨૨ તેના સર્વોચ્ચ રન છે. તે તેની એકમાત્ર T20 સદી હતી, જે સપ્ટેમ્બર ૨૦૨૨માં અફઘાનિસ્તાન સામે રમવામાં આવી હતી. બંને ક્રિકેટરો IPL અને આંતરરાષ્ટ્રીય સ્તરે ODI અને ટેસ્ટ ફોર્મેટમાં સક્રિય રહેશે. ૧૯૮૩ના ODI વર્લ્ડ કપના ખિતાબની જીતમાં ભાગ લેનાર બિન્નીએ જણાવ્યું હતું કે, પ્રથમ વિશ્વ કપે ભારતને દાવેદારોમાં ઉન્નત કર્યું છે અને તે મોટા ટેલેન્ટને કારણે બદલાયો નથી. તેમણે કહ્યું,



"૧૯૮૩માં, અમે અંડરડોગ તરીકે ગયા હતા. પરંતુ તે પછી, તે ટેગ અમારા પરથી હટાવી લેવામાં આવ્યો હતો. જ્યારે પણ અમે વર્લ્ડ કપમાં જઈએ છીએ, ત્યારે લોકો ભારતની જીતની અપેક્ષા રાખે છે. હવે કોઈ અમને હળવાશથી લેતું નથી." હાલમાં જ સમાપ્ત થયેલ મેગા-ઈવેન્ટ મુખ્ય કોચ રાહુલ દ્રવિડના કાર્યકાળના અંતને દર્શાવે છે. પૂર્વ ઓપનર ગૌતમ ગંભીર તેની પાસેથી કમાન સંભાળશે તેવી અટકળો ચાલી રહી છે પરંતુ બિન્નીએ આ બાબતે મૌન રાખવાનું પસંદ કર્યું હતું. તેમણે કહ્યું, "હજી સુધી કંઈ નક્કી કરવામાં આવ્યું નથી. ગૌતમ ગંભીર પાસે ઘણો અનુભવ છે. તેમણે ટીમો સાથે કામ કર્યું છે. તેમણે ટેસ્ટ મેચ, ODI, T20 રમી છે. જોઈશુ કે શું થાય છે."

# T20 વર્લ્ડકપ જીતની વિરાટ કોહલીની પોસ્ટ પર અનુષ્કા શર્માએ લખ્યું : તને મારૂં ઘર કહેવા પર આભારી છું

૨૦૦૭ પછી ભારતની બીજી T20 વર્લ્ડકપ જીત બાદ અભિનેત્રી અનુષ્કા શર્માએ તેના પતિ વિરાટ કોહલી માટે એક હૃદયસ્પર્શી પોસ્ટ લખી, જેમાં સ્ટાર ક્રિકેટરને ‘મારૂં ઘર’ ગણાવ્યું હતું. કોહલી જે ૨૦૧૧ ODI વર્લ્ડકપની જીતનો ભાગ હતો, તેણે દક્ષિણ આફ્રિકા સામે શનિવારની ફાઈનલમાં ૨૦૨૪ની ટુર્નામેન્ટની તેની પ્રથમ અર્ધશતક બનાવી હતી. તેણે ૫૯ બોલમાં છ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૭૬ રન બનાવી ભારતને સાત વિકેટે ૧૭૬ રન સુધી પહોંચાડ્યું હતું.

હતી. તેણીએ કોહલીના હાથમાં ટ્રોફી સાથેની તસવીર શેર કરી કેપ્શન આપ્યું કે, ‘હું આ માણસ @viratkohliને પ્રેમ કરૂં છું. તમને મારા ઘરે કહેવા બદલ આભારી છું, હવે આની ઉજવણી કરવા માટે મારા માટે સ્પાર્કલિંગ પાણીનો ગ્લાસ લો !’

એક અલગ પોસ્ટમાં અભિનેત્રીએ ક્રિકેટર સાથે પુત્રી વામિકા (ત્રણ) અને ચાર મહિનાના પુત્ર અકાયની પોસ્ટ શેર કરી હતી અને ટીમ ઈન્ડિયાને નોંધપાત્ર સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. અનુષ્કાએ લખ્યું, ‘અમારી પુત્રીની સૌથી મોટી

### અનુષ્કા શર્મા જે ભારતમાં તેના ઘરેથી તેના પતિ માટે ઉત્સાહિત હતી, તેણે રોમાંચક ફાઈનલમાં ટીમ જીત્યા પછી તરત જ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરી હતી

તેણે મેન ઈન બ્લુને તેમની બીજી T20 વર્લ્ડકપ જીતવા માટે માર્ગદર્શન આપ્યા બાદ અને બ્રિજટાઉન, બાર્બાડોસમાં પ્લેયર ઓફ ધ મેચ જાહેર કર્યા પછી T20 ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. શર્મા જેઓ ભારતમાં પોતાના ઘરેથી પતિ માટે ઉત્સાહિત હતી, તેણે રોમાંચક ફાઈનલમાં ટીમનો વિજય થયો તે પછી તરત જ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરી

ચિંતા એ હતી કે, જો તમામ ખેલાડીઓને ટીવી પર રડતા જોય પછી તેમને ગળે લગાવવા માટે કોઈ હોય તો. હા, માર પ્રિયતમ, તેમને ૧.૫ અબજ લોકોએ ગળે લગાવ્યા હતા. કેટલી અસાધારણ જીત અને કેટલી મહાન સિદ્ધિ ! ચેમ્પિયન્સ - અભિનંદન !!’ આ સેલિબ્રિટી કપલે ઘણા વર્ષો સુધી ડેટિંગ કર્યા બાદ ૨૦૧૭માં લગ્ન કર્યા હતા.

# T20 વર્લ્ડકપ ફાઈનલ પછી મોહમ્મદ સિરાજ ‘થેન્ક યુ ઓલમાઈટી અલ્લાહ’ ટ્વિટ માટે ટ્રોલ થયો

## ભારતે દક્ષિણ આફ્રિકાને રોમાંચક મુકાબલામાં ફાઈનલ મેચમાં સાત રને હરાવીને T20 વર્લ્ડકપ જીતી લીધો હતો

(એજન્સી) તા.૩૦

ભારતીય ઝડપી બોલર મોહમ્મદ સિરાજને ‘‘થન્ક યુ ઓલમાઈટી અલ્લાહ’’ ટ્વિટ કરવા પર ટ્રોલ કરવામાં આવ્યો છે. તેણે ગઈકાલે ભારતે વર્લ્ડ કપ ટ્રોફી જીત્યા પછી પોસ્ટ હતી. આજે વહેલી સવારે ટીમ ઈન્ડિયાના ઝડપી બોલર સીરાજે કપ ઉપાડતી ટીમ ઈન્ડિયાનો ફોટોગ્રાફ શેર કર્યો અને લખ્યું કે ‘‘સર્વશક્તિમાન અલ્લાહનો આભાર.’’



આ ટ્વિટ બાદ ઘણા લોકોએ તેને અને ભારતીય ટીમના અન્ય સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા. જો કે, કેટલાક નેટીઝન્સે તેને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું હતું.

એક ટ્વિટર યુઝરે લખ્યું કે, ‘‘તે અલ્લાહની નહીં ટીમ ઈન્ડિયાની જીત છે.‘‘અન્ય એક વ્યક્તિએ લખ્યું, ‘‘જો અલ્લાહે આવું કરવું હોત તો પાકિસ્તાન વર્લ્ડ કપ જીતી ગયું હોત, ભારત નહીં.’’ ઘણા યુઝર છે આ પ્રકારે અવનવી પ્રતિક્રિયાઓ આપી હતી. ગઈ કાલે, ભારતે પુરૂષોના T20 વર્લ્ડ કપની ફાઈનલમાં રોમાંચક મેચમાં દક્ષિણ આફ્રિકાને સાત રનથી હરાવ્યું અને દેશ માટે બીજો વર્લ્ડકપ જીતી લીધો હતો. અંતિમ બોલ પછી, ઉત્સાહિત ભારતીય ખેલાડીઓ ભાવુક થયેલા જોવા મળ્યા હતા. કેપ્ટન રોહિત શર્મા આનંદમાં ઉત્સાહ મનાવતા પહેલા જ મેદાનમાં સૂઈ ગયેલી હાલતમાં જોવા મળ્યો હતો. ખાસ કરીને શર્મા, વિરાટ કોહલી, મોહમ્મદ સિરાજ અને હાર્દિક પંડ્યા જેવા સિનિયર ખેલાડીઓના ચહેરા પર આંસુ દેખાતા હતા. આ વિજય એક ઐતિહાસિક ક્ષણ તરીકે ચિહ્નિત થયો, જેમાં ભારત વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડ સાથે જોડાઈને માત્ર બે વખત પુરૂષોનો T20 વર્લ્ડ કપ જીતી શકી છે.

# ‘પાપાએ T20 વર્લ્ડકપ જીત્યો’ : જ્યારે ભારતની જીત બાદ વિરાટ કોહલીએ ઘરે ફોન કર્યો

બાર્બાડોસના કેન્સિંગ્ટન ઓવલ ખાતે T20 વર્લ્ડકપની ફાઈનલમાં દક્ષિણ આફ્રિકા સામે ભારતની રોમાંચક જીત બાદ વિરાટ કોહલી લાગણીથી અભિભૂત થઈ ગયો હતો અને તેણે પોતાના પરિવારને ફોન કર્યો ત્યારે તેની આંખોમાં આંસુ આવી ગયા હતા. ૫૯ બોલમાં તેના અણનમ ૭૬ રન બનાવ્યા હતા, જે ટુર્નામેન્ટમાં તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન અને એકમાત્ર અડધી સદી હતી, તે ભારતની જીતમાં નિર્ણાયક હતું, જેણે આ પ્રસંગને વધુ યાદગાર બનાવ્યો છે. ૧૭૬/૭નો સ્કોર કર્યા પછી ભારતે દક્ષિણ આફ્રિકાને ૧૬૯/૮ સુધી મર્યાદિત કરી ૭ રનથી વિજય મેળવ્યુ હતું. શનિવારે બાર્બાડોસના બ્રિજટાઉનમાં કેન્સિંગ્ટન ઓવલ ખાતે રમાયેલી ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને T20 વર્લ્ડકપ જીત્યા પછી તરત જ વિરાટ કોહલી પોતાના આંસુ રોકી શક્યો ન હતો. તેની પત્ની અનુષ્કા શર્મા અને તેના બાળકો, પુત્રી વામિકા અને પુત્ર અકાય સાથે વાત કરવા માટે કોહલીની આંખમાં લાગણીશીલ આંસુ જોઈ શકાય છે. કોહલીની ૫૯ બોલમાં ૭૬ રનની ઈનિંગ, ટુર્નામેન્ટમાં તેની સર્વશ્રેષ્ઠ અને એકમાત્ર અડધી સદીએ ભારતની જીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને આ ક્ષણને વધુ ખાસ બનાવી હતી કારણ કે, ‘સુપર 8s’ અને ઈંગ્લેન્ડ સામેની સેમિફાઈનલમાં ગ્રૂપ સ્ટેજમાં તેની સતત નિષ્ફળતા માટે તેની ટીકા થઈ રહી હતી. પરંતુ બેટિંગ લિજેન્ડે તે મેચમાં તે બધું જ તેની પાછળ મૂકી દીધું હતું જે સૌથી મહત્ત્વપૂર્ણ હતું અને ૧૭ વર્ષના અંતરાલ પછી દેશને તેનો બીજો T20 વર્લ્ડ કપ જીતાડ્યો હતો અને કોહલીએ વીડિયો કોલ પર તેની તમામ લાગણીઓ તેના પરિવાર સાથે શેર કરી હતી. વીડિયો કોલની શરૂઆતમાં તેના આંસુ શાંત થયા પછી પિતા કોહલીને તેના બાળકો સાથે હાવભાવ અને હસતા જોઈ શકાય છે. મેચ પછી અન્ય એક મહત્ત્વપૂર્ણ ક્ષણમાં કોહલીએ T20Iમાંથી નિવૃત્તિની



જાહેરાત કરી હતી અને પછી તરત જ રોહિત શર્મા તરફથી આવી જ જાહેરાત કરવામાં આવી. કોહલીની ૧૨૫-મેચની T20I કારકિર્દીમાં તેણે ૪૮.૭ની સરેરાશ અને ૧૩૭.૦૪ના સ્ટ્રાઈક રેટથી ૪૧૮૮ રન બનાવ્યા, જેમાં ૧૨૨ના સર્વશ્રેષ્ઠ ૩૮ અર્ધસદી અને એક સદીનો સમાવેશ થાય છે. વિરાટે ચાર વિકેટ પણ લીધી હતી. શનિવારે તેની કારકિર્દીની છેલ્લી અને સૌથી મહત્ત્વપૂર્ણ T20Iમાં કોહલીની અડધી સદીએ ટીમને ૭ વિકેટે ૧૭૬ રન સુધી પહોંચાડવામાં મદદ કરી હતી, ત્યારબાદ હાર્દિક પંડ્યા (૨૦ રનમાં ૩ વિકેટ) જસપ્રિત બુમરાહ (૧૮ રનમાં ૨ વિકેટ) અને અર્શદીપ સિંઘે (૨૦ રનમાં ૨ વિકેટ)ની મદદથી ભારતના બોલિંગ આક્રમણનું નેતૃત્વ કર્યું હતું. બોલિંગથી દક્ષિણ આફ્રિકાને ૮ વિકેટે ૧૬૯ રન સુધી સીમિત કરી મેચમાં જીત હાંસલ કરી હતી. દક્ષિણ આફ્રિકા માટે હેનરિક ક્લાસનના ૨૭ બોલમાં ૫૨ રન બનાવ્યા બાદ છેલ્લી આશા ડેવિડ મિલર (૧૭ બોલમાં ૨૧)ને આઉટ કરવા માટે સૂર્યકુમાર યાદવના બાઉન્ડ્રી રોપ્સ પરના અદ્ભુત રમત-બદલતા કેચ માટે પણ આ મેચ યાદ રાખવામાં આવશે.

# UPSC ટોપર IAS ટીના ડાબીના ધોરણ-૧૨ના માર્ક્સ સોશિયલ મીડિયા પર વાયરલ થયા, જુદા-જુદા વિષયોમાં તેના માર્ક્સ વિશે જાણો

## ટીના ડાબી પહેલાથી જ તેજસ્વી વિદ્યાર્થિની હતી અને તેણે શૈક્ષણિક તેજસ્વીતા હાંસલ કરી હતી, તે દિલ્હીની જીસસ એન્ડ મેરી સ્કૂલમાં અભ્યાસ કરતી હતી

(એજન્સી) તા.૩૦

આઈએએસ ઓફિસર ટીના ડાબી UPSCમાં ખૂબ જાણીતું નામ છે અને સોશિયલ મીડિયા પર તેમની નોંધપાત્ર ફેન ફોલોઈંગ છે. ટીના ડાબી એક IAS અધિકારી છે જેમણે ૨૦૧૫માં તેમના પ્રથમ પ્રયાસમાં UPSC સિવિલ સર્વિસિસની પરીક્ષા ઓલ ઈન્ડિયા રેન્ક ૧ સાથે પાસ કરી હતી.



તે પ્રશંસનીય છે કારણ કે UPSC ક્લીયર કરવું અઘરૂં છે. ઘણા ઉમેદવારો પરીક્ષાની તૈયારીમાં ઘણા વર્ષો વિતાવે છે અને આખરે તેઓ છોડી દે છે અને કારકિર્દીની અન્ય તકો પસંદ કરે છે. સંઘર્ષ કરનારા તમામ લોકો જે મોટું બનવા અને રાષ્ટ્રની સેવા કરવા માટે ઈચ્છે છે, તેમના માટે ડાબી પ્રેરણાના સ્વરૂપ તરીકે ઊભા છે.

ટીના ડાબી હંમેશા તેજસ્વી વિદ્યાર્થિની હતા અને તેમણે શૈક્ષણિક તેજસ્વીતા હાંસલ કરી હતી. તેઓ દિલ્હીની જીસસ એન્ડ મેરી સ્કૂલમાં અભ્યાસ કરતી હતી.

અહેવાલો અનુસાર ટીના ડાબીએ ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં ૯૩ ટકા મેળવ્યા છે. તેઓએ રાજકીય વિજ્ઞાન અને ઈતિહાસના વિષયોમાં ૧૦૦% ગુણ મેળવ્યા છે. શાળા પૂર્ણ કર્યા પછી ડાબી તેમના ગ્રેજ્યુએશનને આગળ વધારવા માટે દિલ્હી યુનિવર્સિટીની લેડી શ્રી રામ કોલેજમાં ગઈ. ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યા પછી તેઓએ તેમની તૈયારીઓ શરૂ કરી અને ૨૦૧૫માં યુપીએસસીમાં પ્રવેશ કર્યો હતો.

તેમની પ્રસૂતિ રજા સમાપ્ત કર્યા પછી ટીના ડાબી, જેમને અગાઉ જેસલમેરના જિલ્લા કલેક્ટર તરીકે પોસ્ટ કરવામાં આવી હતી, તેમને મે ૨૦૨૪માં કમિશનર EGS રાજસ્થાન જયપુર તરીકે પોસ્ટ કરવામાં આવી હતી.

# UPSC : IAS, IPS, IRS, IFS, IES અધિકારીઓનો પગાર કેટલો છે ? તેમને કઈ સુવિધાઓ મળે છે ? જાણો...

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

ભારતમાં ઘણા લોકો માટે UPSCમાં કારકિર્દી બનાવવી એક સ્વપ્ન હોય છે. દર વર્ષે લાખો યુવાનો યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ની પરીક્ષા આપે છે, પરંતુ માત્ર થોડા ઉમેદવારો જ આ લક્ષ્ય હાંસલ કરવામાં સક્ષમ હોય છે. ચાલો જાણીએ IAS, IPS, IRS, IFS, IES અધિકારીઓને કેટલો પગાર મળે છે અને તેમને કઈ સુવિધાઓ મળે છે. IAS, IPS, IRS, IFS અને IES તરીકે પસંદ થયા પછી, આ અધિકારીઓનો મૂળ પગાર એકથી ચાર વર્ષ માટે ૫૬,૧૦૦ રૂપિયા હોય છે.



આ પછી, તે ૫થી ૮ વર્ષ માટે વધીને ૬૭,૭૦૦ રૂપિયા થાય છે. જ્યારે તેઓ તેમની સેવાના ૯માં વર્ષમાં પહોંચે છે, ત્યારે તેમનો પગાર ૭૮,૮૦૦ રૂપિયા થઈ જાય છે. ૧૩ વર્ષની સેવા પૂરી કર્યા બાદ તેમને ૧,૧૮,૫૦૦ રૂપિયાનો પગાર મળે છે. તેવી જ રીતે ૧૬થી ૨૪ વર્ષની સેવા પછી તેમને ૧,૪૪,૨૦૦ રૂપિયાનો પગાર મળે છે. ૨૫થી ૩૦ વર્ષની સેવા પૂર્ણ કર્યા પછી, તેઓને ૧,૮૨,૨૦૦ રૂપિયાનો પગાર મળે છે. જ્યારે અધિકારીઓ ૩૭ વર્ષની સેવા પૂરી કરે છે અને કેબિનેટ સેક્રેટરીની સમકક્ષ રેંક સુધી પહોંચે છે, ત્યારે તેમનો પગાર વધીને ૨,૫૦,૦૦૦ રૂપિયા થઈ શકે છે.

સિવિલ સર્વિસ માટે પસંદ કરાયેલા ઉમેદવારોને પગાર સિવાય ઘણી સુવિધાઓ મળે છે. IAS અને IPS અધિકારીઓને મોટા શહેરોમાં સરકારી આવાસ મળે છે. તેઓને ડ્રાઈવર સાથેના સરકારી વાહનો, સરકારી હોસ્પિટલોમાં તેમના પરિવાર માટે તબીબી સુવિધાઓ, સુરક્ષા કર્મચારીઓ અને વીજળી અને ટેલિફોન બિલમાં રાહતો પણ મળે છે. નિવૃત્તિ પછી તેમને પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો મળે છે.

# RSS ચીફ મોહન ભાગવત આજે ગાઝીપુરમાં પરમવીર ચક્ર મેળવનાર વીર અબ્દુલ હમીદ પર પુસ્તકનું વિમોચન કરશે

(એજન્સી) તા.૩૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના સરસંઘચાલક મોહન ભાગવતના સૂચન પર, ભારત-પાકિસ્તાન યુદ્ધ (૧૯૬૫)ના નાયક અને પરમવીર ચક્ર ચંદ્રક વિજેતા વીર અબ્દુલ હમીદ પર એક પુસ્તક લખવામાં આવ્યું છે. ૧૮૦ પાનાના પુસ્તકમાં પરમવીર ચક્ર વિજેતાની સંપૂર્ણ વાર્તા છે. RSS ચીફ ૧ જુલાઈએ ગાઝીપુરમાં તેનું ઉદ્‌ઘાટન કરશે. આ માટેની તૈયારીઓ ચાલી રહી છે. આરએસએસ ચીફ વીર અબ્દુલ હમીદના મોટા પુત્ર ઝૈનુલ હસનની વિનંતી પર આવી રહ્યા છે. ઝૈનુલ તેમને બે વાર મળી ચૂક્યો છે. તેમણે જણાવ્યું કે મુંબઈના ડૉ. રામા ચંદ્રન શ્રીનિવાસને પુસ્તક લખ્યું છે. તેનું શીર્ષક મેરે પાપા પરમવીર છે. એકવાર ગાઝીપુર પહોંચ્યા પછી હું આરએસએસના વડાને મળ્યો. પછી તેણે પરમવીર ચક્ર વિજેતા પર ફિલ્મ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી. ત્યારે આરએસએસ ચીફે કહ્યું હતું કે પહેલા પુસ્તક લખવું જોઈએ. ત્રણ મહિના પહેલા આરએસએસ ચીફને પત્ર લખ્યો હતો. તેના દ્વારા તેણે પિતા પર લખાયેલ પુસ્તકને મળવાની અને ભેટ આપવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. થોડા દિવસો પછી, લખનૌના પ્રચારક રમેશ દ્વારા એક સંદેશ આવ્યો અને



કહેવામાં આવ્યું કે મોહન ભાગવત પુસ્તકનું લોકાર્પણ કરશે. પરમવીર ચક્ર વિજેતાની જન્મજયંતિ ૧લી જુલાઈના રોજ ઉજવવામાં આવશે. આ દરમિયાન પુસ્તકનું લોકાર્પણ પણ કરવામાં આવશે. બે વખત ભાબારામ મઠ ગાઝીપુર ગયેલા મોહન ભાગવતે તેમને ફોન કરીને મળ્યા હતા. તેમના ઘણા વિચારોને ઊંડાણપૂર્વક સમજ્યા અને તેમનાથી પ્રભાવિત પણ થયા. ઝૈનુલના જણાવ્યા અનુસાર, પુસ્તક ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ અને પરમવીર ચક્ર વિજેતાની બહાદુરી વિશે લખવામાં આવ્યું છે. એવું કહેવામાં આવ્યું છે કે વીર અબ્દુલ હમીદે પાકિસ્તાનની પેટર્ન ટેંક્રને નષ્ટ કરીને યુદ્ધનો પલટો ફેરવી દીધો હતો.

લીંબડી હાઈવે પર બનેલી કરૂણાંતિકા

# ડમ્પર-ટ્રક વચ્ચે અકસ્માત બાદ ટ્રકમાં આગ લાગતા પિતા-પુત્ર ભડથું થઈ ગયા

## અકસ્માતમાં ઘવાયેલ યુવાને સારવારમાં દમ તોડી દીધો

સુરેન્દ્રનગર, તા.૩૦

લીંબડી-અમદાવાદ હાઈવે પર ભલગામડા સર્કલ પાસે ડમ્પરચાલકે પાછળથી ટ્રકને ટક્કર મારતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતના બનાવની જાણ થતાં લીંબડી પોલીસ ટીમ તેમજ પાલિકાની ફાયર ફાયટર ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરની ટીમે આગને બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આ ગોઝારી ઘટનામાં પિતા-પુત્ર આગમાં ભડથું થઈ ગયા હતા. અકસ્માતમાં ઘવાયેલા યુવાને સારવારમાં દમ દોડી દીધો હતો. વિગતો મુજબ, લીંબડી હાઈવે પર ડમ્પર અને ટ્રક વચ્ચે અકસ્માત બાદ ટ્રકમાં ભયાનક આગ લાગી હતી. જેને પગલે ધ બર્નિંગ ટ્રકને જોવા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. આ ઘટનાના પગલે હાઈવે પર ભારે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. લીંબડી પાલિકાની ફાયર ફાઈટર ટીમે ઘટનાસ્થળે પહોંચી આગને બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. બેથી ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં ટ્રક ડ્રાઈવર સહિત અન્ય એક વ્યક્તિ બળીને ખાખ થઈ જતાં બંનેના મોત નીપજ્યા હતા. આ ઘટનામાં દ્વારકા રહેતા આમીનભાઈ આદમભાઇ હાકડા (ઉં.૧૮) અને તેમના પિતા આદમભાઇ મહંમદભાઈ હાકડા(ઉં.વ.૪૫)નું જીવતા સળગી જતા કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે ત્યાં અકસ્માતમાં ઘવાયેલા વ્યક્તિને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પિતા પુત્ર બાજરો ભરી પરત ફરતા હોવાનું સામે આવ્યું છે. આદમભાઈને સંતાનમાં ત્રણ છે તેમજ પોતાનો ટ્રક લઇ બાજરો ભરવા ગયા હતા. અકસ્માતની ઘટનામાં ઘવાયેલા પવનકુમાર ઈન્દ્રમોહન ઝા(ઉં.વ.૩૪)નું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

કપૂરાઈ પોલીસે વાનચાલક સામે ગુનો નોંધ્યો

# ડભોઈ રોડ પર રોંગ સાઈડે જતી સ્કૂલ વાન ટેમ્પો સાથે અથડાઈ, એક વિદ્યાર્થીને ઈજા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૩૦

વડોદરા શહેરમાં સ્કૂલ વાન ચાલકો સુધરવાનું નામ લેતા નથી. તરસાલી વિસ્તારમાં થોડા દિવસ પહેલા વાનનો દરવાજો ખુલ્લો રહી જતા બે વિદ્યાર્થિની નીચે પટકાતા ઈજા થઇ હતી. જ્યારે આજે ડભોઇ રોડ પર ૧૨થી ૧૩ બાળકોને લઈને રોંગ સાઈડ પૂરઝડપે જતા વાન ચાલકે અકસ્માત કરતા એક વિદ્યાર્થીને માથામાં ઈજા પહોંચી હતી.

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના ઉમરાળા ગામે રહેતા હિરાભાઈ રૂપાભાઈ ભાડકા આયશર ગાડી ચલાવે છે. કપુરાઇ પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત તા. ૨૮મી એ ગોંડલ એપીએમસી માર્કેટમાંથી ચણા ભરી વડોદરા ચોખંડી માર્કેટ ખાતે ખાલી કર્યા હતા. ત્યારબાદ શહેરમાંનો એન્ટ્રી શરુ થતા હું મારી ગાડી સાઈડ પર પાર્ક કરી સૂઈ ગયો હતો. બપોરે એક વાગ્યે નો એન્ટ્રી ખૂલી જતા હું મારા વતન જવા માટે નીકળ્યો હતો. સોમા તળાવ ચાર રસ્તા પસાર કરીને હું આગળ જતો હતો. બપોરે દોઢ વાગ્યે કપુરાઇ અર્બન હેલ્થ સેન્ટરની સામેથી પસાર થતો હતો. તે સમયે સામેથી રોંગ સાઈડ પર એક સ્કૂલ વાન પૂરઝડપે આવી હતી. આ સ્કૂલ વાન મારી ગાડીના આગળના ભાગે અથડાઈ હતી. સ્કૂલ વાનમાં બેસેલા ૧૨ થી ૧૩ બાળકો પૈકી ૧૦ વર્ષના બાળકને માથામાં ઈજા થતા તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવતા તેના માથામાં ત્રણ ટાંકા આવ્યા હતા. કપુરાઇ પોલીસે આ અંગે ગુનો દાખલ કરી સ્કૂલ વાનના ચાલક રામકરણ શ્રીરામભાઈ સરોજ ( રહે. હનુમાન ટેકરી, ડભોઇ રોડ)ની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ દ્વારા વાન ચાલકનું ડ્રાઈવિંગ લાયસન્સ રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# અંકલેશ્વર ઉદ્યોગ મંડળની ચૂંટણીમાં સતારૂઢ સહયોગ પેનલને આંચકો : વિકાસ પેનલના પાંચ સભ્યોનો વિજય

અંકલેશ્વર, તા.૩૦

એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત અંકલેશ્વર ઉદ્યોગ મંડળની ચૂંટણીનું પરિણામ ગત મોડી રાત્રે જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં સત્તારૂઢ સહયોગ પેનલે પરિણામમાં આંચકો સહન કરવાનો વારો આવ્યો છે.



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર ઉદ્યોગ મંડળના મેનેજીંગ કમિટીના જનરલ કેટેગરીના આઠ સભ્યો માટે યોજાયેલી ચુંટણીમાં સતારૂઢ સહયોગ પેનલને પરિણામમાં આ વર્ષે પણ આંચકો સહન કરવો પડ્યો હતો. ગત મોડીરાત્રે આવેલા પરિણામને અંતે કુલ આઠ સભ્યો પૈકી હરીફ વિકાસ પેનલના પાંચ સભ્યોનો ભવ્ય વિજય થયો હતો જ્યારે સતારૂઢ સહયોગ પેનલના ત્રણ જ સભ્યો વિજયી નીવડતા અંકલેશ્વરના ઉદ્યોગ આલમમાં સોંપો પડી ગયો હતો. આ પરિણામને પગલે હવે અંકલેશ્વર ઉદ્યોગ મંડળના કુલ ૩૦ મેનેજીંગ કમિટીના સભ્યો પૈકી વિકાસ પેનલના સભ્યોની કુલ સંખ્યા ૭ જેટલી થઇ જવા પામી હતી. વહીવટની શાસન ધુરા હજુ પણ સહયોગ પેનલના હાથમાં જ રહેશે પરંતુ કમિટીમાં વિરોધ પક્ષની સભ્ય સંખ્યા ૭ જેટલી થઈ ગઈ છે જે આગામી સમયમાં નિર્ણય લેવામાં સતારૂઢ પેનલ માટે શિરદર્દ સમા બની રહેશે. ગતરોજ આવેલા પરિણામોમાં વિકાસ પેનલના વિમલ જેઠવા, ડેનિશ ભૂત, ચંદુ અકબરી, બાબુભાઇ પટેલ, ભરત પટેલ જ્યારે સહયોગ પેનલના ધર્મેશ ડોબરીયા, નટુ પટેલ તેમજ દીપેન પટેલ વિજેતા ઘોષિત થયા હતા.

# હિંમતનગરમાં ભારતીય ટીમના વિજયની ફટાકડા ફોડી ઉજવણી કરાઈ

હિંમતનગર, તા.૩૦

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે T-૨૦ વર્લ્ડ કપની ફાઈનલ મેચ ગઈ કાલે રમાઈ હતી અને ભારતની બેટિંગ પૂર્ણ થયા બાદ સાઉથ આફ્રિકાની શરૂઆત ખરાબ રહી હતી પરતું મિડલ ઓર્ડર બેટ્સમેનો સારૂં રમતા ભારતની જીત અટવાઈ હતી. દરમિયાન ૧૫ ઓવર બાદ એક કેચએ આખી બાજી પલટી હતી અને સાઉથ આફ્રિકા ૭ રન થી T-૨૦ વર્લ્ડકપ ફાઈનલ મેચ હારી હતી. સાઉથ આફ્રિકાની હાર અને ભારતની જીતની ખુશી આખાય દેશમાં જોવા મળી હતી.



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

હિંમતનગરમાં શનિવારે રાત્રે ભારતનો વિજય થતા ઠેર-ઠેર રોડ પર ફટાકડા ફૂટવાના શરૂ થયા હતા એટલું જ નહિ ખુશી વ્યક્ત કરતા ક્રિકેટ રસિયાઓ વાહનો સાથે તિરંગા લઈને રોડ કીકીયારીઓ પાડતા જોવા મળ્યા હતા.એક તરફ બુમાબુમ અને બીજી તરફ ફટાકડાનો અવાજ સાંભળવા મળ્યો હતો. હિંમતનગરના મહાવીરનગરમાં ચાર રસ્તે ઉપરાંત ગાયત્રી મંદિર રોડ પર ક્રિકેટ રસીયાઓનો જમાવડો અને ભીડ જોવા મળી હતી. શહેરીજનો પર વાહનો લઈને ઉજવણીમાં જોડાવવા માટે આવી પહોચ્યા હતા. તો કાર અને તિરંગા સાથે વાહનોની ક્રિકેટ રસિયાઓએ રેલી કરી હતી. ઉજવણીને લઈને ઠેર ઠેર રોડ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો.

ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક નડિયાદના નવનિર્મિત બિલ્ડિંગ સરદાર પટેલ સહકાર ભવન ખુલ્લું મુકાયું

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે વર્ચ્યુઅલ અને રાજ્ય સરકારના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં લોકાર્પણ સમારંભ સંપન્ન





નડિયાદ, તા.૩૦

સહકાર ક્ષેત્રે રાજ્યભરમાં સુપ્રસિદ્ધ ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડિયાદના નવનિર્મિત ભવ્ય મકાનનું કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિતભાઈ શાહે વર્ચ્યુલ લોકાર્પણ કર્યું હતું. આ અવસરે કેડીસીસી બેંકની ૭૬મી વાર્ષિક સાધારણ સભા પણ યોજાઈ હતી

નડિયાદના બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, યોગીફાર્મ, નડિયાદમાં રાજ્ય સરકારના સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ અને નાફેડના ચેરમેન જેઠાભાઇ આહીર, અમુલ ડેરીના ચેરમેન વિપુલભાઈ પટેલ, નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ, ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ અજયભાઈ બ્રહ્મભટ્ટ, કેડીસીસી બેંકના ચેરમેન તેજસભાઈ પટેલ, કેડીસીસી બેંકના પૂર્વ ચેરમેન અને સહકારી અગ્રણી ધીરૂભાઈ ચાવડા, એપીએમસી ચેરમેન અપૂર્વભાઈ પટેલ મહુધા ના ધારાસભ્ય સંજયભાઈ મહિડા, વાઇસ ચેરમેન રાજેન્દ્રસિંહ પરમાર, ડિરેક્ટર ભદ્રેશ શાહ, આણંદ જિલ્લા સહકારી સંઘ ચેરમેન રજનીકાંત પટેલ, ખેડા જિલ્લા સહકારી સંઘના ચેરમેન જયેશ પટેલ, એનસીડીસી ચેરમેન સંજયકુમાર, મહેસાણા સહકારી બેંક ચેરમેન વિનોદભાઈ, ખેડા જિલ્લા રજિસ્ટ્રાર સ્તુતિ રાવલ સહિત ખેડા, આણંદ જિલ્લાના ધારાસભ્યો, સહકારી અને રાજકીય ક્ષેત્રના અનેક અગ્રણીઓની ઉપસ્થિતિમાં બેંકના નવનિર્મિત મકાનનો લોકાર્પણ સમારંભ યોજાયો હતો.

આ પ્રસંગે નડિયાદ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામી સર્વમંગલ મંગલ સ્વામીએ આશીર્વચન પાઠવી કેડીસીસી બેંકની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી હતી. બીએપીએસ મંદિરના સંતો ભગવદચરણ સ્વામી, ગુણનીધી સ્વામી ઉપસ્થિત રહ્યા હતા. બેંકના ડિરેકટર ભદ્રેશભાઈ શાહે બેંકની ૭૫ વર્ષની વિકાસરેખાની રૂપરેખા રજૂ કરી હતી. બેંકની સાધારણ સભામાં એજેન્ડા પરના કામો સર્વાનુમતે મંજૂર કરાયા હતા.કેડીસીસી બેંકના ચેરમેન તેજસભાઈપટેલે સ્વાગત પ્રવચન કરી બેંક વિશે જણાવ્યું હતું કે બેંકના સ્વભંડોળમાં રૂા. ૧૬.૭૭ કરોડ જેટલા વધારે થયેલ છે. બેંકની થાપણોમાં રૂા. ૩૫૫.૫૨ કરોડનો વધારો થયેલ છે. બેંકના ધિરાણમાં રૂા. ૨૮૯.૩૭ કરોડનો વધારો થયેલ છે.બેંકનો કાચો નફો રૂા. ૫૧/- કરોડ થયેલ છે. તથા ચોખ્ખો નફો રૂા. ૩૧/- કરોડ થયેલ છે.બેંકના ઈતિહાસમાં આજ સુધીનું સર્વોત્તમ ડિવિડન્ડ ૧૫% જાહેર કરેલ છે.

બેંક દ્વારા 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર પાયલોટ પ્રોજેક્ટ" હેઠળ ૯૦૦ જેટલી દૂધ મંડળીઓ બેંકની સાથી બની છે

આ પ્રસંગે બેંકના નવનિર્મિત મકાન સરદાર પટેલ સહકાર ભવનના લોકાર્પણ સહિત લૉન મેનેજમેન્ટ સિસ્ટીમ, ડોક્યુમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ, પપેરલેસ બેક્રિંગ સહિત કસ્ટમ કેર સર્વિસ સેંટરનું લોકાર્પણ કર્યું હતું.

ગુજરાત વિધાન સભાના અધ્યક્ષ જેઠાભાઈ આહિરે જણાવ્યું હતું કે સહકારથી સમૃદ્ધિ તરફ દેશને લઈ જવાનો કેન્દ્રીય સહકારીતા મંત્રી અમિતભાઇ શાહે જે સંદેશો આપ્યો છે તે તરફ આપણે સહુ કાર્યશીલ રહીએ. સહકારી ક્ષેત્ર સર્વાંગી વિકાસમાં સહભાગી બની રહ્યું છે.

આ પ્રસંગે અતિથિ વિશેષ જગદીશભાઈ વિશ્વકર્માએ પણ બેંકની પ્રગતિથી પ્રભાવિત થઈ પ્રસંગ અનુરૂપ પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિતભાઇ શાહે વર્ચ્યુલ સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના જે જિલ્લામાં સહકારી બેંકની પ્રવુતિ શરૂ થઈ હતી. તે જિલ્લો ખેડા જિલ્લો છે. કેડીસીસી બેક્ર એક નવી સુવિધા સાથે નવો ચીલો ચાતર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પહેલીવાર સહકારીતા મંત્રાલય શરૂ કર્યું હતું. જેના લીધે ગુજરાત સહિત દેશભરમાં સહકારી ક્ષેત્ર વિકાસની દિશામાં હરણફાળ ભરી છે. કેડીસીસી બેંકની આર્થિક પ્રગતિ પણ નોંધપાત્ર રહી છે. સહકારી ક્ષેત્રના સહકારથી જ સહકારી સંસ્થાઓ નભી શકે તેમ છે. નડિયાદ સરદાર વલ્લભાઈ પટેલની જન્મભૂમિ છે. આણંદની અમુલ ડેરી પણ સહકારી ક્ષેત્રનું ગૌરવવંતુ એકમ છે. આવો આપણે સહુ સહકારથી રાષ્ટ્રીના વિકાસની દિશા તરફ આગળ વધીએ.

નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, કેડીસીસી બેક્ર તેમના હોદ્દેદારોની કોઠાસૂઝ અને વિશ્વસનીયતાને લીધે પ્રગતિ કરી રહી છે. વર્તમાન સમયની માંગને લઈ બેંક અત્યાધુનિક ટેકનોલોજી બેંક અપનાવી રહી છે તે ખૂબ આવકારદાયક બાબત છે. અમૂલ ડેરીના ચેરમેન વિપુલભાઈ પટેલે બેંક દ્વારા ડિવિડન્ડમાં થતા વધારાને આવકારદાયક હોવાનું લખાવ્યું હતું. અંતમાં આભારવિધિ બેંકના વાઇસ ચેરમેન રાજેન્દ્ર પરમારે કરી હતી.

# ગુજરાત રાજ્ય રાઈફલ શૂટિંગ સ્પર્ધામાં ઝંઘાર ગામના યુવકે સિલ્વર મેડલ મેળવ્યો

ભરૂચ, તા.૩૦

હાલમાં ગુજરાતમાં ૬૦મી ગુજરાત રાજ્ય રાઈફલ શૂટિંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સમગ્ર ગુજરાત રાજ્યમાંથી લગભગ ૧,૨૦૦ જેટલા સ્પર્ધકોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભરૂચ જિલ્લાના ઝંઘાર ગામનો યુવાન શોએબ અબ્દુલ પટેલ પણ એક સ્પર્ધક હતો. જેણે પોતાની રમત દરમ્યાન ૬૦૦માંથી ૫૮૫ અંક મેળવી સ્પર્ધામાં બીજા ક્રમાંકે રહી સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો. તેની આ સફળતાને લીધે તેમના કુટુંબ, તેના વતન અને ભરૂચ જિલ્લામાં હર્ષ છવાઈ




ગયો છે. તેમને આ રમત માટે તેના માતા- પિતા સહિત કુટુંબ અને ગ્રામજનોનો સારો સહયોગ પ્રાપ્ત થયો છે. હવે પછીનું તેનું લક્ષ્ય રાષ્ટ્રીય સ્તરે મેડલ પ્રાપ્ત કરવાનું છે.

ગુજરાત સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશીપમાં

# લુણાવાડાની શૂટિંગ એકેડમીના ચાર શૂટરોએ ભાગ લીધો



લુણાવાડા, તા.૩૦

60th ગુજરાત સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૪ જે રાઈફલ ક્લબ, અમદાવાદ ખાતે યોજાઈ હતી. તેમાં મહીસાગર જિલ્લા લુણાવાડામાં આવેલ જિલ્લાની સર્વ પ્રથમ અને એકમાત્ર ક્રિસ્ટલ શૂટિંગ એકેડમીના ૪ શુટરોએ ભાગ લીધો હતો. તેમાંથી ૧૦ મીટર એર રાઈફલમાં અક્ષરા જૈનેન્દ્ર ચૌહાને ૪૦૦માંથી ૩૫૩નો સ્કોર કર્યો અને ૧૦ મીટર એર પિસ્તોલમાં ભાર્ગવકુમાર અમરીશકુમાર પંડ્યાએ ૪૦૦માંથી ૩૪૭નો સ્કોર કરીને ગુજરાત સ્ટેટ ચેમ્પિયનશિપ ક્વોલીફાઈડ કરેલ છે. હવે આ બંને શૂટર પ્રિ-નેશનલમાં ભાગ લેશે. જે મહીસાગર જિલ્લા અને લુણાવાડા ગામ માટે ગર્વની બાબત છે. ક્રિસ્ટલ શૂટિંગ એકેડમીના સંચાલક અને કોચ બ્રિજેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ૧૫થી વધારે શૂટરો(ખેલાડીઓ) ડિસ્ટ્રિક્ટ, સ્ટેટ, પ્રિ નેશનલ અને નેશનલ લેવલનીની ટ્રેનિંગ લઈ રહ્યા છે.

# અંગાડી પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી-શાળા પ્રવેશોત્સવ યોજાયો



નડિયાદ, તા.૩૦

ગલતેશ્વર તાલુકાના ગામ અંગાડી ખાતે આવેલ પગાર કેન્દ્ર પ્રાથમિક શાળા નેપાલ પુરા ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનું આયોજન ઠાસરાના પ્રાંત અધિકારી પૂનમબેન પરમારના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ હતું જેમાં મુખ્ય મહેમાન તરીકે ગલતેશ્વર તાલુકાના મામલતદાર મીનાબેન. એમ.મેઘા, નાયબ મામલતદાર મહેસુલ પ્રદીપભાઈ પરમાર, સર્કલ ઓફિસર ઈમરાન ભાઈ, સંદીપભાઈ પટેલ બી.આર.સી અને. સી.આર.સી વિજયસિંહ રાઠોડ, આંગણવાડીના મુખ્ય સેવિકા ડિમ્પલબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. બાળકોને શૈક્ષણિક કિટ, બેગ, ચોપડા અને ગિફ્ટ આપી ઉપસ્થિત મહાનુભવોના હસ્તે પ્રવેશ આપવામાં આવ્યો હતો અને શાળામાં પ્રથમ નંબર પાસ થનાર બાળકોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના અગ્રણી મહેબૂબ મીયા.યુ.શેખ, ચતુરભાઈ રોહિત, ઈશ્વરભાઈ રોહિત, સલીમ મિયા શેખ, સાગરભાઈ પટેલ, પૂર્વ એસએમસી અધ્યક્ષ અને પત્રકાર યાસીનભાઈ શેખ, કિરીટભાઈ પટેલ, તલાટી મહેશભાઈ પરમાર વગેરે હાજર રહ્યાં હતાં.

# ફિલ્ડ રિપોર્ટર્સ પાલનપુરનો ૧૬મો પદગ્રહણ સમારોહ "ગુરૂ"ના અધ્યક્ષ સ્થાને યોજાયો

## લોકશાહીમાં ચોથી જાગીરની અહમ્ ભૂમિકા : ધારાસભ્ય અનિકેત ઠાકર

પાલનપુર, તા.૩૦

સામાજિક દાયિત્વની નેમ સાથે ફિલ્ડમાં કાર્યરત પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના જાગૃત પત્રકારમિત્રોના સંગઠન ફિલ્ડ રિપોર્ટર્સ, પાલનપુરનો ૧૬મો પદ ગ્રહણ સમારોહ પાલનપુરની જી.ડી.મોદી કોલેજના પૂર્વ કેમ્પસ ડાયરેકટર "વિદ્યા વાચસ્પતિ" ગીરીશ ભાઈ ઠાકર(ગુરૂ)ના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં "ગુરૂ"એ ટીમ ફિલ્ડ રિપોર્ટર્સને શપથ ગ્રહણ કરાવ્યા હતા. જ્યારે પાલનપુરના ધારાસભ્ય અનિકેત ઠાકરે પદ ગ્રહણ વિધિ સંપન્ન કરાવી હતી. ફિલ્ડ રિપોર્ટર્સ, પાલનપુરના પદ ગ્રહણ સમારોહના પ્રારંભમાં પ્રાર્થના, દીપ પ્રગટાવી બાદ શાબ્દિક સ્વાગત મહામંત્રી નરેશ ચૌહાણે કર્યું હતું. જ્યારે કાર્યક્રમના અધ્યક્ષ ગીરીશભાઈ ઠાકર(ગુરૂ) અને મુખ્ય મહેમાન પાલનપુરના ધારાસભ્ય અનિકેત ઠાકર, પ્રમુખ સંજય અને મહામંત્રી નરેશ ચૌહાણનું પુષ્પગુચ્છ, શાલ ઓઢાડી મોમેન્ટો આપી સ્વાગત કરાયું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના સ્થાપક "વિદ્યા વાચસ્પતિ" ગીરીશ ભાઈ ઠાકરે મહાભારતના 'સંજય' અને 'નારદજી' સહિત આઝાદીની ચળવળમાં પત્રકારોની અહમ ભૂમિકા પર પ્રકાશ પાડતા તલવાર કરતા કલમની તાકાત વધુ હોઈ પત્રકારોને સમાજ કલ્યાણ માટે સત્યની ઉપાસના કરવા પર ભાર મુક્યો હતો. જ્યારે મુખ્ય મહેમાન પાલનપુરના ધારાસભ્ય અનિકેત ઠાકરે લોકશાહીમાં ચોથી જાગીરની અહમ ભૂમિકા હોવાનું જણાવી તેઓએ ફિલ્ડ રિપોર્ટર્સની સામાજિક દાયિત્વની પ્રવૃત્તિને બિરદાતા ટીમ ફિલ્ડ રિપોર્ટર્સને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે પ્રમુખ સંજય જોશીએ જણાવ્યું હતું કે, લોકશાહીનો ચોથો સ્થંભ ગણાતા પત્રકાર મિત્રો પણ સમાજનું અભિન્ન અંગ છે. ત્યારે ફિલ્ડ રિપોર્ટર્સ, પાલનપુર સામાજિક દાયિત્વ નિભાવવાની નેમ સાથે પત્રકારત્વના નૈતિક મૂલ્યોના જતન અર્થે કાર્યરત છે.આ પ્રસંગે "ગુરૂ"એ ટીમ ફિલ્ડ રિપોર્ટર્સના પ્રમુખ સંજય જોશી અને મહામંત્રી નરેશ ચૌહાણ સહિતની ટીમને શપથ ગ્રહણ કરાવ્યા હતા.




જ્યારે ધારાસભ્ય અનિકેત ઠાકરએ ટીમ ફિલ્ડ રિપોર્ટર્સને સ્મૃતિ ચિન્હ આપી પદ ગ્રહણ કરાવ્યું હતું. કાર્યક્રમના અંતમાં આભારવિધિ ફિલ્ડ રિપોર્ટર્સના ખજાનચી નિરંજન ઠાકરે કરી હતી. જ્યારે સફળ સંચાલન જાગૃતિબેન મહેતાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં પાલનપુરના પ્રતિષ્ઠિત અગ્રણી ઓ, પ્રબુધ્ધ નાગરિકો, ફિલ્ડ રીપોર્ટસ પાલનપુરના સભ્યો સહિત પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

હિંમતનગરના મોતીપુરા ખાતે આવેલ

# દિવ્યાંગ બાળકોની સંસ્થામાં શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોસવ યોજાયો




(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

હિંમતનગર, તા.૩૦

ગુજરાત સરકારની સૂચના અનુસાર ૨૮/૬/૨૦૨૪ને શુક્રવારના રોજ સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત માનસિક દિવ્યાંગ બાળકોની સંસ્થા મોતીપુરા, હિંમતનગર ખાતે નવા બાળકોને શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવવામાં આવ્યો જેમાં ૯ માનસિક દિવ્યાંગ બાળકો અને ૫ માનસિક દિવ્યાંગ દીકરીઓને પ્રવેશ કરાવવામાં આવ્યો. આ પ્રસંગે સરકાર તરફથી સમાજ સુરક્ષા અધિકારી મહેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા તથા નગરપાલિકાના ઉપપ્રમુખ સવજીભાઈ ભાટી કારોબારી અધ્યક્ષ જીનલબેન પટેલ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ.વી.એ. ગોપલાણી તેમજ સંસ્થાના ટ્રસ્ટી ડૉ.નટુભાઈ પટેલ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્થાના વહીવટી સંચાલક જીતુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું. મેહુલભાઈ પટેલ વડવાસા દાતા તરફથી બાળકોને આઇસ્ક્રીમ ખવડાવવામાં આવ્યું હતું. આ તબક્કે સ્પેશિયલ ખેલ મહાકુંભની રાજ્યકક્ષાની સ્પર્ધામાં વિજેતા બાળકોનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

# માત્ર ૭ ઈંચ વરસાદે જ સ્માર્ટ સિટીની હાલત ખરાબ કરી નાખી

## શહેરમાં ઠેર-ઠેર પાણી ભરાતા લોકોને ભારે હાલાકી પડી

અમદાવાદ,તા.૩૦ રાજયમાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી રહી છે. ૧૯૦ તાલુકાઓમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે રવિવારે બપોર બાદ પડયો હતો. રવિવારે અમદાવાદ શહેરમાં બપોર પડતા જ મેઘરાજા શાહી સવારી આવી પહોંચી હતી. આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા બાદ વરસાદ શરૂ થયો હતો. ભારે કર્મચારી ક્યાંય દેખાયા નહોતા. વરસાદને પગલે વૈષ્ણોદેવી ટોલનાકાથી લઈને ત્રાગડ ટનલ સુધીનો બે કિલોમીટર સુધી એક સાઈડનો રોડ બ્લોક થઈ ગયો હતો. ત્રાગડ ટનલમાં પાણી ભરાતા વાહનની અવરજવર બંધ થઈ હતી, જેના કારણે ટ્રાફીકજામ સર્જાયો હતો. અંદાજે બપોરના બે વાગ્યાથી મોડે સુધી વરસાદ છે. પૂર્વ વિસ્તારમાં નરોડામાં પાંચ ઈંચ વરસાદ પડ્યો છે. ચાર કલાકથી અમદાવાદમાં અવિરત વરસાદ પડયો હતો. જેના પગલે ઠેર ઠેર અનેક વિસ્તારમાં પાણી ભરાયા હતા અને મોડી સાંજ સુધી પાણી ઓસર્યા ન હતા. ઉમા ભવાની અંડરપાસ પાંચ કલાક પછી ચાલુ કરી શકાયો નથી. અંડરપાસમાંથી અને સોનલ સિનેમા રોડ પર પાણી ભરાઈ ગયા હતા. લોકોને વરસાદી પાણીમાંથી પસાર થવું પડ્યું હતું. વર્ષોથી શ્રીનંદન નગરની બહાર પાણી ભરાય છે તેમ છતાં પણ તેનો ઉકેલ લાવવામાં આવ્યો નથી. તો ચેનપુરથી જગતપુર જવાના રોડ પર ચાચા ચૌધરી કેફે નજીક વરસાદી પાણી ગટરમાંથી બેક મારતા હોવાના પાણી ભરાયા સ્વીમિંગ પુલનું નિર્માણ થયું હતું. જશોદાનગર ખારીકટ કેનાલમાં પાણી બેક માર્યું હતું. જયારે એસજી હાઈવે પર વિઝીબિલીટીનું દશ્ય જોવા મળ્યું હતું. આ ઉપરાંત ગોતામાં વૃંદાવન હાઈટ ચાર રસ્તા પાસે બે એમટીએસ બસ ખાડામાં ફસાઈ ગઈ છે. પોલાણવાળી માટી હોવાના કારણે બંને બસોનો આગળનો ભાગ અંદર

## રોડ-રસ્તા પર નદીઓ વહેતી હોય તેવા દૃશ્યો સર્જાયા

મેઘરાજાએ સટાસટી બોલાવી હતી. જેને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

અમદાવાદ શહેરમાં અનેક સ્થળોએ તો માત્ર એક ઈંચ વરસાદ પડતાની સાથે જ રાણીપ, ચાંદખેડા ioc રોડ, ત્રાગડ રોડ, ડી કેબીન સાબરમતી જવાહર ચોક રોડ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. તેમજ વિઝીબીલીટી પણ ઘટી જવાથી વાહન ચલાવવામાં


વેજલપુર


વટવા


જુહાપુરા- સંકલિતનગર



જુહાપુરા

અમદાવાદ શહેરમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. કાળા ડિબાંગ વાદળો સાથે આવી ચઢેલી મેઘસવારીએ અમદાવાદમાં દે ધનાધન કરતા માત્ર ચારથી પાંચ કલાકમાં જ અનેક વિસ્તારોમાં ૭થી ૨ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. તો એએમસીનો પ્રિ-મોન્સુન પ્લાન બરોબરનો ધોવાઈ ગયો હતો. જયારે વાહનચાલકો સહિતના લોકોને ભારે હાલાકીનો સામનો કરવો વરસાદના કારણે કેટલાક વિસ્તારમાં ગોઠણ સમાં પાણી ભરાયાં છે. તો કેટલાક વિસ્તારમાં રોડ પર નદીઓ વહી હતી. તો બીજી તરફ વરસાદી માહોલ વચ્ચે AMCના કર્મચારીઓ સાધનો વાહનચાલકો અટવાયા હતા. બપોરના ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધીમાં એટલે કે ચાર કલાકમાં શહેરમાં સરેરાશ સવા બે ઈંચ જેટલો વરસાદ પડ્યો છે સૌથી વધારે વરસાદ પશ્ચિમ વિસ્તારમાં ગોતા અને પાણી બહાર નીકળી ન શકતા ચાલુ કરવામાં આવ્યો નથી. મ્યુનિ. કોર્પો.ના ઉત્તર પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીઓના ધ્યાન દોરવા છતાં પણ મોડે સુધી પાણીનો નિકાલ કરાયો ન હતો જેના દ્રશ્યો સામે આવ્યા હતા. એક તરફનો આખો રોડ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને બંધ કરવો પડ્યો હતા. સ્માર્ટ સિટી કહેવાતા અને કરોડો રૂપિયાના ખર્ચે વિકાસ કર્યો હોવાના દાવા કરતા ફસાઈ ગયો હતો.

ગોતા અને સાયન્સ સિટીમાં ૪ કલાકમાં એટલે કે બપોરના ૧૨થી ૪ વાગ્યા સુધીમાં ૭ ઈંચ, બોપલમાં ૪ ઈંચ, નરોડામાં ૪ ઈંચ, ચાંદખેડા, સરખેજ, ચાંદલોડિયામાં ૩ વિવિધ વિસ્તારો ગોઠણ સમા પાણી ભરાતા વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે. પાણી ભરાઈ જવાના કારણે વાહનો બંધ પડી જતા હતા. છે. લોકો પોતાના વાહનોને ધક્કા મારી મારી પણ મુશ્કેલી પડી રહી છે.

અમદાવાદમાં પ્રિમોન્સૂન કામગીરીના ધજાગરા ઉડતા હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. પ્રેમચંદ નગર પાસે નવી ગટર લાઈન નાખી છતાં પણ પાણી ભરાયા છે. શહેરમાં ગટર લાઈનો હવે બેક મારવાની શરૂઆત થઈ છે. તો મ્યુનિસિપલ કોર્પોરેશનની વરસાદમાં કામગીરી માટેની મોટી મોટી વાતો વચ્ચે ક્યાંય પણ કોર્પોરેશનના કર્મચારીઓ ગટરના ઢાંકણા ખોલવા માટે દેખાયા ન હતા ત્યારે સ્થાનિકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળ્યો હતો.

## એએમસીનો પ્રિ-મોન્સુન પ્લાન પાણીમાં ગરકાવ

સાથે હાજર રહેશે તેવી મોટી મોટી વાતો ઈજનેર વિભાગના અધિકારીઓ અને ભાજપના સત્તાધીશો દ્વારા કરવામાં આવી હતી, પરંતુ આજે વરસાદની વચ્ચે એક પણ સાયન્સ સીટી વિસ્તારમાં સાત ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે બોપલ વિસ્તારમાં સાડા છ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. ચાંદખેડા અને ચાંદલોડિયા વિસ્તારમાં ચાર ઈંચ પડ્યો કારણે વાહન ચાલકોને હાલાકી પડી હતી.

વેજલપુર શ્રી નંદનગર પાસે દર વર્ષે ૨ ઈંચથી વધુ વરસાદ પડતાની સાથે જ પાણી ભરાઈ જાય છે. શ્રી નંદનગર

## અનેક જગ્યાએ ભારે ટ્રાફિકજામના દશ્યો

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રની બેદરકારી શહેરમાં પડેલા માત્ર સરેરાશ ૨થી ૩ ઈંચ વરસાદે ખોલી દીધી છે. ગોતા વૃંદાવન હાઈટસ ૪ રસ્તા પાસે વરસાદી ઈંચ, ઉસ્માનપુરા બે ઈંચ વરસાદ નોંધાયો છે. શહેરમાં સવારે ૧૧ વાગ્યા સુધી વાદળછાયું વાતાવરણ હતું. પરંતુ વરસાદનું આગમન નહોતું થયું.પરંતુ બપોર બાદ અને લઈ જતા નજરે પડ્યા હતા. ત્રાગળ અંડર બ્રિજમાં પાણી ભરાઈ જતા બંધ કરવો પડ્યો છે. ગોતા વિસ્તારમાં બે કલાકના વરસાદમાં રોડ પર નદીઓ વહી હતી. શહેરના ન્યુ

# શહેરમાં ભારે વરસાદ પડતા વાસણા બેરેજના ચાર દરવાજા ખોલાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦ અમદાવાદ શહેરની સાબરમતી નદીની જળ સપાટી પણ વધી રહી છે. જેના લીધે વાસણા બેરેજના ૪ દરવાજા ખોલવામાં આવ્યા છે. ૪ દરવાજા ૩ ફૂટ ખોલવામાં આવ્યા છે અને ૭૧૨૪ ક્યુસેક પાણીનો નિકાલ કરાઇ રહ્યો છે. શહેરમાં બપોર પડતા જ કાળા ડિબાંગ વાદળો છવાયા બાદ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. ભારે વરસાદના

### ૭૧૨૪ ક્યુસેક પાણીનો નિકાલ

કારણે કેટલાક વિસ્તારમાં ઘુંટણ સમાં પાણી ભરાયાં છે. તો કેટલાક વિસ્તારમાં રોડ પર નદીઓ વહી રહી છે. તો બીજી તરફ વરસાદી માહોલ વચ્ચે AMCના કર્મચારીઓ સાધનો સાથે હાજર રહેશે તેવી મોટી મોટી વાતો તંત્ર દ્વારા કરવામાં આવી હતી, પરંતુ આજે વરસાદની વચ્ચે એક પણ કર્મચારી ક્યાંય દેખાયા નહોતા. અમદાવાદમાં બપોરે ૧૨:૩૦ વાગ્યા બાદ ધોધમાર વરસાદ શરૂ થયો હતો. બપોરના ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધીમાં એટલે કે ચાર કલાકમાં શહેરમાં સરેરાશ સવા બે ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. સૌથી વધારે વરસાદ પશ્ચિમ વિસ્તારમાં ગોતા અને સાયન્સ સીટી વિસ્તારમાં સાત ઈંચ વરસાદ ખાબક્યો હતો. જયારે બોપલ વિસ્તારમાં સાડા છ ઈંચ જેટલો વરસાદ પડયો હતો

# પ્રથમ વરસાદમાં જ AMCનો પ્રિ-મોન્સુન પ્લાન ધોવાઈ ગયો



અમદાવાદ,તા.૩૦ ચોમાસુ આવે તે પહેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રિ-મોન્સુન કામગીરીના નામે કરોડો રૂપિયાનો ખર્ચ કરવાના દાવા કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે હજુ તો ચોમાસાનો આરંભ જ છે અને માત્ર ૭થી ૪ ઈંચ જેટલો જ વરસાદ પડયો છે. જેમાં પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ સર્જાયો છે. પ્રથમ વરસાદમાં જ એએમસીનો પ્રિ-મોન્સુન પ્લાન ધોવાઈ ગયો હોય તેવા અનેક દશ્યો સામે આવ્યા છે. સાત ઈંચ વરસાદ પડતા એસ.જી. હાઈવે પર ગોતા, સોલા, સાયન્સ સિટી, સિંધુભવન, જગતપુર સહિતના કેટલાક વિસ્તારોમાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. જયારે પ્રિ-મોન્સુન કામગીરીની વાતો કરનાર એએમસી તંત્ર કયાંય નજરે ચડયું ન હતું. ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણે રૂબરૂ આ વિસ્તારોની મુલાકાત લીધી હતી અને જળબંબાકારની સ્થિતિ વચ્ચે એએમસીની કામગીરી ફરી એકવાર તદન નિષ્ફળ નીવડી હોવાનું અનુભવ્યું હતું. ત્યારે જો અતિભારે વરસાદની સ્થિતિ સર્જાય તો શું થાય ? તે પ્રશ્નો પણ જળબંબાકારની સ્થિતિ જોયા બાદ થયા વગર રહેતો નથી.

### સ્માર્ટ સિટીને શરમાવે તેવો ભૂવો

# અમદાવાદના શેલામાં ૩૦ ફૂટથી પણ વધુ પહોળો ભૂવો પડ્યો !

### આખો ટ્રક સમાઈ જાય એટલા મોટા ભૂવાથી લોકો આશ્ચર્યચકિત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦ અમદાવાદ શહેરમાં ભારે વરસાદથી જળબંબાકાર થયુ છે. બોપલ, સાયન્સ સિટી, ગોતામાં ૭-૭ ઈંચ વરસાદ વરસ્યો છે. તો સરખેજ વિસ્તારમાં ૬ ઈંચ વરસાદ થતાં પાણી પાણી થયું છે. તો નરોડા વિસ્તારમાં ૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. જોધપુર અને ચાંદલોડિયામાં ૪-૪ ઈંચ વરસાદ નોંધાયો છે. ચાંદખેડા વિસ્તારમાં સાડા ૩ ઈંચ વરસાદ વરસ્યો છે. તો બોડકદેવ અને ઉસ્માનપુરામાં ૩ ઈંચ વરસાદ નોંધાયો છે. વરસાદથી અમદાવાદના શેલામાં વિશાળ ભૂવો પડ્યો છે. શેલામાં ભૂવો પડવાના દ્રશ્યો સામે આવ્યા છે. સ્કાય સિટી ચાર રસ્તા પાસે ૩૦ ફૂટ કરતા પણ વધારે પહોળો ભુવો જોઈ ભલભલા ચક્કર ખાઈ જાય. ડ્રેનેજ લાઈન કામ ચાલી રહ્યું હતું એ જ સમયે ભુવો પડ્યો છે. સ્થાનિકોએ ભૂવા પાસે બેરીકેટ કરી રસ્તો બંધ કર્યો છે. તો બીજી તરફ, ઓર્ચિડ



સ્કાય એક્ઝીટ ગેટ પાસેનો રસ્તો પણ બેસી ગયો છે. ઔડા દ્વારા ગટર લાઈન નાખવાનું કામ ચાલી રહ્યું હતું. ગત ચોમાસા બાદ જયાં ખોદકામ થયું હતું એવી જગ્યાએ જમીન બેસી જવાની શક્યતા દર્શાવી હતી. શેલામાં પડેલા ભૂવાએ લોકોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. તંત્રની પ્રી-મોન્સૂન કામગીરી ખાડામાં ગઈ તેનો પુરાવો છે. આ ઘટના તંત્ર સામે અનેક સવાલો પેદા કરે છે. તંત્રના અધિકારીઓને આ ભુવો કેમ નથી દેખાતો. રીંગ રોડ બહાર વિકસી રહેલા અમદાવાદમાં ઠેર ઠેર પાણી ભરાયા છે. શેલા અને ક્લબ ઓ સેવન રોડ પાણીમાં ગરકાવ થયો છે. સમત્વ બંગ્લોઝનો મુખ્ય ગેટ પાણીમાં તરબોળ બન્યો છે. કરોડોના બંગ્લોઝમાં રહેતા લોકો કેમ બહાર નીકળતા હશે તે મોટો સવાલ છે. રીંગ રોડથી ક્લબ ઓ સેવન સુધીનો સમગ્ર રસ્તો પાણીમાં ગરકાવ થયો છે. દર વર્ષે ચોમાસામાં આ પ્રકારની સ્થિતિનું નિર્માણ થાય છે.

# વરસાદને કારણે અમદાવાદથી ઉડાન ભરતી ૭૦ ફ્લાઈટ વિલંબિત થઈ

### વરસાદને કારણે વિજિબિલિટી ઘટી જતા ઉડાન ભરવું મુશ્કેલ બન્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦ અમદાવાદ શહેરમાં રવિવારે બપોરના સમયે વરસાદી માહોલ જામ્યો હતો. બપોર થતા જ સમગ્ર શહેરને મેઘરાજાએ ઘમરોળ્યું હતું. ત્યારે અમદાવાદથી દેશ વિદેશમાં જતા મુસાફરોને વરસાદી વિઘ્ન નડ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. કારણ કે અમદાવાદથી ઉડાન ભરીને દેશ વિદેશમાં જતી ૭૦ ફ્લાઈટ વિલંબિત થઇ છે. જેને કારણે હજારો મુસાફરો પોતાના ગંતવ્ય સ્થાન પર સમયસર પહોંચી શક્યા ન હતા. આજે શહેરમાં સરેરાશ ૫ ઈંચ જેટલો વરસાદ ખાબકતા શહેરીજનો ચોમાસાની શરૂઆતમાં જ પરેશાન થયા છે. વરસાદને કારણે વિજિબિલિટી પણ ઘણી ઘટી ગઈ હોવાથી વિમાન ઉડાન ભરી શકે તેવી સ્થિતિ ન હોવાને કારણે અનેક મુસાફરો વિલંબિત થયા હતા. અમદાવાદમાં બપોરના ૧૨ વાગ્યાથી શરૂ થયેલો વરસાદ અવિરત પણે ચાલુ રહેતા સાજના સમયે એટલે કે સૂર્યાસ્ત સમય શહેરમાં વિઝિબિલિટી ઘટી ગઈ હોવાથી અનેક ફ્લાઈટને તેની અસર થઈ હતી. તેથી સાંજના સમયે ઉડાન ભરતી અનેક ફ્લાઈટ ૨ કલાક કરતા પણ વધુ સમય માટે વિલંબિત થઇ હતી. આજે સવારે ૭:૩૫ કલાકે દિલ્હીથી અમદાવાદ આવતી ઈન્ડિગો એરલાઈન્સની એક ફ્લાઈટ રદ થઈ હતી. અમદાવાદમાં વરસાદને કારણે ફક્ત ડોમેસ્ટિક નહીં પરંતુ અનેક ઈન્ટરનેશનલ ફ્લાઈટ પણ વિલંબિત થઈ હતી. જેમાં દુબઈ શારજા અબુધાબી અને નજરથી આવતી વિવિધ એરલાઈન્સ જુદી જુદી ફ્લાઈટ ૧ કલાકથી લઈને ૩ કલાક જેટલા સમય માટે વિલંબિત થઇ હતી. આ ઉપરાંત અમદાવાદથી ઉડાન ભરીને મુંબઇ જઇ રહેલી ફ્લાઈટને મુંબઈ એરપોર્ટ ઉપર ઉત્તરાયણ કરવા માટેનું સિગ્નલ ન મળતા હવામાન ચાર ચક્કર લગાવ્યા બાદ તેના નિશ્ચિત સમય કરતાં ૪ કલાકના વિલંબ બાદ મુંબઈ જવા રવાના થઈ હતી અને સવારના ૧૧:૫૫ કલાકે મુંબઈ પહોચનાર ૧૮૦ મુસાફરો સાંજના ૪:૦૦ વાગ્યે મુંબઈ પહોંચ્યા હતા.

# ગાંધીનગરના સેક્ટર-૨માં ભૂવો પડતાં ભાજપના ઝંડા લગાવી સ્થાનિકોનો વિરોધ



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦ ગાંધીનગર રાજયનું પાટનગર છે, પણ આ ગાંધીનગરના શહેર અને ગ્રામ્ય વિસ્તારના લોકો અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં સાર્વત્રિક વરસાદ પડતા જ રોડ તૂટી ગયા છે, ઘણી જગ્યાએ રોડ બેસી ગયા છે અને ભુવા પડી ગયા છે, તો ગટરના પાણી ઉભરાઈને રસ્તા પર આવી રહ્યા છે. ગાંધીનગરમાં રોડ બનાવવામાં થયેલા ભ્રષ્ટાચારને મેઘરાજાએ પહેલા વરસાદમાં જ ખુલ્લો પાડી દીધો છે. સેક્ટર-૩માં પહેલા વરસાદમાં જ રોડ પર મોટા મોટા ખાડા પડી ગયા છે, જે દર્શાવે છે કે રોડના કામમાં અધિકારીઓએ કેટલો ભ્રષ્ટચાર કર્યો છે. સ્થાનિકોએ ભ્રષ્ટાચારના ખાડામાં ભાજપના ઝંડા લગાવીને વિરોધ કર્યો હતો. ગાંધીનગરમાં ચોમાસાના પહેલા વરસાદમાં જ ગાંધીનગરના રોડની સ્થિતિ એવી થઈ ગઈ છે કે વાહનચાલકોએ જીવ હાથમાં લઈને જ બહાર નીકળવું પડે એવી સ્થિતિની નિર્માણ થયું છે, કારણ કે ભ્રષ્ટ અધિકારીઓના પાપે શહેરમાં વિવિધ જગ્યાએ ખાડા અને ભુવા પડી ગયા છે. આવો જ એક મોટો ખાડો સેક્ટર-૨માં પડ્યો જેમાં એક કાર ગરકાવ થઈ ગઈ હતી. તો ગ-૬ રોડ પાસે પણ આવો એક ખાડો પડી ગયો છે.

# અમદાવાદ શહેરમાં ધોધમાર વરસાદના કારણે પાંચ અન્ડરબ્રિજ બંધ કરાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦ અમદાવાદ શહેરમાં રવિવારે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધુ વરસાદ સાયન્સ સિટી અને ગોતા વિસ્તારમાં ૫થી ૭ ઈંચ જેટલો નોંધાયો હતો. આ વિસ્તારોના રસ્તાઓમાં પાણી ભરાઈ ગયા છે.

પાણીના ઝડપી નિકાલ માટે વાસણા બેરેજના ૪ દરવાજા ૧.૫ ફૂટ માપમાં ખોલવામાં આવ્યા છે. તેમજ અમદાવાદ શહેરમાં આવેલો મીઠાખળી અંડરપાસ બપોરે બંધ કરવામાં આવ્યો હતો, જ્યારે અખબારનગર અંડરપાસ પણ બંધ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, બપોરે ૩ વાગ્યા પછી એલસી ૨૬ મકરબા અંડરપાસનો ગેટ પણ બંધ કરી દેવામાં આવ્યો હતો. અન્ય LC 1C સિલ્વરસ્ટાર અંડરપાસ પણ ટ્રાફિક




માટે બંધ કરવામાં આવ્યો હતો.

અમદાવાદમાં ભારે વરસાદના પગલે કુલ ૫ અંડર બ્રિજ બંધ કરવા પડ્યા હતા. જેમાં અખબાર નગર, મકરબા, મીઠાખળી, ત્રાગડ અને ગોતા સિલ્વર સ્ટાર અંડરબ્રિજ બંધ કરવો પડ્યો હતો તો સીજી અને શેલા રોડ પાણીમાં ગરકાવ થયો છે. એલિસબ્રીજ પોલીસ લાઇન બહાર પણ પાણી, વાહનો પણ પાણીમાં માંડ પસાર થઈ રહ્યા હતા. સિલ્વર ઓક કોલેજ, સરસપુર, કુબેરનગર બજારમાં પણ સારો વરસાદ વરસ્યો હતો. તો લૉ ગાર્ડન પાસે યુવાઓ વરસાદની મજા માણતા જોવા મળ્યા હતા. જો કે મીઠાખળી અને અખબાર નગર અંડરપાસ ૪ કલાક બાદ વાહનચાલકો માટે શરૂ કરવામાં આવ્યો હતો. મકરબા, ઉમા ભવાની અને સિલ્વર સ્ટાર અંડરપાસ બે કલાકમાં શરૂ કરી દેવામાં આવ્યો હતો.

### અબલા જીવનની કરૂણ કથની

# પતિએ અન્ય સ્ત્રી સાથે સંબંધ રાખી પત્નીને છૂટાછેડા લેવા દબાણ કરતા ફરિયાદ

### સાસુ-સસરા પણ પરિણીતાને ત્રાસ આપતા હતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦ સોશિયલ મીડિયા મારફતે યુવક સાથે મિત્રતા કેળવીને લગ્ન કરવા યુવતીને ભારે પાડયા છે. લગ્ન બાદ યુવતીને જાણ થઈ કે પતિને અન્ય યુવતી સાથે અનૈતિક સંબંધ છે, જે અંગે સાસુને ફરિયાદ કરતા પતિ અને સાસુ-સસરા તેને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતા હતા. આ અંગે યુવતીએ પોલીસ ફરિયાદ નોધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતી યુવતીનો વર્ષ ૨૦૧૬માં યુવક સાથે ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્ક થયો હતો. તેઓ અવારનવાર એકબીજાને મળતા હતાં. ત્યારબાદ યુવકે લગ્ન માટે પ્રપોઝ કરતાં બંનેએ પરિવારની સંમતિથી લગ્ન કર્યા હતાં. લગ્નના કેટલાક સમય બાદ યુવતીનો પતિ અવારનવાર પત્નીને પિયરમાં જવા માટે દબાણ કરતો હતો અને કહેતો હતો કે, તું તારા પિયરમાં થોડા દિવસ જાય તો હું મારા મિત્રો સાથે સમય પસાર કરી શકું. જો કે, પત્નીને શંકા જતાં તેણે તેનુ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ચેક કર્યું ત્યારે અન્ય એક યુવતી સાથેની ચેટ મળી આવી હતી. તેના પતિને આ બાબતે પૂછતા તેણે કહ્યું હતું કે, આ છોકરીને તે લવ કરે છે અને છુટાછેડા લેવા માટે કહ્યું હતું. પત્નીએ તેના સાસુ-સસરાને વાત કરતાં તેઓ જેમ ફાવે તેમ બોલવા લાગ્યા હતા અને તેઓ કંઈપણ સાંભળવા તૈયાર ન હતા. પત્નીને શારીરિક-માનસિક ત્રાસ આપતા હતા.

યુવતીનો પતિ અન્ય યુવતી સાથે વાતચીત કરતો હતો. જેથી, યુવતીએ ફરીથી સમજાવતા તે ઉશ્કેરાઇ ગયો હતો અને યુવતીને બિભત્સ ગાળો બોલીને માર માર્યો હતો. જેથી બીજે દિવસે તેની સાસુએ તેને આ બાબતની જાણ કોઈને નહીં કરવાની અને થોડા સમય બાદ તેડી જવાનું કહીને હાલ પિયરમાં જતા રહેવા માટે કહ્યું હતું. યુવતીએ સાસુ-સસરાની વાત પર વિશ્વાસ રાખીને તેના પિયરમાં ગઇ હતી.બે મહીના બાદ યુવતીનો પતિ, સાસુ સસરા તેના પિયરમાં આવ્યા હતાં અને જેમ ફાવે તેમ બોલીને કહ્યું હતું કે તમારી દીકરીને અમારા ઘરે રહેવું હોય તો કામવાળીની જેમ રહેવું પડશે. તેને અમે પિયરમાં મોકલીશું નહીં. પત્નીનો દરજ્જો પણ આપશે નહીં. જો કે, આ વાત માનવા છતાં તેના પતિ યુવતીને તેડી ન જતાં અંતે કંટાળીને યુવતીએ પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ સહિત સાસરિયાઓ સામે ફરીયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

# શહેરમાં NGO દ્વારા જુદી-જુદી હોટલમાંથી બાળમજૂરી કરતા ચાર બાળકને છોડાવ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦ અમદાવાદ શહેરના બચપણ બચાઓ NGO દ્વારા AHTU સાથે મળીને રાહુલ ટાવર પાસે આવેલા શરૂ ગુડલક હોટેલમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં હોટલમાંથી ૧૬ વર્ષનો એક બાળક મળી આવ્યો હતો. જે હોટેલમાં બાળમજૂરી કરતો હતો. જેને છોડાવીને સંસ્થામાં મોકલી આપ્યો હતો. જ્યારે હોટેલના માલિક પ્રતાપસિંહ માવલીની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત જલારામ પરોઠા હાઉસમાં પણ NGO અને પોલીસે સાથે મળીને તપાસ કરી હતી. જે દરમિયાન અલગ અલગ ઉંમરના ૪ બાળકો મળી આવ્યા હતા. જેમને માસિક ૯ હજાર પગાર આપીને બાળમજૂરી કરાવવામાં આવતી હતી. જેથી પોલીસે જલારામ પરોઠા હાઉસના માલિક ચમનસીંગ કડેચાની ધરપકડ કરી છે. આનંદનગર બે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

# ગાઝામાં ઈઝરાયેલી હુમલાઓમાં ૪૦ પેલેસ્ટીનીઓનાં મોત, ૨૨૪ ઘાયલ

(એજન્સી) ગાઝા, તા.૩૦

હમાસ દ્વારા નિયંત્રિત આરોગ્ય અધિકારીઓ મુજબ પાછલા ૨૪ કલાકમાં ઘેરાયેલ ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલી હુમલામાં ૪૦ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા અને ૨૨૪ અન્ય ઘાયલ થયા.

આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું કે, નવીનતમ મૃત્યુની સાથે ઓકટોબર ૨૦૨૩માં પેલેસ્ટીની-ઈઝરાયેલ સંઘર્ષ શરૂ થયા પછીથી કુલ પેલેસ્ટીની મૃત્યુની સંખ્યા ૩૭,૮૩૪ થઈ ગઈ છે, જ્યારે ૮૬,૮૫૮ લોકો ઘાયલ થયા છે.



સમાચાર મુજબ અધિકારીઓએ જણાવ્યું કે, ઈંધણની અછત અને ઈઝરાયેલી દળો તેમજ પેલેસ્ટીની સશસ્ત્ર સમૂહોની વચ્ચે તીવ્ર અથડામણોના કારણે બચાવ ટીમોને હુમલાઓને લક્ષિત ક્ષેત્રો સુધી પહોંચાડવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. ખાસ કરીને દક્ષિણી ગાઝાના રફાહ શહેર અને પૂર્વ ગાઝા શહરેના શુજૈયા વિસ્તારમાં. ઈઝરાયેલી સૈન્ય પ્રવક્તા અવિચાય અદ્રેઈએ શનિવારે એક પ્રેસ નિવેદનમાં જણાવ્યું કે, ઈઝરાયેલી સેના શુજૈયા ક્ષેત્રમાં આતંકવાદી ઠેકાણાઓ પર હુમલા જારી રાખે છે. તેમજ જમીનની ઉપર અને નીચે એક સાથે લડી રહી છે.

તેમણે જણાવ્યું કે, પાછલા કેટલાક કલાકો દરમ્યાન સુરક્ષા દળોએ અથડામણોમાં કેટલાક તોડફોડ કરનારાઓને મારી નાંખ્યા અને સૈનિકોને વિસ્તારના એક સ્કૂલ પરિસરની અંદર હથિયારોનો એક ડેપો મળ્યો.

# ઈઝરાયેલી મંત્રાલયે ઉત્તરી ગાઝામાં નવી શહેરી જિલ્લા યોજનાની જાહેરાત કરી

(એજન્સી) તા.૩૦

ઈઝરાયેલના બાંધકામ અને આવાસ મંત્રાલયે ગાઝાની ઉત્તરે આવેલા સ્દેરોત શહેરમાં ટ્રેન સ્ટેશન નજીક એક નવો શહેરી જિલ્લો સ્થાપવાની યોજના શરૂ કરી છે. તે ૭ ઓકટોબરના હુમલા દરમિયાન હુમલો કરાયેલા શહેરોમાંથી એક હતું.

આ યોજનામાં વિદ્યાર્થીઓ માટે એપાર્ટમેન્ટ, વાણિજ્ય અને રોજગાર માટે લગભગ ૩,૭૦,૦૦૦ ચોરસ મીટર, જાહેર ઈમારતો માટે લગભગ ૩,૫૦,૦૦૦ ચોરસ મીટર અને લગભગ ૪૦ એકર ખુલ્લી જગ્યાઓ સહિત ૫૦૦૦ નવા આવાસ એકમોનો સમાવેશ થાય છે. આ યોજના રેલવે સ્ટેશનની આસપાસના સંકુલને પ્રદેશમાં કેન્દ્રીય અને નોંધપાત્ર કેન્દ્રબિંદુ તરીકે જુએ છે અને સ્ટેશનની આસપાસ રહેણાંક, રોજગાર અને વ્યાપારી વિસ્તારોના ઉમેરા દ્વારા તેને મજબૂત બનાવે છે. ઉપરાંત આ યોજના મુખ્ય શેરીઓમાં ચાલવા અને સામુદાયિક પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા માટે સક્રિય મોરચા સાથે ઉચ્ચ ગુણવત્તાની જાહેર



જગ્યા પર ભાર મૂકે છે અને દક્ષિણમાં સપીર કોલેજને ઉત્તરમાં ટ્રેન સ્ટેશનને જોડતા એક નવા શહેરી માળખાનું નિર્માણ કરે છે. શહેરના મુખ્ય પ્રવેશદ્વાર પર. આ સાથે ઉચ્ચ ગુણવત્તાની શહેર-વ્યાપી ખુલ્લી જગ્યાઓ જેમ કે રિવર પાર્ક અને અન્ય જાહેર વિસ્તારો જેમાં પદયાત્રીઓ અને સાઈકલ સવારો માટે ઉચ્ચ સુલભતા છે. વધુમાં આ કાર્યક્રમ તેના વિસ્તારના રહેવાસીઓની સુખાકારી માટે હાલના જંગલોની જાળવણી કરે છે. યેહુદા મોર્ગેનસ્ટર્ન, બાંધકામ અને આવાસ મંત્રાલયના સીઈઓ સ્દેરોત શહેરનું વિસ્તરણ અને ૫૦૦૦ હાઉસિંગ એકમોનું નિર્માણ એ શહેર, દક્ષિણ અને સમગ્ર ઈઝરાયેલ રાજ્ય માટે સારા સમાચાર છે. તાજેતરના વર્ષોમાં સ્દેરોત એ નોંધપાત્ર વિકાસ અને વસ્તી વિષયક વૃદ્ધિ પ્રદર્શન કર્યું છે.

# ઈઝરાયેલી ટેન્ક ઉત્તર અને દક્ષિણ ગાઝા તરફ આગળ વધ્યા, છ પેલેસ્ટીનીઓની હત્યા

## ઈઝરાયેલી ટેન્ક ઉત્તર અને દક્ષિણ ગાઝા તરફ આગળ વધ્યા છે, તેમણે ઘરોમાં શેલ છોડ્યા અને ઓછામાં ઓછા છ પેલેસ્ટીનીઓ માર્યા ગયા હતા

(એજન્સી) તા.૩૦

ગાઝાના રહેવાસીઓએ જણાવ્યું કે, ઈઝરાયેલી દળો ગઈકાલે ઉત્તરી ગાઝાના શેજિયાના પડોશી વિસ્તારમાં વધુ આગળ વધ્યા છે અને દક્ષિણમાં પશ્ચિમ અને મધ્ય રફાહમાં પણ વધુ આગળ વધ્યા હતા, જેમાં ઓછામાં ઓછા છ પેલેસ્ટીનીઓ માર્યા ગયા અને ઘણા ઘરોનો નાશ થયો છે. રહેવાસીઓએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલી ટેન્ક જે ચાર દિવસ પહેલાં શેજિયામાં પાછી ફરી હતી, તેણે ઘણા ઘરો તરફ શેલ છોડ્યા હતા, જેના કારણે પરિવારો અંદર ફસાયેલા હતા અને બહાર નીકળી શકતા ન હતા. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે, શેજિયામાં કાર્યરત દળોએ પાછલા કેટલાક દિવસોમાં ઘણા બંદૂકધારીઓ અને હથિયારો ધરાવતા પેલેસ્ટીનીઓની હત્યા કરી હતી, તેમણે લશ્કરી માળખા પર હુમલો કર્યો હતો. શનિવારે સૈન્યએ ઉત્તરી ગાઝામાં બે ઈઝરાયેલી સૈનિકોનાં મોતની જાહેરાત કરી હતી. હમાસની સશસ્ત્ર પાંખ અને સહયોગી ઈસ્લામિક જેહાદે શેજિયા અને રફાહ બંનેમાં ભીષણ લડાઈની જાણકારી આપી હતી, તેમણે કહ્યું કે, તેમના લડવૈયાઓએ ત્યાં કાર્યરત ઈઝરાયેલી દળો સામે ટેન્ક વિરોધી રોકેટ અને મોર્ટાર બોમ્બ છોડ્યા હતા. ગાઝામાં ઈઝરાયેલના હવાઈ અને જમીની યુદ્ધમાં આઠ મહિનાથી વધુના સમયમાં પીડિયોએ ઈઝરાયેલી દળો પર હુમલા કરવાનું ચાલુ રાખ્યું હતું પછી તે વિસ્તારોમાં ઈઝરાયેલી સેનાએ મહિનાઓ પહેલાં નિયંત્રણ મેળવ્યું હતું. અમેરિકા દ્વારા સમર્થિત અરબ મધ્યસ્થીઓના પ્રયાસો, યુદ્ધવિરામને સુરક્ષિત કરવામાં અત્યાર સુધી નિષ્ફળ ગયા છે. હમાસનું કહેવું છે કે, કોઈપણ સોદા દ્વારા યુદ્ધનો અંત આવવો જોઈએ અને ગાઝામાંથી ઈઝરાયેલની સંપૂર્ણ પીછેહઠ થવી જોઈએ. ઈઝરાયેલ કહ્યું કે, જયાં સુધી ૨૦૦૭થી ગાઝા પર શાસન કરનાર હમાસને નાબૂદ કરવામાં ન આવે ત્યાં સુધી તે લડાઈમાં માત્ર અસ્થાયી વિરામ સ્વીકારશે.

**રફાહ મૃત્યુ :** ઈજિપ્તની સરહદ નજીક રફાહમાં ઈઝરાયેલી ટેન્કોએ શહેરના પૂર્વ, પશ્ચિમ અને મધ્યમાં ઘણા જિલ્લાઓમાં ઊંડે સુધી આગળ વધ્યા છે અને ચિકિત્સકોએ જણાવ્યું હતું કે, શબૌરામાં એક ઘર પર



ઈઝરાયેલી હુમલામાં છ લોકો માર્યા ગયા હતા. ઝરૂબ પરિવારના છ મૃતદેહોને નજીકના ખાન યુનિસ શહેરની નાસેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રવિવારે ડઝનેક સંબંધીઓએ મૃતદેહો સમક્ષ શ્રદ્ધાંજલિ આપી, જે સફેદ કફનમાં લપેટી હતી અને પછી તેમને ખભા પર ઊંચકીને તૈયાર કબરોમાં લઈ ગયા હતા. રહેવાસીઓએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલી સેનાએ શહેરના સૌથી જાણીતા રફાહની મધ્યમાં આવેલી અલ-અવદા મસ્જિદ પર આગ લગાવી દીધી હતી. ઈઝરાયેલે કહ્યું કે, રફાહમાં તેની સૈન્ય કાર્યવાહીનો હેતુ હમાસની છેલ્લી સશસ્ત્ર સૈન્યને નાબૂદ કરવાનો છે. ઈઝરાયેલી સૈન્યએ ગઈકાલે જણાવ્યું હતું કે, તેના દળોએ રફાહમાં 'લક્ષિત, ગુપ્ત માહિતી આધારિત' કામગીરી ચાલુ રાખી હતી, વિવિધ વિસ્તારોમાં ઘણા બંદૂકધારીઓ માર્યા ગયા હતા અને સુરંગો તોડી પાડી હતી. ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર ઈઝરાયેલના જવાબી આક્રમણમાં અત્યાર સુધીમાં લગભગ ૩૮,૦૦૦ લોકો માર્યા ગયા છે. ગાઝા આરોગ્ય મંત્રાલય લડાયક અને બિન-લડાકીઓ વચ્ચે ભેદ પાડતું નથી પરંતુ અધિકારીઓએ કહ્યું કે, મોટાભાગના મૃતકો નાગરિકો છે. ગાઝામાં ૩૦૦થી વધુ ઈઝરાયેલ સૈનિકો માર્યા ગયા છે અને ઈઝરાયેલ કહે છે કે, પેલેસ્ટીની મૃતકોમાંથી ઓછામાં ઓછા ત્રીજા ભાગના લડવૈયાઓ છે.

# અમેરિકાએ ઈઝરાયેલ માટે નિર્ધારિત બોમ્બના શિપમેન્ટને અટકાવ્યું અને તેની સમીક્ષા કરી

(એજન્સી) તા.૩૦

એક વરિષ્ઠ અમેરિકા અધિકારીએ બુધવારે જણાવ્યું હતું, અમેરિકા પ્રમુખ જો બાઈડેનના ટોચના સહાયકોએ આ અઠવાડિયે ઈઝરાયેલની મુલાકાતે ગયેલા સંરક્ષણમંત્રીને જણાવ્યું હતું કે, જ્યારે આ મુદ્દો સમીક્ષા હેઠળ છે, ત્યારે વોશિંગ્ટન ઈઝરાયેલને ભારે બોમ્બના શિપમેન્ટ પર રોક લગાવી રહ્યું છે. રોઈટર્સ અહેવાલ મુજબ અધિકારીએ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાનની મંત્રી યોવ ગેલન્ટ સાથેની બેઠક અંગે પત્રકારોને માહિતી આપી. સાથી પક્ષો શક્તિશાળી શસ્ત્રોના એક જ શિપમેન્ટની ચર્ચા કરી રહ્યા છે, જેનો ઉપયોગ ગાઝામાં વધુ પેલેસ્ટીની નાગરિકોને મારવા માટે થઈ શકે તેવી ચિંતાને કારણે બાઈડેને મેમાં અવરોધિત કર્યો હતો. વિગતો આપ્યા વિના અધિકારીએ કહ્યું કે, અન્ય અમેરિકી શસ્ત્રો, જેનું મૂલ્ય અબજો ડૉલરનું છે, ઈઝરાયેલમાં પ્રવાહ ચાલુ રાખશે, જે ગાઝામાં પેલેસ્ટીનીઓ સામે આક્રમણ ચાલુ રાખશે અને લેબેનોન સાથેની તેની સરહદ પર હિઝબોલ્લાહ લડવૈયાઓ સાથે ગોળીબાર કરશે, જ્યાં દુશ્મનાવટ વધી રહી છે વ્યાપક પ્રાદેશિક સંઘર્ષની આશંકા ઊભી કરી છે. ગેલન્ટે તેમની મુલાકાત દરમિયાન ચેતવણી આપી હતી કે ઈરાન સમર્થિત હિઝબોલ્લાહ સાથેના કોઈપણ યુદ્ધમાં ઈઝરાયેલ લેબેનોનને પથ્થર યુગ સુધી લઈ જવા સક્ષમ છે, પરંતુ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમની સરકાર યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા અનુસરવામાં આવતા રાજદ્વારી ઉકેલોને પ્રાધાન્ય આપે છે. તેમની મુલાકાતને સમાપ્ત કરતા ગેલન્ટે બુધવારે જણાવ્યું હતું કે, ઈઝરાયેલને યુએસ દારૂગોળો પુરવઠાના મુદ્દા પર નોંધપાત્ર પ્રગતિ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, અવરોધો દૂર કરવામાં આવ્યા છે.




મંત્રી અને યુએસ અધિકારીઓએ વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુના તાજેતરના દાવાઓને પગલે તણાવ ઓછો કરવાનો પ્રયત્ન કર્યો હતો કે, વોશિંગ્ટન શસ્ત્રો રોકી રહ્યું છે જે બાઈડેનના સહાયકોને ઈઝરાયેલી નેતાની ટિપ્પણી પર નિરાશા અને મૂંઝવણ વ્યક્ત કરવા માટે પ્રોત્સાહિત કરે છે. વરિષ્ઠ અમેરિકી અધિકારીએ નામ જાહેર ન કરવાની શરતે જણાવ્યું હતું કે, અમે આખરે સમાધાન શોધવા માટે ચર્ચા કરી રહ્યા છીએ. પરંતુ મને લાગે છે કે રાષ્ટ્રપતિએ તે એક શિપમેન્ટ વિશે તેમની ચિંતા વ્યક્ત કરી છે અને તે ખૂબ જ માન્ય ચિંતાઓ છે. અધિકારીએ સ્વીકાર્યું કે ઈઝરાયેલને કેટલાક શસ્ત્રોના વિતરણમાં અડચણો આવી છે પરંતુ તે લશ્કરી સહાય મંજૂર કરવા માટે જટિલ અમલદારશાહી પ્રણાલીને આભારી છે અને કોઈ ઈરાદાપૂર્વકની મંદી નથી. ગેલન્ટના જણાવ્યા મુજબ તેમણે યુએસ અધિકારીઓ સાથે ઉત્તરમાં સુરક્ષાની સ્થિતિ ઉકેલવાની જરૂરિયાત અંગે પણ ચર્ચા કરી હતી આગ્રહ રાખ્યો હતો કે, ઈઝરાયેલ લેબેનોન સાથેની સરહદ પર હિઝબોલ્લાહ લશ્કરી રચનાઓ સ્વીકારી શકશે નહીં. તોપમારો અને મિસાઈલ હુમલાના વિનિમયને કારણે બંને બાજુના હજારો લોકોનું સ્થળાંતર થયું છે અને સર્વત્ર યુદ્ધની આશંકા ફેલાવી છે. મંત્રીએ પત્રકારોને કહ્યું અમે યુદ્ધ નથી ઈચ્છતા, પરંતુ અમે દરેક પરિસ્થિતિ માટે તૈયારી કરી રહ્યા છીએ. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટના મુખ્ય ફરિયાદી ગેલન્ટ અને નેતાન્યાહુ સામે ધરપકડ વોરંટની માંગ કરી રહ્યા છે. ગેલન્ટે ઈઝરાયેલના નરસંહારના ઈરાદાઓ વિશે ચિંતાને વેગ આપ્યો જ્યારે તેમણે ગયા ઓક્ટોબરમાં કહ્યું, મેં ગાઝા પટ્ટી પર સંપૂર્ણ ઘેરાબંધી કરવાનો આદેશ આપ્યો છે. વીજળી નહીં, ખોરાક નહીં, બળતણ નહીં, બધું બંધ છે. અમે માનવ પ્રાણીઓ સામે લડી રહ્યા છીએ અને અમે તે મુજબ કાર્ય કરીએ છીએ.

# લેબેનોનથી છોડવામાં આવેલા ૩૫ રોકેટ, મિસાઈલ ઈઝરાયેલ પર પડ્યા

(એજન્સી) તા.૩૦

લેબેનોનમાંથી છોડવામાં આવેલા લગભગ ૩૫ રોકેટ અને મિસાઈલો સાંજે ઉત્તરી ઈઝરાયેલના શહેર સફેદ પર પડ્યા, જેના કારણે આગ, પાવર આઉટેજ અને મિલકતને નુકસાન થયું, ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે "ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ (IDF) એરિયલ ડિફેન્સ એરેએ મોટાભાગના પ્રક્ષેપણોને સફળતાપૂર્વક અટકાવ્યા.

દેશની મેગેન ડેવિડ એડોમ રેસ્ક્યુ સર્વિસના જણાવ્યા અનુસાર, કોઈ મૃત્યુ અથવા ઈજાના અહેવાલ નથી. મેરોમ હાગાલીલ પ્રાદેશિક પરિષદે એક નિવેદનમાં જણાવ્યું કે મિસાઈલથી એક મકાનને નુકસાન થયું છે. ફાયર એન્ડ રેસ્ક્યુ ઓથોરિટીએ જણાવ્યું કે ઘણી જગ્યાએ આગ લાગી હતી અને વીજ પુરવઠો ખોરવાને કારણે નાગરિકો લિફ્ટમાં ફસાઈ ગયા હતા. દરમિયાન, લેબેનીઝ સશસ્ત્ર સમુગ હિઝબુલ્લાહએ એક નિવેદનમાં જણાવ્યું કે તેણે કાત્યુશા રોકેટથી સફેદમાં ઈઝરાયેલી એરપોર્ટ પર હુમલો કર્યો હતો. આ હુમલો દક્ષિણ લેબેનોનના નાબાતીહ શહેર અને પૂર્વી લેબેનોનના સોહમોર શહેર પર એક દિવસ પહેલા ઈઝરાયેલના હુમલાના જવાબમાં કરવામાં આવ્યો હતો.

લેબેનીઝ સૈન્ય સૂત્રોએ ન્યૂઝ એજન્સીને જણાવ્યું કે કેટલાક રોકેટને ઈઝરાયેલની આયર્ન ડોમ મિસાઈલો દ્વારા અટકાવવામાં આવ્યા હતા. હિઝબુલ્લાહના તાજેતરના હુમલાઓ ઈઝરાયેલ-લેબેનોન સરહદ પર વધતા તણાવ વચ્ચે આવે છે, કારણ કે ઈઝરાયેલે ચેતવણી આપી છે કે તે હિઝબુલ્લાહ સામે "સંપૂર્ણ-સ્કેલ" હુમલો કરવા માટે "તૈયાર" છે.

એક અલગ નિવેદનમાં, IDF એ જણાવ્યું કે ઈઝરાયેલી યુદ્ધ વિમાનોએ દિવસની શરૂઆતમાં દક્ષિણ લેબેનોનના રામિયાહ ગામમાં હિઝબુલ્લાહ



લશ્કરી માળખા પર હુમલો કર્યો હતો અને એટતિરી ગામમાં બે હિઝબુલ્લા આતંકવાદીઓને મારી નાખ્યા હતા. તે જ દિવસે, અનામી લેબેનીઝ સૈન્ય સૂત્રોએ સમર્થન કર્યું કે રામિયાહ અને હદ્દાથા પર બે ઈઝરાયેલી હવાઈ હુમલામાં ત્રણ હિઝબુલ્લાહ સભ્યો મૃત્યુ પામ્યા અને ચોથો ઘાયલ થયો.

૮ ઓક્ટોબર ૨૦૨૩થી લેબેનોન-ઈઝરાયેલ સરહદ પર તણાવ વધી રહ્યો છે, જ્યારે એક દિવસ પહેલા ગાઝા પટ્ટીમાં હમાસ આતંકવાદીઓ દ્વારા દક્ષિણ ઈઝરાયેલ પરના આશ્ચર્યજનક હુમલાને સમર્થન દર્શાવવા હિઝબુલ્લાએ ઈઝરાયેલ તરફ રોકેટ હુમલો કર્યો છે.

# સઉદી અરેબિયાએ ઈજિપ્તના પ્રવાસીઓ માટે B2C ઉમરાહ વિઝા સસ્પેન્ડ કર્યા

(એજન્સી) તા.૩૦

કિંગડમ ઓફ સઉદી અરેબિયા (KSA) એ ઉમરાહ કરવા ઈચ્છતા ઈજિપ્તના નાગરિકો માટે B2C ઈ-વિઝા સ્થગિત કરી દીધા છે. ૬૫૦થી વધુ ઈજિપ્તના હજ યાત્રીઓના મૃત્યુ બાદ આ જાહેરાત કરવામાં આવી છે. ૫૧.૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયેલી આકરી ગરમીને કારણે અંદાજિત ૬૩૦ યાત્રાળુઓ નોંધાયેલા નથી. B2C સિસ્ટમ ઉમરાહ પ્રવાસીઓને ટુર ઓપરેટરોથી સ્વતંત્ર રીતે મુસાફરી કરવા સક્ષમ બનાવે છે. અલ-મસરી અલ-યુમ સાથે વાત કરતા, ઈજિપ્તીયન ટ્રાવેલ એજન્ટ્સ એસોસિએશન (ETTA)ના પ્રમુખ બાસિલ અલ-સીસીએ રાજ્યની જાહેરાતનું સમર્થન કર્યું. તેમણે સ્પષ્ટ કર્યું કે ઈજિપ્તવાસીઓ હજુ પણ ઈજિપ્તમાં અધિકૃત ટ્રાવેલ એજન્સી દ્વારા બુકિંગ કરીને ઉમરાહ કરી શકે છે. શનિવાર, ૨૨ જૂનના રોજ ઈજિપ્તના વડાપ્રધાન મુસ્તફા મેડબૌલીએ ૧૬ પ્રવાસન કંપનીઓની પરમિટ રદ કરી દીધી હતી કારણ કે તેઓએ કથિત રીતે લોકોને બિન-નોંધાયેલ માધ્યમથી હજમાં ભાગ લેવાની મંજૂરી આપી હતી. રવિવાર, ૨૩ જૂનના રોજ સઉદી અરેબિયાના આરોગ્ય મંત્રી ફહદ અલ-જલાઝેલે જણાવ્યું કે હજ ૧૪૪૫ એએચ-૨૦૨૪ સિઝન દરમિયાન મૃત્યુઆંક ૧,૩૦૧ પર પહોંચી ગયો છે. હ્યુમન રાઈટ્સ વોચે સઉદી અરેબિયાને હાજીઓ માટે ગરમીથી રક્ષણના પગલાં વધારવા વિનંતી કરી છે, જે તેની વિઝન ૨૦૩૦ યોજનાના ભાગરૂપે ધાર્મિક પ્રવાસીઓની સંખ્યા વધારીને વર્ષે ૩૦ મિલિયન સુધી પહોંચાડે છે.

# યુદ્ધ અને સહાય : કેવી રીતે ઈઝરાયેલે પેલેસ્ટીનીઓને ઝુકાવવા ભૂખમરાને હથિયાર બનાવ્યું

(એજન્સી) તા.૩૦

માનવતાવાદી સહાયનું ક્યારેય રાજનીતિકરણ થવું જોઈએ નહીં, જોકે ઘણી વાર રાષ્ટ્રોના અસ્તિત્વનો ઉપયોગ રાજકીય સોદાબાજીની ચિપ્સ તરીકે થાય છે. દુર્ભાગ્યે, ગાઝા એક મુખ્ય ઉદાહરણ છે. વર્તમાન યુદ્ધ પહેલા પણ ગાઝાપટ્ટી ૧૭-વર્ષ સુધી હર્મેટિક નાકાબંધી સહન કરી હતી, જેણે ગરીબ વિસ્તારને વર્ચ્યુઅલ રીતે અનિવાર્ય બનાવી દીધો છે. પેલેસ્ટીનની પરિસ્થિતિ માટે તત્કાલીન યુએન સ્પેશિયલ રેપોર્ટર, માઈકલ લિન્ક દ્વારા ૨૦૧૮માં તે જ શબ્દ, 'અનલીવેબલ'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વોલ સ્ટ્રીટ જર્નલે સેટેલાઈટ ડેટાનું સંપૂર્ણ વિશ્લેષણ કરનારા નિષ્ણાતોને ટાંકીને અહેવાલ આપ્યો કે, ડિસેમ્બરના મધ્ય સુધીમાં "ગાઝાના ૪,૩૯,૦૦૦ ઘરોમાંથી લગભગ ૭૦% અને તેની લગભગ અડધી ઈમારતો ક્ષતિગ્રસ્ત અથવા નાશ પામી છે." ડિસેમ્બરમાં સ્થિતિ જેટલી દુ:ખદ હતી તેના કરતા હાલ સ્થિતિ વધુ કરૂણ છે. યુનાઈટેડ નેશન્સ એજન્સી ફોર પેલેસ્ટીની રેફ્યુજીસ (યુએનઆરડબ્લ્યુએ) દ્વારા ૧૯ જૂનના રોજ એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ગાઝાના લગભગ ૬૭ ટકા પાણી, સ્વચ્છતા સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ થયો છે અથવા નુકસાન થયું છે, જેણે પીડિતોને તબાહ કર્યા છે. આને કારણે ચેપી રોગોના ફેલાવો ચોતરફ ફેલાઈ જઈ શકે છે. ગાઝામાં દરેક જગ્યાએ કચરો જમા થવાથી રોગનો ફેલાવો વકરી શકે છે. અગાઉ શરણાર્થીઓની એજન્સીએ અહેવાલ આપ્યો હતો કે, "૯ જૂન સુધીમાં ગાઝામાં વસ્તીવાળા વિસ્તારોમાં અથવા તેની નજીકમાં ૩,૩૦,૦૦૦ ટનથી વધુ કચરો એકઠો થયો છે, જે વિનાશક પર્યાવરણીય અને આરોગ્ય જોખમો પેદા કરે છે." પરિસ્થિતિ પહેલેથી જ આપત્તિજનક હતી. ખરેખર યુદ્ધના ત્રણ વર્ષ પહેલાં ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂટ ફોર વોટર, એન્વાયર્નમેન્ટ એન્ડ હેલ્થ (GIWEH)એ યુરો-



મેડિટેરેનિયન હ્યુમન રાઈટ્સ મોનિટર સાથેના સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, ગાઝાનું ૯૭ ટકા પાણી પીવાલાયક અને માનવ વપરાશ માટે અયોગ્ય હતું. તેમ છતાં અત્યાર સુધી ગાઝાને સહાયની મંજૂરી આપવા અથવા યુદ્ધ પછી ગાઝાના પુન:નિર્માણ અંગેની કોઈપણ વાતચીત મોટાભાગે રાજકીય સંદર્ભોમાં મૂકવામાં આવી છે. ઈજિપ્ત-ગાઝા રફાહ ક્રોસિંગ સહિત તમામ સરહદ ક્રોસિંગને બંધ કરીને જે ૧૭ જૂને સળગાવી દેવામાં આવી હતી-ઈઝરાયેલે સ્ટ્રીપમાં તેના યુદ્ધમાં સાધનો તરીકે ખોરાક, બળતણ અને દવાઓનું રાજનીતિકરણ કર્યું છે. આ માત્ર અનુમાન નથી, પરંતુ ઈઝરાયેલના સંરક્ષણ પ્રધાન, યોવ ગેલન્ટ દ્વારા કરવામાં આવેલ વાસ્તવિક નિવેદન છે, જેમણે ૯ ઓકટોબરે જાહેર કર્યું હતું કે, તેમણે સંપૂર્ણ ઘેરાબંધી કરવાનો આદેશ આપ્યો છે અને ત્યાં કોઈ વીજળી, ખોરાક, બળતણ અને પાણી નથી તેમજ આમાંથી કશું પણ ગાઝામાં પ્રવેશી શકશે નહી. નિવેદનનો સમય જે ખરેખર યુદ્ધના પ્રથમ દિવસથી અમલમાં મૂકવામાં આવ્યો છે, તે સૂચવે છે કે ઈઝરાયેલે અંતિમ ઉપાય તરીકે વ્યૂહરચના લાગુ કરી નથી. તે યુદ્ધ વ્યૂહરચનાનો સૌથી મહત્ત્વપૂર્ણ ભાગ હતો, જે આજ સુધી અમલમાં છે. ઈઝરાયેલ પર દબાણ કરવાને બદલે વોશિંગ્ટને મદદનું રાજનીતિકરણ કરીને પોતાનો રાજકીય લાભ મેળવવાનો પ્રયાસ કર્યો છે. ૩ માર્ચના રોજ યુ.એસ. ફોર્સે ઉત્તરી ગાઝામાં મદદ એરડ્રોપ કરવાનું શરૂ કર્યું હતુ. પેલેસ્ટીનીઓ માટે વધુ અનુકૂળ અને ઓછો અપમાનજનક વિકલ્પ, જો કે, રફાહ, કરેમ અબુ સાલેમ (કેરેમ શાલોમ) ક્રોસિંગ અથવા અન્ય કોઈપણ માર્ગે પહોંચતા સહાયક ટ્રકોને પ્રવેશ આપવા માટે ઈઝરાયેલ પર સીધુ યુએસ દબાણ હશે. ગાઝામાં પેરાશૂટ કરાયેલ સહાયના બોક્સ તરફ ભાગતા હજારો ભૂખે મરતા પેલેસ્ટીનીઓના દૃશ્યો અને છબીઓ આપણી નિષ્ફળ નૈતિકતાના ઉદાહરણ તરીકે માનવતાની સામૂહિક સ્મૃતિમાં કોતરવામાં આવશે. સમાચાર અહેવાલોમાં એવા પણ પરિવારો વિશે વાત કરવામાં આવી હતી જેઓ ડ્રોપ કરાયેલ સહાય બોક્ષના વજન હેઠળ માર્યા ગયા હતા. સહાય બોક્ષમાંથી મોટા ભાગના ભૂમધ્ય સમુદ્રમાં પડ્યા હતા, જે ક્યારેય પુન:પ્રાપ્ત થવાના નથી. ગયા મહિને ગાઝા કિનારા પર યુએસ સૈન્ય દ્વારા બાંધવામાં આવેલા ગાઝા પિયરે પણ પરિસ્થિતિને ઓછી કરવા માટે થોડું કર્યું. તે માત્ર ૧૩૭ સહાયનું પરિવહન કરે છે. યુ.એસ.ના પોતાના અંદાજ મુજબ ટ્રકો ગાઝાની ખોરાકની જરૂરિયાતને માત્ર થોડા કલાકો માટે પૂરી કરવા માટે પૂરતી છે. ઘેરાબંધીના વર્ષો દરમિયાન ગાઝામાં દરરોજ આવતી સરેરાશ ૫૦૦ ટ્રકોએ પટ્ટીની ૨૦.૩ લાખ વસ્તીને જીવંત રાખી છે, તેમ છતાં તે હજુ કુપોષિત છે. યુદ્ધના પરિણામોનો સામનો કરવા અને વર્તમાન ભૂખમરાથી બચવા માટે ખાસ કરીને ઉત્તરમાં સહાયક ટ્રકોની સંખ્યા ઘણી વધારે હોવી જોઈએ. તેમ છતાં અમુક દિવસો સુધી એક પણ ટ્રક પીડિત વસ્તી માટે સહાય લઈને તેમના સુધી પહોંચી શકતી નથી. આ અસ્વીકાર્ય છે. આંતરરાષ્ટ્રીય સમુદાય માત્ર યુદ્ધનો અંત લાવવામાં નિષ્ફળ રહ્યો નથી, તે માનવતાવાદી સહાયને રાજકીય અને લશ્કરી ઉદ્દેશ્યોથી અલગ કરવામાં પણ નિષ્ફળ રહ્યો છે. રાજનીતિકરણ સહાયની સમસ્યા એ છે કે, નિર્દોષ નાગરિકો રાજકારણીઓ અને લશ્કરી માણસો માટે સોદાબાજીની ચીપ બની જાય છે. આ આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના પાયાની વિરુદ્ધ છે. ઈન્ટરનેશનલ રેડ ક્રોસ અનુસાર, હેગ કન્વેન્શન્સને ટાંકીને, "આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદો એ આંતરરાષ્ટ્રીય કાયદાની શાખા છે જે સશસ્ત્ર સંઘર્ષને કારણે થતા વિનાશ અને વેદના પર મર્યાદા લાદવાનો પ્રયાસ કરે છે." ગાઝામાં આવી કોઈ 'મર્યાદા' કોઈએ 'લાદેલી' નથી. ગાઝાને સહાય પૂરી પાડવી અને પટ્ટીના પુન:નિર્માણની ખાતરી કરવી એ વાટાઘાટો માટે રાજકીય વસ્તુ ન હોવી જોઈએ. તે મૂળભૂત માનવ અધિકાર છે જેનું કોઈ પણ સંજોગોમાં સન્માન કરવું જોઈએ. ગાઝા ઘેરો સમાપ્ત કરવા માટે ઈઝરાયેલ પર અર્થપૂર્ણ દબાણ મૂકવું આવશ્યક છે અને તાકીદની યોજનાઓનો મુસદ્દો તૈયાર કરવો આવશ્યક છે. આજથી યુએન માનવતાવાદી સંસ્થાઓ, આરબ લીગ અને પેલેસ્ટીની અને ગાઝા સત્તાવાળાઓ ગાઝાને સહાય પહોંચાડવા માટે જવાબદાર સંસ્થાઓના પ્રતિનિધિઓને સુનિશ્ચિત કરવા જોઈએ. ગાઝાને માનવતાવાદી સહાયનો ઉપયોગ રાજકીય લાભ તરીકે અથવા ક્રૂર યુદ્ધમાં સાધન તરીકે થવો જોઈએ નહીં, જેનો પ્રાથમિક ભોગ લાખો પેલેસ્ટીની નાગરિકો છે.

**(સૌ.: મિડલઈસ્ટમિરર.કોમ)**

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# નવા ક્રિમીનલ કાયદા સામે ઉઠતા ગંભીર સવાલો

બ્રિટીશ કાળના જૂના કાયદા રદ કરવાના નામે દેશભરમાં આજથી ઈન્ડિયન પીનલ કોડને બદલે 'ભારતીય ન્યાય સંહિતા' અમલી કરી દેવાઈ છે. આ સાથે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩, ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા ૨૦૨૩ તેમજ ભારતીય પુરાવા અધિનિયમ ૨૦૨૩ના નામે નવા કાયદા લાગુ થઈ ગયા છે.

કોઈપણ દેશની સરકાર જ્યારે સુધારણા કે સંશોધનના નામે કાયદામાં સુધારો કરે છે તો તેની પાછળનો આશય તેને વધુ માનવતાવાદી, વધુ તટસ્થ અને ન્યાયસંગત બનાવવાનો હોય છે પરંતુ આપણે ત્યાં બ્રિટીશ કાળના કાયદાના સ્થાને ભારતીય ન્યાય સંહિતાના નામે જે કાયદા લાગુ કરી દેવાયા છે તે બાબતે દેશના ઘણા જાગૃત નાગરિકો અને કાનૂનવિદોમાં આશંકા છે. જેમના મત મુજબ આ નવા ફોજદારી કાયદાઓને તેની સંભવિત વિનાશક અસરો કે પરિણામોની પૂરતી ચર્ચા કર્યા વિના લાગુ કરી દેવાયા છે. કોઈ એક પક્ષની નીતિ કે એજન્ડાની આમાં ગંધ આવી રહી છે. કેમ કે આની દૂરોગામી અસરો કેટલાક ચોક્કસ સમુદાયો કે વર્ગો પર પડી શકે છે. જેના કારણે અનેક લોકો ચિંતિત છે.

વાસ્તવમાં ૨૦૨૩માં જ્યારે ગત લોકસભામાં આ કાયદા ઘડવામાં આવે ત્યારે વિપક્ષના એક સાથે ૧૫૦ સાંસદોને સસ્પેન્ડ કરી દેવાયા હતા અને તેમની સંમતિ વિના એક પક્ષીય રીતે બહુમતીના જોરે આ કાયદા પસાર કરવામાં આવ્યા હતા અને હવે જ્યારે ફરી નવી લોકસભામાં એ જ જૂની સરકાર આવી છે ત્યારે તેણે કાયદાને અમલી બનાવી દેવાયા છે વળી તે વખતે પૂર્વ કેન્દ્રીય પ્રધાન અને દેશના જાણીતા કાનૂનવિદ પી. ચિદમ્બરમે જણાવ્યું હતું કે આ કાયદાઓ બાબતે વિવિધ રાજ્ય સરકારો, બાર એસોસિએશનો, રાજ્ય અને પોલીસ સંગઠનો, નેશનલ લો સ્કૂલ-યુનિવર્સિટીઓ, ન્યાયાધિશો, સુપ્રીમકોર્ટ અને હાઈકોર્ટના નામાંકિત નિવૃત્ત ન્યાયાધિશો કે દેશના વરિષ્ઠ વકીલો કે કાયદાશાસ્ત્રીઓની ન તો સલાહ લેવામાં આવી કે ન તો તેમને ટિપ્પણી કરવાનો સમય અપાયો અને એ ડ્રાફ્ટ બિલોને કાયદાનું સ્વરૂપ આપી દેવાયું અને હવે અમલી પણ બનાવી દીધા.

બીજી તરફ અગાઉ સર્વોચ્ચ અદાલતે પણ આ નવા કાયદાઓ સામે સંભવિત પડકારો અંગે કંઈ સાંભળવાનો એમ કહીને ઈન્કાર કરી દીધો હતો કે તે હજુ અમલમાં આવ્યા નથી. આ કાયદાઓ બાબતે દેશના ટોચના કાયદાશાસ્ત્રીઓના મંતવ્યો જોઈએ તો ભારતની સર્વોચ્ચ અદાલતમાં વરિષ્ઠ વકીલ સંજય હેગડે કહે છે કે, નવા કોડ હેઠળ, પોલીસકર્મીની કથિત અપરાધીની ધરપકડ કરવાની, તેને હાથકડી લગાડવાની અને તેને પોલીસ કસ્ટડીમાં રાખવાની સત્તા હવે વધારી દેવામાં આવી છે અને ન્યૂનતમ ન્યાયિક દેખરેખ સાથે તેની વિવેકબુદ્ધિ પર છોડી દેવામાં આવી છે. સ્ટેશનનો હવાલો સંભાળતા કોર્ટ અથવા પોલીસ અધિકારી ડિજિટલ પુરાવા ધરાવતા સંભવતઃ સંચાર ઉપકરણો સહિત કોઈપણ દસ્તાવેજોના સંચારના ઉત્પાદનનું નિર્દેશન કરી શકે છે. તપાસ અધિકારી (IO)ને પણ ટ્રાયલમાં શારીરિક રીતે હાજરી આપવાથી મુક્તિ આપવામાં આવી છે અને તેમની જુબાની વિડીયોગ્રાફી દ્વારા લઈ શકાય છે. ન્યાય સંહિતાની કલમ ૧૫૦ 'ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકતા કૃત્યો'ને અપરાધ બનાવે છે.

સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ અને હ્યુમન રાઈટ્સ લો નેટવર્કના સ્થાપક કોલિન ગોન્સાલ્વિસ કહે છે કે, બ્રિટિશ કાયદા વસાહતી અને કડક હતા, તો આ સરકાર દ્વારા ઘડવામાં આવેલ કાયદા ૧૦ ગણા વધુ કડક છે. અગાઉ પોલીસ કસ્ટડીના દિવસો ઘટાડવાનો પ્રયાસ થયો હતો. નવો કાયદો કહે છે કે પોલીસ કસ્ટડી ૯૦ દિવસ સુધી લંબાવી શકાય છે. તેથી, આ ત્રાસ ૧૫ દિવસ નહીં પરંતુ ૯૦ દિવસ ચાલુ રહેશે. આ એક જ કઠોર જોગવાઈ સમગ્ર કાયદાની નિંદા કરવા માટે પૂરતી છે.

ભારતના પૂર્વ વધારાના સોલિસિટર જનરલ ઈન્દિરા જયસિંગ કહે છે કે, આ ત્રણ નવા ફોજદારી કાયદા અમલમાં આવવાથી તો કાનૂની અને ન્યાયિક અવ્યવસ્થા થશે અને નાગરિકોના જીવન અને સ્વતંત્રતા જોખમમાં આવી શકે છે. આ નવા કાયદાઓ આવવાની સાથે, અદાલતોને પેન્ડિંગ બેચના કેસો તેમજ નવા કેસો કે જેના પર નવી જોગવાઈઓ લાગુ થશે અને નજીકના ભવિષ્ય માટે બે સમાંતર ફોજદારી ન્યાય પ્રણાલી હશે, જે ૨૦-૩૦ વર્ષ સુધી ચાલી શકે છે. મને ખબર નથી કે ભારત સરકારે કેસોના બેકલોગ પર નવા ફોજદારી કાયદાઓની અસર અંગે કોઈ અભ્યાસ હાથ ધર્યો છે કે નહીં?

નેશનલ લૉ યુનિવર્સિટીના પ્રો.અનુપ સુરેન્દ્રનાથે કહ્યું કે, આ નવા કાયદાઓમાં પણ વસાહતી તર્ક અને ઉદ્દેશ્યો છે. ડિકોલોનાઈઝેશનને બદલે આ ફોજદારી કાયદા દ્વારા રાજ્ય અને નાગરિક વચ્ચેના સંબંધોમાં કોઈ મૂળભૂત પરિવર્તન આવ્યું નથી. મૃત્યુની સજા પામેલા દોષિતો માટે રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલ તેમની માફી માટેની અરજી પર વિચાર કરવાની અંતિમ તક છે. આ ગરીબો સામે અયોગ્ય અને ભેદભાવપૂર્ણ જોગવાઈ છે.

ન્યાયાધીશો, વકીલો અને શિક્ષણવિદો વર્ષોથી, હાલના કાયદાઓની મોટાભાગની જોગવાઈઓથી પરિચિત છે. કાયદાના પુસ્તકાલયોમાં શણગારતા હાલના ગ્રંથો છે. તે બધાને હવે નવા ગ્રંથો ખરીદવાની ફરજ પાડવામાં આવશે.

આમ સરવાળે જોઈએ તો હવે આ નવા કાયદા જો એક દિવસ માટે પણ અમલમાં આવે તો (જે ખરેખર અમલી બની ચુકયા છે) પણ સુપ્રીમકોર્ટ તેના પર સ્ટે મંજૂર કરી શકશે નહીં તો તેનાથી વધુ મૂંઝવણ ઊભી થઈ શકે છે. આજે નવા કાયદા હેઠળ નોંધાયેલી એફઆઈઆર જૂના કાયદા હેઠળ ગણાશે નહીં પછી ભલે સુપ્રીમકોર્ટે નવા કાયદા હેઠળ સ્ટે મંજૂર કર્યો હોય તેથી સુપ્રીમકોર્ટ પણ રાહત આપવાનું ટાળી શકે છે. અગાઉ જણાવ્યું તેમ અગાઉ અરજી દાખલ કરવામાં આવી પરંતુ સુપ્રીમકોર્ટે સાંભળી ન હતી અને હવે તો ઘણુ મોડું થઈ ગયું છે. બાકી નાગરિક સમર્થક જૂથો અને સંગઠનોએ ૨૦૨૩માં આ કાયદો પસાર કરાયો ત્યારે જ અરજી દાખલ કરી હતી પરંતુ સુપ્રીમ સુનાવણી જ ન કરે તો શું કરી શકાય? બીજુ દેશમાં દલિતો અને ખાસ કરીને લઘુમતીએ પહેલાથી જ કાયદાના અતિરેકનો ભોગ બનતા હોવાથી ફરિયાદો સતત ઉઠતી આવી છે. ખાસ કરીને આવા કાયદાઓને લઈને મુસ્લિમોને વધુ નિશાન બનાવાય છે અને આ નવા કાયદાથી વધુ મુસ્લિમો ભોગ બની શકે છે. પરંતુ કમનસીબે મુસ્લિમોમાં આ બાબતે ખાસ કોઈ જાગૃતિ જ નથી મોટા ભાગના મુસ્લિમ જૂથો-સંગઠનો પણ ગાફેલ છે. આ કાયદો પસાર કરાયો ત્યારે ગત ઓગસ્ટ ૨૦૨૩માં જ આ સામે ચેતવતો એક વીડિયો મહેનત કરીને બનાવામાં આવ્યો હતો. પરંતુ જેને ખુદ મુસ્લિમોએ જ શેર કર્યો નહીં ત્યારે ફાસીવાદીઓ માટે આ નવા કાયદા દ્વારા મુસ્લિમોનું વધુ પીડન થાય તેવી શકયતા નકારી શકાય નહીં.

# NEET-NET : સિસ્ટમની બહારના ભ્રષ્ટ તત્ત્વોને તેને પાટા પરથી ઉતારવાની મંજૂરી આપવી જોઈએ નહીં

કરન્ટ ટોપિક

\- શશી મોતીલાલ



પરીક્ષાઓને હંમેશા જ્ઞાન, કૌશલ્ય, અભિરૂચિ અને મક્કમતા ચકાસવા માટે અંતિમ પડાવ તરીકે ગણવામાં આવે છે, ટૂંકમાં, અભ્યાસના ક્ષેત્રમાં અને/અથવા એવા પદ માટે વ્યક્તિની સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવાની એકંદર 'ક્ષમતા'. માટે તેમને તાલીમ આપવામાં આવે છે અને જગ્યાઓ કરતાં વધુ ઉમેદવારો હોવાની શક્યતા હોવાથી, નિષ્ણાતોની ટીમ દ્વારા નિર્ધારિત ધોરણોને પૂર્ણ ન કરતા હોય તેવા ઉમેદવારોને દૂર કરીને પરીક્ષાઓ યોગ્ય ઉમેદવારોને પસંદ કરવાની સૌથી ઉદ્દેશ્યપૂર્ણ, ન્યાયી અને સચોટ પદ્ધતિ બની જાય છે.

અને જ્યારે લાખોની સંખ્યામાં રાષ્ટ્રવ્યાપી ઉમેદવારો વચ્ચે સ્પર્ધા ગોઠવવામાં આવે છે, ત્યારે સરકાર દ્વારા સ્થાપિત એક સંસ્થા છે જે આવી જાહેર પરીક્ષાઓ યોજવા માટે જવાબદાર છે. તે સ્વાભાવિક છે કે આવી સંસ્થા પાસે મોટી જવાબદારી હોવી જોઈએ કારણ કે તેમાં સામેલ તમામ હિતધારકો, મુખ્યત્વે પરીક્ષાર્થીઓ માટે ઘણું બધું જોખમમાં હોય છે. ભારતમાં, આ મહત્વપૂર્ણ જવાબદારી ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળના NTA (નેશનલ ટેસ્ટિંગ એજન્સી) પર આવે છે. તેની પાસે માત્ર જાહેર પરીક્ષાઓનું સમયસર સંચાલન સુનિશ્ચિત કરવાનું જ નહીં, પરંતુ વધુ મહત્ત્વનું છે, પ્રશ્નપત્રનું સેટિંગ, ઉત્તરવહીઓનું મૂલ્યાંકન અને પરિણામોની ઘોષણાથી લઈને દરેક તબક્કે તેમની 'ન્યાયીતા' સુનિશ્ચિત કરવાનું વિશાળ કાર્ય છે.

જ્યાં સુધી પ્રશ્નપત્રોનો સંબંધ છે ત્યાં સુધી ઔચિત્યનું એક મહત્વનું પાસું 'ગુપ્તતા'નું તત્વ છે. NEET-UG ૨૪ પરીક્ષા (નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ)માં, આ સાથે ચેડાં કરવામાં આવ્યાં હતાં કારણ કે પરીક્ષા પ્રક્રિયાની પવિત્રતા અંગે ગંભીર ચિંતાઓ ઊભી કરતા પેપર લીકના આરોપો હતા. અને, બાબતોને વધુ ખરાબ કરવા માટે, તાજેતરની UGC NET (યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન-નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ), તે પણ NTA દ્વારા હાથ ધરવામાં આવી હતી, તે પરીક્ષાના બીજા દિવસે 'અખંડિતતામાં છેડછાડ'ના આધારે રદ કરવામાં આવી હતી. આ બે ગંભીર ઘટનાઓએ NTAને એવા કકળાટમાં મુકી દીધું છે કે જ્યાં તે હવે તમામ હિતધારકો, વિદ્યાર્થીઓ માટે જવાબદાર છે. દેશવ્યાપી વિરોધ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓમાં આક્રોશ રસ્તાઓ પર છવાઈ ગયો છે. કોર્ટમાં ઘણા પીઆઈએલ કેસ દાખલ કરવામાં આવ્યા છે અને આ મામલો હવે ન્યાયાધીન છે. આશા છે કે, સમય જતાં આ મામલાને કાયદાકીય રીતે ઉકેલવામાં આવશે. પરંતુ, NEET UG ૨૪ અને UGC NET કેસો આપણને સૂક્ષ્મ બિંદુ પર વિચાર કરવા દબાણ કરે છે - એક બિંદુ, જે કદાચ જાણીતું છે, પરંતુ હજુ સુધી વધુ ઓળખીતું નથી. તે 'એજન્ટ' અને જાહેર પરીક્ષા પ્રણાલીના 'પીડિત' વચ્ચેના સંબંધનો છે, જ્યાં 'એજન્ટ'નો અર્થ થાય છે, એ સિસ્ટમ (NTA) જે પરીક્ષા લે છે અને 'પીડિત'નો અર્થ થાય છે પરીક્ષાર્થીઓ. આ સંબંધની આપણી સમજને સમીક્ષાની જરૂર છે.

શાળાના શરૂઆતના વર્ષોથી જ, પરીક્ષાઓ દરેક વ્યક્તિ માટે ઉછરવાનો એક આંતરિક ભાગ રહી છે - આ શાળાની ઔપચારિક પરીક્ષાઓ અથવા સરળ કસોટીઓ હોઈ શકે છે જેનો કોઈ વ્યક્તિએ સામનો કરવો પડ્યો હોય જ્યાં કોઈ સ્થાનિક ક્રિકેટમાં સ્થાન શોધવા જેવી નાની તકો માટે સ્પર્ધા કરતો હોય. ટીમ અથવા શાળાની ડ્રામેટિક્સ ટીમમાં ભાગ માટે પસંદગી મેળવવી વગેરે. આથી, પરીક્ષાઓ નિયમિત છે અને સામાન્ય રીતે વધારે તણાવ પેદા કરતી નથી. જો કે, જ્યાં હોડ વધારે છે (NEET, NET વગેરે), ત્યાં માત્ર વધુ આકાંક્ષા, વધુ પ્રયત્નો, વધુ અપેક્ષાઓ સામેલ નથી પણ વધુ ખર્ચ પણ સામેલ છે. તેને 'મોટા' બનાવવાના સપના આ પરિબળોની આસપાસ વણાયેલા છે, ખાસ કરીને તે લોકો માટે જેઓ તેમની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કરવાના છે. કારણ કે, વિદ્યાર્થીઓ ઉપરાંત, તેમના કુટુંબીજનો, મિત્રો, શિક્ષકો અને કેટલીકવાર સમાજ અને ગામ પણ એવી 'સ્થિતિ'ની આશા રાખે છે જે તેમના માટે નામ અને ખ્યાતિ લાવશે. આ ઉત્સાહ જ પરીક્ષાર્થીઓને પરીક્ષાની કઠિન કસોટીઓ અને વિપત્તિઓમાંથી પસાર કરે છે. જે વિદ્યાર્થીઓ મહત્વપૂર્ણ જાહેર પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છે તેઓને ઘણીવાર ભગવદ ગીતાના મહાકાવ્ય શિક્ષણ વિશે કહેવામાં આવે છે જ્યાં કૃષ્ણ અર્જુનને આ રીતે માર્ગદર્શન આપે છેઃ કર્મણ્યે વાધિકારસ્તે, મા ફલેશો કડા ચના — તમને તમારા કાર્યો કરવાનો અધિકાર છે, પરંતુ તમે ફળ મેળવવાના હકદાર નથી. ક્રિયાઓ. મા કર્મ ફલા હેતુર ભૂર્મતેય સંગોસ્ત્વા અકર્મણી - ફળને તમારા કાર્યોનો હેતુ ન બનવા દો, અને તેથી, તમે તમારી ફરજ ન કરવા માટે આસક્ત થશો નહીં.

આ શ્લોકમાં મહત્વાકાંક્ષી વિદ્યાર્થી માટે પાઠ સ્પષ્ટ છે - તમારે શ્રેષ્ઠ પ્રયાસ કરવો જોઈએ અને પરિણામ પોતે જ આવશે, અભ્યાસ કરવાની ફરજ કે ધ્યેયની ભયંકર વિશાળતા અને તેને પ્રાપ્ત કરવામાં મુશ્કેલીઓ તમને તમારા પ્રદર્શનમાં અવરોધે અથવા નિષ્ફળ ન કરે. જો કે, NEET અને NETની નિષ્ફળતા સાથે, એવું લાગે છે કે એકલો વિદ્યાર્થી જ આ રમતમાં એકમાત્ર ખેલાડી નથી. સિસ્ટમ અથવા પ્રક્રિયા કે જેના દ્વારા વિદ્યાર્થીઓના પ્રયત્નોને કેટલાક માટે ઈચ્છિત પરિણામનો અને અન્ય માટે નિષ્ફળનો રસ્તો બનાવવામાં આવે છે, તે પણ એક નિર્ણાયક ખેલાડી છે. તંત્ર વિદ્યાર્થી જેટલું જ ફરજ સભાન છે. બંને પોતપોતાની ધાર્મિક ફરજોના બંધનમાં બંધાયેલા છે અત્યાર સુધી, એવું લાગતું હતું કે માત્ર વિદ્યાર્થીઓ જ તેમની સફળતા કે નિષ્ફળતા માટે સંપૂર્ણપણે જવાબદાર હતા, અને તે મુજબ માર્ગદર્શન મેળવતા હતા. પરીક્ષા પ્રણાલીની પ્રામાણિકતા વિશે કોઈ વિચારતું ન હતું - તે હંમેશા નિઃશંકપણે દોષરહિત હોવાનું માનવામાં આવતું હતું. પરંતુ, તાજેતરના તથ્યોએ તેને નકારી કાઢ્યું છે.

NEET અને NET ક્ષતિઓ આ ઘટસ્ફોટ માટે આંખ ખોલનારી હોવી જોઈએ કે મેરિટ, જેમ કે પરીક્ષાઓ પર આધારિત આ સમય-પરીક્ષણ પદ્ધતિના બંને 'એજન્ટ' અને 'દર્દીઓ' બે પૈડાં પર ચાલે છે જે એકસાથે આગળ વધવા જોઈએ. સિસ્ટમમાં વિશ્વાસ અને ભરોસો જે કેટલાકને તેમના લક્ષ્યો સુધી પહોંચવામાં અને કેટલાકને ફરીથી અને ફરીથી પ્રયાસ કરવા સક્ષમ બનાવે છે, તે પુનઃસ્થાપિત થવો જોઈએ.

NTA માટે એટલું કહેવું પૂરતું નથી કે તેણે UGC NET પરીક્ષા રદ કરીને 'આગળ પડતું' પગલું લીધું છે. આ સંરક્ષણ સમય અને પ્રયત્નોની ખોટ અને અન્ય નુકસાનની હારમાળાની ભરપાઈ કરતું નથી કે જે વિદ્યાર્થીઓને થયું છે. અલબત્ત, કોઈપણ સિસ્ટમ 'સંરક્ષિત' હોતી નથી અને તેમાં વિસંગતતાઓ હોય છે, પરંતુ તે ઘટાડવી જોઈએ, અને સિસ્ટમની બહારના ભ્રષ્ટ તત્વોને તેને પાટા પરથી ઉતારવાની મંજૂરી આપવી જોઈએ નહીં. વાસ્તવમાં, સિસ્ટમે આગળથી નેતૃત્વ કરવું જોઈએ. કારણ કે તે વધુ સશક્ત છે, અનુભવ અને કુશળતા બંને ધરાવે છે. નિષ્કર્ષમાં, પરીક્ષાર્થીઓ અને પરીક્ષા આપનારી સિસ્ટમ બંનેનું ભાવિ એકસાથે ઉઠે છે કે પડે છે. બેમાંથી એક બીજા દ્વારા કરવામાં આવેલા પ્રમાણિક અને નિષ્ઠાવાન પ્રયત્નો વિના તે આગળ વધી શકતું નથી.

કવિતાની નીચેની પંક્તિ ભાવનાનો સારાંશ આપે છેઃ

**આશા છે બધાને ખ્યાલ આવશે**
**કે અમારી સફળતા ઘણાની ઋણી છે**
**અને આપણી હારના ઘણા કારણો છે**
**કોઈ હોડી પોતાની મેળે ડૂબતી નથી**
**ન તો તે એકલી કિનારે પહોંચે છે**
**ચાલો હોડીઓ વચ્ચેના અંતરને ઘટાડીએ**

દરેકને કિનારા સુધી પહોંચાડવામાં આપણી પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરીએ.

**(સ્ત્રોત : શશી મોતીલાલ, એક ચુસ્કી ચાય કી, પુરી પ્યાલી પ્યાર કી)**

**(સૌ. : ધ ક્વિન્ટ.કોમ)**

ભાગ-૧

# 'લાઠીઓ, ધમકીઓ અને ગોળીબાર' : કેવી રીતે ભાજપે યુપીમાં સાંકડી જીત હાંસલ કરી

## ફર્રૂખાબાદમાં જ્યાં ભાજપ માત્ર ૨,૬૭૮ મતોથી જીત્યો હતો, સમાજવાદી પાર્ટીના સમર્થકોનો આરોપ છે કે તેમને મતદાન કરવાથી રોકવામાં આવ્યા હતા. મતદાન ડેટા આ દર્શાવે છે

ચર્ચા

\- આયુષ તિવારી

૧૩ મેના રોજ જ્યારે ઉત્તર પ્રદેશના ફર્રૂખાબાદમાં મતદાન થયું ત્યારે સમાજવાદી પાર્ટીએ આરોપ લગાવ્યો કે ખીરી પમરન ગામમાં બોગસ વોટ નાખવામાં આવી રહ્યા છે. ચૂંટણી અધિકારીઓએ ફરિયાદને ફગાવી દીધી હતી, છ દિવસ પછી એક વીડિયો સામે આવ્યો હતો જેમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાના પુત્રને પક્ષની તરફેણમાં આઠ વોટ આપતા દર્શાવવામાં આવ્યો હતો. આ યુવક પર પોલીસે ગુનો નોંધ્યો હતો અને મુખ્ય ચૂંટણી અધિકારીએ ગામમાં ફરી મતદાન કરવાનો આદેશ આપ્યો હતો. પરંતુ સમાજવાદી પાર્ટીએ આરોપ લગાવ્યો હતો અને ચૂંટણી અધિકારીઓએ મતવિસ્તારની અવગણના કરી હતી તે ચૂંટણીમાં ધાંધલીનો આ એકમાત્ર દાખલો નથી. ગયા અઠવાડિયે ચૂંટણીના પરિણામો આવતાં, આ ફરિયાદોએ તાજું મહત્ત્વ મેળવ્યુંઃ ભાજપે ૨,૬૭૮ મતોના નજીવા માર્જિનથી ફર્રૂખાબાદ જીતી લીધું. મતવિસ્તારમાં ૧૦ લાખથી વધુ મતદાન થયું હતું. જો ફરિયાદોને ગંભીરતાથી લેવામાં આવી હોત તો પરિણામ અલગ હોત? સ્ક્રોલ તપાસ કરવા મતવિસ્તારમાં ગયું.

મતદાનના ત્રણ અઠવાડિયા પછી, સંખ્યાબંધ મતદારો હજુ પણ આબેહૂબ રીતે યાદ કરે છે કે કેવી રીતે તેઓને ભાજપના કાર્યકરો દ્વારા ડરાવવામાં આવ્યા હતા અને મતદાન કરવાથી અટકાવવામાં આવ્યા હતા, મતદાન મથકથી દૂર જેહ્રૈ પીછો કરવામાં આવ્યો હતો અથવા તેઓએ મતદાન કર્યા પછી માર માર્યો હતો. તેમાંથી મોટાભાગના શાક્ય અને યાદવ મતદારો હતા, જેમણે કહ્યું હતું કે તેઓએ અખિલેશ યાદવની આગેવાની હેઠળની સમાજવાદી પાર્ટીને મત આપવાનું આયોજન કર્યું હતું. પરસુપુર ગામના ૪૦ વર્ષીય ખેડૂત અશોક યાદવ, મંગદપુર ગામના ઠાકુરો દ્વારા દાદાગીરી કરવામાં આવી હોવાનું યાદ કરે છે, જ્યાં મતદાન મથક સ્થિત હતું. તેણે તેમની ઓળખ ભાજપના નેતાના સહયોગી તરીકે કરી હતી. ''તેઓએ કહ્યું કે અમે તમને મત આપવા નહીં દઈએ અને જો તમારે માર ખાવો હોય તો જ તમે ગામમાં પ્રવેશી શકો. અમે ખેતરોમાંથી ગોળીબારના કેટલાક અવાજો પણ સાંભળ્યા હતા. યાદવને આખરે માર મારવામાં આવ્યો હતો. ત્રણ અઠવાડિયા પછી, તે હજી પણ હોસ્પિટલમાં હતો, તેની પાંસળી પર હુમલાના કાળા નિશાન હતા.સ્ક્રોલ દ્વારા તપાસવામાં આવેલ અધિકૃત ડેટા મતદાર દમનના આરોપોને વિશ્વાસ આપે છે. ગામડાઓમાં જ્યાં આ બનાવો સપાટી પર આવ્યા છે, મતદાન પડોશી ગામો તેમજ અગાઉની ચૂંટણીઓમાં નોંધાયેલા મતદાન કરતાં નોંધપાત્ર રીતે ઓછું હતું. માત્ર ઓછા મતો જ નહીં, મોટા ભાગના મત ભાજપની તરફેણમાં પડ્યા હતા. સ્ક્રોલએ ભારતના ચૂંટણી પંચ અને લખનૌમાં મુખ્ય ચૂંટણી અધિકારીને પત્ર લખીને આ આરોપો અંગે તેમનો જવાબ માંગ્યો હતો. જો અમને પ્રતિસાદ મળશે તો આ વાર્તા અપડેટ કરવામાં આવશે.



નાગલા ભગ્ગુ ગામના મતદારો તેમની મતદાર માહિતીની સ્લીપ સાથે. તેમાંથી કોઈ પણ ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં મતદાન કરી શક્યું નથી. : આયુષ તિવારી

**૫૦૦ મતદારોનું ગામ**

નાગલા ભગ્ગુ એટા જિલ્લાના અલીગંજ બ્લોકમાં આવે છે. તેમાં લગભગ એક હજાર રહેવાસીઓ છે, જેમાંથી મોટા ભાગના શાક્યો છે, જેઓ બટાકા અને મકાઈની ખેતી કરે છે અને નજીકના હાઈવે સાથે ધૂળિયા રસ્તાથી જોડાયેલા છે. ગામમાં ૫૦૦ જેટલા નોંધાયેલા મતદારો છે. પરંતુ તેમાંથી એક પણ ૧૩ મેના રોજ મતદાન કરી શક્યું ન હતું, કેટલાક ગ્રામજનોએ સ્ક્રોલને જણાવ્યું હતું. વર્ષોથી, ગામના રહેવાસીઓ પડોશના ગામ કાદરાગંજના મતદાન મથકમાં મતદાન કરે છે, જે રાજ્યમાં અન્ય પછાત વર્ગ તરીકે સૂચિબદ્ધ જાતિ જૂથ લોધીઓનું પ્રભુત્વ ધરાવે છે. ૨૦૧૪થી ફર્રૂખાબાદનું પ્રતિનિધિત્વ ભાજપના મુકેશ રાજપૂત દ્વારા કરવામાં આવ્યું છે, જે જાતિ દ્વારા લોધી છે. શાક્યો, એક ઓબીસી સમુદાય પણ, આ વિસ્તારમાં સંખ્યાત્મક લઘુમતી છે. મતદાનના દિવસે, સવારે ૫.૩૦ વાગ્યાની આસપાસ, નાગલા ભગ્ગુના રહેવાસી રઘુવીર સિંહ, કૃષ્ણ મુરારી, રમેશ અને તેમના છ મિત્રો કાદરાગંજ પહોંચ્યા. મુરારી અને રમેશને કાદરાગંજ મતદાન મથક પર સમાજવાદી પાર્ટીના ઉમેદવાર દ્વારા પોલિંગ એજન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, જો કે તેઓએ તેમના ફોર્મ પ્રિસાઈડિંગ ઓફિસરને સબમિટ કરવાના બાકી હતા. "પરંતુ બીજેપી કાર્યકર ધીરેન્દ્ર રાજપૂતે અમારી પાસેથી ફોર્મ છીનવી લીધા અને અમને જતા રહેવાનું કહ્યું," ચૂંટણી પરિણામો જાહેર થયા પછી નાગલા ભગ્ગુમાં મંદિરના પ્રાંગણમાં બેઠેલા રઘુવીર સિંહ યાદ કરે છે. કાદરાગંજમાં બીજેપીની બૂથ કમિટીના સભ્ય રાજપૂત અને જાતિ દ્વારા લોધીએ આ આરોપને નકારી કાઢ્યો હતો. મતદાન કેન્દ્ર પર દલીલ થઈ અને સિંહ, મુરારી અને રમેશે પોતાનું સમર્થન કર્યું. "અમે પણ પોતાનો મત આપવા માંગતા હતા અને ખાતરી કરવા માંગતા હતા કે અમારૂં ગામ પણ મતદાન કરે." પણ એવું ન થયું. નાગલા ભગ્ગુના માણસોએ કહ્યું કે તેમને મતદાન કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી અને કાદરાગંજના રાજપૂત અને અન્ય ગ્રામજનો દ્વારા તેમનો પીછો કરવામાં આવ્યો હતો.

**(સૌ.: સ્ક્રોલ.ઈન)** **(ક્રમશઃ)**

# બાલાસિનોરની મોહંમદી ઉચ્ચ. માધ્યમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



બાલસિનોર, તા.૩૦

તા. ૨૭/૦૬/૨૦૨૪ના રોજ મોહંમદી ઉ.મા.શાળા બાલાસિનોર મુકામે શાળામાં પ્રવેશોઉત્સવ તેમજ કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મદદનીશ ખેતી નિમાયક આઈ.એસ.વ્હોરા તેમજ સી.આર.સી સલિયાવડી સહદેવભાઈ ડી ચૌહાણ પધાર્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના ઈ.આચાર્ય મોહમ્મદ હનીફ દેવવાલા તેમજ શાળાના પ્રમુખ હાજી રસીદભાઈ કાપડિયા, કારોબારી સભ્યો, શાળા સ્ટાફ, વાલી મિત્રો તેમજ ઉપસ્થિતિ અધિકારીઓ દ્વારા ધોરણ-૯ અને ધોરણ-૧૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમની રૂપરેખા અનુસાર જ્ઞાનગંગા પ્રકલ્પ પુસ્તકનું વિમોચન, વિદ્યાર્થીઓનું સન્માન શાળા પરિસર મુલાકાત તથા SMC/SMDC શાળા સંચાલક મંડળ સાથે બેઠક તેમજ વૃક્ષારોપણ કરી પ્રવેશોત્સવને સફળ બનાવવામાં આવ્યું હતું.

# અંકલેશ્વર પંથકમાં ધોધમાર વરસાદથી જનજીવન ખોરવાયું



**(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)**

અંકલેશ્વર, તા.૩૦

અંકલેશ્વર પંથકમાં છેલ્લા ૨ દિવસથી વરસાદી વાતાવરણ વચ્ચે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે ત્યારે આજે રવિવારે પણ સવારથી જ ધોધમાર વરસાદ વરસ્યો હતો ત્યારે શહેરની નીચાણ વાળી સોસાયટી ઓના માર્ગો ઉપર પાણી ભરાતા રહીશો મુશ્કેલીમાં મુકાયા હતા ત્યારે ખેડૂતોમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. અંકલેશ્વર તાલુકામાં છેલ્લા બે દિવસથી વરસાદી વાતાવરણ વચ્ચે મેઘરાજા મહેરબાન થયા છે. આજરોજ વહેલી સવારથી જ વરસાદ વરસતા જનજીવન ખોરવાયું હતું, ધોધમાર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરતા લોકોએ રાહત અનુભવી હતી, વરસી રહેલા ધોધમાર વરસાદના પગલે દિવા રોડ ઉપર આવેલ નિચાણ વાળી સોસાયટીઓના મુખ્ય માર્ગ ઉપર પાણી ફરી વળતા વાહનચાલકો અને રહીશો મુશ્કેલીમાં મુકાયા હતા તો કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. જો કે મેઘરાજા મહેરબાન થતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# પાલેજ પંથકમાં મન મૂકીને મેઘરાજા વરસતા ધરતીપુત્રોમાં આનંદની લાગણી

પાલેજ, તા.૩૦ : પાલેજ સહિત આસપાસનાં ગામોમાં શનિવારે મોડી રાત્રે ખેતી લાયક સારો વરસાદ પડતાં ખેડૂતો ખુશ ખુશાલ થઈ ગયા છે. મેઘો મન મૂકીને વરસ્યો હતો. શરૂઆતમાં વરસાદની એન્ટ્રી સારી હતી. રવિવારે દિવસ દરમ્યાન વરસાદ ધીમી ધારે પડ્યો હતો. વાદળ ઘેર્યા વાતાવરણ વચ્ચે વરસાદની હેલી થઈ હતી. પાલેજ પંથકમાં એકંદરે વરસાદ સતોષકારક પડ્યો હતો. ખેડૂતોની સિંચાઈ અંગેની ચિંતાદૂર થઈ હતી. પાલેજ સહિત આસપાસમાં કપાસની મુખ્યત્વે ખેતી પકવતા ખેડૂતોનાં ખેતરોમાં દિવસ દરમ્યાનમાં વરસાદ ચાલું રહેતાં ખેડૂતો આમ લોકોમાં આનંદ ઉત્સાહ વ્યાપી ઉઠ્યો હતો. વરસાદ પડતાં ગરમીનો પ્રકોપ દૂર થતાં વાતાવરણમાં ઠંડક ફેલાય જવા પામી હતી. એકંદરે પાલેજમાં વરસાદની એન્ટ્રી ખુબજ શાંતિ પૂર્ણ રહી હતી.

પાનોલી જીઆઈડીસીમાં આવેલા કેમિકલ ઉત્પાદિત કરતી કંપનીનું

# સુરત જિલ્લાના ગોથાણ ગામે આવેલ ખાડીમાં ૨૮ ટન ઝેરી કેમિકલ ઠાલવવા જતું ટેન્કર ઝડપાયું

## કેમિકલ વેસ્ટનો જથ્થો ગેરકાયદે ડમ્પિંગ સાઈટમાં ખાલી કરાવાતા હોવાના કૌભાંડનો જિલ્લા એલસીબીએ પર્દાફાશ કર્યો, ટેન્કર માલિક તેમજ બે કર્મી સામે ફરિયાદ : ડ્રાઈવર-ક્લિનરની ધરપકડ

અંકલેશ્વર, તા.૩૦ : પનોલીના VAP WROLD CHEMICALS નામની ફેક્ટરી માંથી જોખમી કેમિકલ ભરાયુંનું આવ્યું છે. પાનોલી જીઆઈડીસીમાં આવેલી કેમિકલ ઉત્પાદિત કરતી કંપની સુરત જિલ્લામાં પોતાનો કેમિકલ વેસ્ટનો જથ્થો ગેરકાયદે ડમ્પિંગ કરાવતી હોવાનું કૌભાંડ સુરત જિલ્લા એલસીબીએ ઝડપી પાડ્યું છે. પાનોલીથી સુરત જિલ્લાના ગોથાણ ગામે આવેલ ખાડીમાં કેમિકલ છાલવવા જતા ટેન્કરને શિયાલજ ગામની સીમમાં બાતમીના આધારે પકડાયું હતું. ટેન્કર માંથી જોખમી ૨૮ ટન ઝેરી કેમિકલ મળી આવ્યું હતું. પોલીસે ટેન્કર સાથે ડ્રાઈવર અને ક્લિનરની ધરપકડ કરી હતી. પાનોલી જીઆઈડીસીમાં આવેલી VAP WROLD CHEMICALS નામની ફેક્ટરીમાંથી જોખમી કેમિકલ ભરાયું હતું. જ્યારે કેમિકલ ભરવા ટેન્કર મોકલનાર ટેન્કર માલિક ઝેરી કેમિકલ ભરાવનાર ફેક્ટરી માલિક તેમજ તેના બે કર્મચારીઓ ઉપર કોસંબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી છે. જીપીસીબી વધુ એક વખત નિંદ્રામાં હોવાનું સપાટી ઉપર આવ્યું છે. અંકલેશ્વર પાનોલી જીઆઈડીસી માંથી ઝેરી કેમિકલનો ગેરકાયદે નિકાલ કરી તેનો જમીનમાં ઉતારવાનો વેપલો મોટા પ્રમાણમાં ચાલી રહ્યો છે.આ વેપલાને ડામવા માટે જીપીસીબી સદંતર નિષ્ફળ નીકળ્યું હોય તેમ આવા ટેન્કર પકડાઈ રહ્યા છે. ગત વર્ષે પણ માંગરોળ તાલુકાના મોટા બોરાસરા જીઆઈડીસીમાં એક ફેક્ટરીમાં ગેરકાયદે સંગ્રહ કરવામાં આવેલા કેમિકલના બેરલને ખોલતી વખતે કેમિકલ લીકેજ તથા ત્રણ જણાના મૃત્યુ થયા હોવાની ઘટના બની હતી. આ ઉપરાંત સુરત જિલ્લામાં પલસાણામાં ટેન્કરમાંથી કેમિકલનો નિકાલ કરતી વખતે કેમિકલ લાગી જવાથી કેટલાક મજૂરોના મૃત્યુ થયાની ઘટનાઓ બની હતી. અંકલેશ્વર પાનોલી જીઆઈડીસી માંથી મોટા પ્રમાણમાં ઝેરી કેમિકલનો ગેરકાયદે નિકાલ કરવામાં આવે છે. પાનોલીની હદ પર જ કોસંબા આવેલું હોવાથી કોસંબાના આજુબાજુના વિસ્તારમાં મોટા પ્રમાણમાં ઝેરી કેમિકલ અને કચરો નિકાલ કરવામાં આવે છે. જેમાં કેમિકલ ભરેલા ટેન્કરોને કીમ નદીના કોતર અને ખાડીઓમાં છોડવામાં આવતા હોય તેનું પાણી કીમ નદીમાં જતા ઝેરી કેમિકલને કારણે છાશવારે કીમ નદીમાં માછલા અને જળચરો મરવાની ઘટનાઓ બનતી આવે છે.



**(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)**

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# નવા ક્રિમીનલ કાયદા સામે ઉઠતા ગંભીર સવાલો

બ્રિટીશ કાળના જૂના કાયદા રદ કરવાના નામે દેશભરમાં આજથી ઈન્ડિયન પીનલ કોડને બદલે 'ભારતીય ન્યાય સંહિતા' અમલી કરી દેવાઈ છે. આ સાથે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩, ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા ૨૦૨૩ તેમજ ભારતીય પુરાવા અધિનિયમ ૨૦૨૩ના નામે નવા કાયદા લાગુ થઈ ગયા છે.

કોઈપણ દેશની સરકાર જ્યારે સુધારણા કે સંશોધનના નામે કાયદામાં સુધારો કરે છે તો તેની પાછળનો આશય તેને વધુ માનવતાવાદી, વધુ તટસ્થ અને ન્યાયસંગત બનાવવાનો હોય છે પરંતુ આપણે ત્યાં બ્રિટીશ કાળના કાયદાના સ્થાને ભારતીય ન્યાય સંહિતાના નામે જે કાયદા લાગુ કરી દેવાયા છે તે બાબતે દેશના ઘણા જાગૃત નાગરિકો અને કાનૂનવિદોમાં આશંકા છે. જેમના મત મુજબ આ નવા ફોજદારી કાયદાઓને તેની સંભવિત વિનાશક અસરો કે પરિણામોની પૂરતી ચર્ચા કર્યા વિના લાગુ કરી દેવાયા છે. કોઈ એક પક્ષની નીતિ કે એજન્ડાની આમાં ગંધ આવી રહી છે. કેમ કે આની દૂરોગામી અસરો કેટલાક ચોક્કસ સમુદાયો કે વર્ગો પર પડી શકે છે. જેના કારણે અનેક લોકો ચિંતિત છે.

રિલાયન્સ જિયો અને એરટેલના પ્રીપેડ ગ્રાહકો પાસે આગામી ભાવ વધારાથી બચવા માટે ૪ દિવસનો સમય છે, જે ૩ જુલાઈ, ૨૦૨૪થી શરૂ થશે. પોસ્ટપેડ વપરાશકર્તાઓ, તેમ છતાં, આ વધારો ટાળી શકતા નથી. Jioની કિંમતમાં ૧૨-૨૫%ની રેન્જ છે, જ્યારે એરટેલની કિંમત ૧૧-૨૧%ની વચ્ચે છે. ઉદાહરણ તરીકે, ૧.5GB દૈનિક ડેટા વાળો Jioનો લોકપ્રિય રૂા.૨૩૯ના માસિક પ્લાન માટે હવે રૂા.૨૯૯નો ખર્ચ કરવો પડશે, જે ૨૫%નો ઉછાળો છે. બંને કંપનીઓ માટે વાર્ષિક ડેટા પેકની કિંમતમાં ૬૦૦ રૂપિયા સુધીનો તફાવત હોઈ શકે છે. ૩ જુલાઈ પહેલા કરાયેલા પ્રીપેડ રિચાર્જ તેમની વર્તમાન કિંમતો જાળવી રાખશે, પછી ભલે પ્લાનને પાછળથી બંધ કરવામાં આવે અથવા તને વધારવામાં આવે. ખાસ કરીને લાંબા ગાળાની યોજનાઓ પર આ બચતની તક આપે છે. જો તમે Jio અથવા Airtel સબ્સ્ક્રાઈબર છો, તો તમે તમારા રિચાર્જને અગાઉથી શેડ્યૂલ કરી શકો છો.તમારે ફક્ત ૩ જુલાઈ પહેલા ઈચ્છિત સમયગાળા માટે રિચાર્જ કરવાની જરૂર છે, અને તમારા રિચાર્જ ક્રમિક રીતે સક્રિય થઈ જશે. મહેરબાની કરીને નોંધી લો કે, આ વિકલ્પ ફક્ત Jio અને Airtel સબ્સ્ક્રાઈબર્સ માટે જ ઉપલબ્ધ છે. વોડાફોન આઈડિયાના




સબ્સ્ક્રાઈબર્સ તેમના રિચાર્જને સુનિશ્ચિત કરી શકતા નથી, અને જો તેઓ બહુવિધ રિચાર્જ કરે છે, તો તેમની બધી યોજનાઓ એક જ સમયે શરૂ થશે. એરટેલ સબ્સ્ક્રાઈબર્સ કતારમાં ઊભા રહી શકે તેવા રિચાર્જની સંખ્યા વિશે કોઈ માહિતી નથી. જો કે, Jioએ પુષ્ટિ કરી છે કે, તેના સબ્સ્ક્રાઈબર્સ માસિક અથવા વાર્ષિક ધોરણે ૫૦ રિચાર્જ સુધી કતાર લગાવી શકે છે. એરટેલે તેની અમર્યાદિત 5G ડેટા ઑફરમાં કોઈ ફેરફાર કર્યો નથી, જ્યારે રિલાયન્સ જિયોએ તેની અમર્યાદિત ૫૨ ડેટા ઑફર મેળવવા માટેની આવશ્યકતાઓને અપડેટ કરી છે. જિયોનો મફત અમર્યાદિત ૫૨ ડેટા મેળવવા માટે સબસ્ક્રાઈબર્સને હવે 2GB અથવા તેનાથી વધુ પ્લાન માટે રિચાર્જ કરવાની જરૂર પડશે. પોસ્ટપેડ વપરાશકર્તાઓ પાસે ભાવવધારાથી બચવાનો કોઈ તાત્કાલિક રસ્તો નથી પરંતુ જો તેમના ડેટા વપરાશને મંજૂરી આપે તો તેઓ તેમના આગામી બિલિંગ ચક્ર માટે ઓછા પ્લાન પર સ્વિચ કરવાનું વિચારી શકે છે.

# દિલ્હીમાં એક મંદિર પાસે ગાયનો મૃતદેહ મળી આવતા ભાજપના નેતાએ બે લાખ મુસ્લિમોની કતલ કરવાની હાકલ કરી, સ્થાનિકોએ તેની સામે રાષ્ટ્રીય સુરક્ષા કાયદાની માંગ કરી

(એજન્સી) તા.૩૦

દિલ્હીના સંગમ વિહારમાં મંદિરથી થોડે દૂર એક પ્રાણીનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટના બાદ કરનૈલ સિંહ નામના વ્યક્તિએ ૨ લાખ મુસ્લિમોની કતલ માટે હાકલ કરી હતી. તણાવ વધી જતાં આ વિસ્તારના સ્થાનિક મુસ્લિમોને ક્યાંક બહાર જતા રહેવા માટે કહેવામાં આવ્યું છે. કરનૈલસિંહ નામનો આ વ્યક્તિ ગળામાં બીજેપીનો ખેસ પહેરીને દિલ્હીના સંગમ વિહાર વિસ્તારમાં એક પોલીસ અધિકારીને ધમકી આપતાં સાંભળવા મળે છે કે, 'તમારી પાસે બધુ કરવા માટે ૪૮ કલાકનો સમય છે. નહીંતર, અહીં ૧.૫ કે ૨ લાખ મુસ્લિમો છે, અમે તે બધાને મારી નાખીશું.'

પોલીસે આ વ્યક્તિ ભાજપનો હોવાનો ઈનકાર કર્યો છે. હિન્દુસ્તાન ટાઈમ્સ અનુસાર, ભાજપના પ્રવક્તાએ પણ આ વ્યક્તિ સાથે કોઈ સંબંધ હોવાનો ઈક્કાર કર્યો છે. તેમણે કહ્યું, 'અમારી માહિતી મુજબ, તે ફરીદાબાદનો છે અને બદનામ કરવા માટે સંગમ વિહાર આવ્યો હતો. પોલીસે કાયદા મુજબ કાર્યવાહી કરવી જોઈએ. અમે આવી ક્રિયાઓને સમર્થન આપતા નથી.' આ દરમિયાન પોલીસે જણાવ્યું છે કે, તેઓ ગૌહત્યાના કથિત કેસની તપાસ કરી રહ્યા છે અને જેણે આ 'દુષ્કર્મ' કર્યું છે તેને શોધવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. કરનૈલ સિંહે વર્ષ ૨૦૨૨માં પણ કથિત રીતે ભડકાઉ નિવેદનો આપ્યા હતા. યુટ્યુબ ચેનલ ચલાવતા સ્થાનિક રહેવાસી મોહમ્મદ મુસરરતે ક્લેરિયન ઈન્ડિયાને જણાવ્યું હતું કે, ૨૨ જૂને J2B





કોલોનીમાં ગાયનો મૃતદેહ મળ્યા બાદ તેણે આ નિવેદન આપ્યું હતું. આ ઘટના બાદ સ્થાનિક મુસ્લિમ આગેવાનોએ પણ હવે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. લગભગ એક ડઝન લોકો દ્વારા સહી કરાયેલી આ ફરિયાદમાં સિંહની ધરપકડ અને તેની સામે રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA) લાગુ કરવાની માંગ કરવામાં આવી છે. ફરિયાદમાં લખવામાં આવ્યું છે, 'વિધાનથી લોકોમાં ગભરાટ ફેલાયો છે, જે સંભવિત અશાંતિની ચેતવણી સમાન છે. મુસરરતે ક્લેરિયન ઈન્ડિયાને એ પણ કહ્યું છે કે, હિન્દુત્વવાદી નેતાઓ વારંવાર વિસ્તારમાં આવી જાય છે. રવિવારે વિસ્તારમાં તણાવ હતો, હાલ પરિસ્થિતિ શાંતિપૂર્ણ છે. હિન્દુત્વવાદી નેતાઓએ કથિત ગૌહત્યાના વિરોધમાં પીપલ ચોક ખાતે વિરોધ કરવાની હાકલ કરી હતી. તેઓએ 'હનુમાન ચાલીસા'નો પાઠ કરીને કૂચ કરવાની પણ યોજના બનાવી હતી, પરંતુ પોલીસે દરમિયાનગીરી કરીને કૂચ અટકાવી દીધી હતી. સત્તાવાળાઓ એ તપાસ કરી રહ્યા છે કે, મૃતદેહ કોઈ રખડતા કૂતરા ખેંચી લાવ્યા હતા કે કોઈ પ્રાણીની ખરેખર કતલ કરવામાં આવી હતી. મંદિરની નજીક શબ મળવાથી તણાવ વધી ગયો હતો અને તેથી એક ડઝન જેટલા મુસ્લિમ પરિવારોએ વિસ્તાર છોડી દીધો હતો. કેટલાકે તેમના ભાડાના ઘરો ખાલી કરી દીધા છે, જ્યારે કેટલાક તેમના મકાનોને તાળા મારીને અન્યત્ર રહેવા ચાલ્યા ગયા છે. મુસરરતે નોંધ્યું હતું કે, હિન્દુત્વ સમર્થકો આ વિસ્તારની મુલાકાત અવારનવાર લેતા રહે છે. 'તેમને પાકિસ્તાન મોકલો' 'કટવે' અને 'આતંકવાદીઓ' જેવા સૂત્રોચ્ચાર કરે છે અને અપશબ્દો પણ બોલે છે. સ્થાનિક મુસ્લિમોએ જણાવ્યું છે કે, તેઓ પણ આ ગૌહત્યા વિરૂદ્ધ ફરિયાદ કરવા હાથ મિલાવ્યા છે અને તેમના 'હિંદુ ભાઈઓ' સાથે હંમેશની જેમ ઉભા છે.

# સુરેશ ચવ્હાણકે અને રોશન સિન્હા જેવા ભાજપના 'અનધિકૃત આઈટી સેલ'ને મોદીના શપથ ગ્રહણ માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું

(એજન્સી) તા.૩૦

ભાજપની આગેવાની હેઠળની એનડીએ ૪ જૂને લોકસભામાં ૨૯૩ બેઠકો સાથે સત્તામાં પરત આવી છે. અખિલેશ યાદવે કહ્યું હતું કે, ભાજપની નકારાત્મક રાજનીતિનો સૂર્ય આથમી ગયો છે અને હવે તે સકારાત્મક, રચનાત્મક રાજકારણ શરૂ થયું છે.

જો કે, એવું જાણવા મળ્યું છે કે ભાજપે રાયસીના હિલ્સ ખાતે આયોજિત શપથવિધિ સમારોહમાં ઘણા અગ્રણી કટ્ટર સામાજિક મીડિયા પ્રભાવકોને આમંત્રણ આપ્યું છે. જેઓ મુસ્લિમ સમુદાયને નિશાન બનાવીને સાંપ્રદાયિક નફરત અને ખોટી માહિતી શેર કરતાં રહે છે. તેઓ ભાજપના 'અનધિકૃત આઈટી સેલ' છે. લોકસભાની ચૂંટણી માટેના સમગ્ર પ્રચાર દરમિયાન, આ પ્રભાવકોએ સત્તાવાર IT સેલની સાથે ખંતપૂર્વક તેમનો ભાગ ભજવ્યો હતો, સોશિયલ મીડિયા પર ભાજપ તરફી પ્રચાર કર્યો હતો, અને મુસ્લિમ સમુદાયને ખલનાયક બનાવીને અને વિપક્ષ વિશેના જૂઠાણાં રજૂ કર્યા હતા.

**રૌશન સિન્હા**

X (Twitter) વપરાશકર્તા @MrSinha_, જેનું અસલી નામ રૌશન સિન્હા છે, તે પ્લેટફોર્મ પર પોતાની ઓળખ 'ભારતીય રાજકીય વિવેચક' અને 'હિંદુ અધિકાર કાર્યકર્તા' તરીકે આપે છે. તે પ્લેટફોર્મ પરના સૌથી અગ્રણી કટ્ટર હિન્દુ પ્રભાવકોમાંના એક છે. તે અસંખ્ય પ્રસંગો પર સાંપ્રદાયિક ખોટી માહિતી શેર કરતો જોવા મળ્યો છે એટલું જ નહીં, ટ્વિટરની નીતિનું ઉલ્લંઘન કરવા બદલ તેનું હેન્ડલ પણ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. ૯ જૂનના રોજ, સિંહાએ તેમને સંબોધિત આમંત્રણ પત્રની એક છબી ટ્વિટ કરી અને લખ્યું 'એક ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવાની તક મોદી ૩.૦ લોડિંગ.' છેલ્લા બે મહિનામાં Alt News દ્વારા સિન્હાની ઓછામાં ઓછી સાત વખત હકીકત તપાસ કરવામાં આવી છે. જેમાં કોંગ્રેસ અને રાહુલ ગાંધીને સીધા નિશાન બનાવતા ખોટા દાવાઓનો સમાવેશ થાય છે.

ડિસેમ્બર ૨૦૨૨માં જ્યારે ભારતીય ક્રિકેટર ઋષભ પંતનો એક જીવલેણ કાર અકસ્માત થયો હતો, @MrSinha_એ ટ્વિટ કર્યું હતું કે આ દુર્ઘટના રોહિંગ્યા પ્રભાવિત વિસ્તારમાં થઈ હતી અને તેને મદદ કરવાને બદલે, સ્થાનિક લોકોએ તેનો તમામ સામાન લૂંટી લીધો અને ભાગી ગયા હતા. આ સંપૂર્ણ રીતે ખોટું હતું, કારણ કે પોલીસે એક વીડિયો નિવેદનમાં સ્પષ્ટતા કરી છે. હકીકતમાં, હરિયાણા રોડવેઝ બસ ઓપરેટરોએ પંતને બચાવ્યો હતો. બંનેએ પોલીસનો સંપર્ક કર્યો હતો, પંતનો જીવ બચાવ્યો હતો અને પેરામેડિક્સ તેમને લઈ જઈ રહ્યા હતા ત્યારે તેમની કિંમતી ચીજવસ્તુઓ તેમને સોંપી હતી.

**સુરેશ ચવ્હાણકે**

ઈસ્લામોફોબિક ન્યૂઝ આઉટલેટ સુદર્શન ન્યૂઝના એડિટર-ઈન-ચીફ સુરેશ ચાવહાંકે પણ સમારંભમાં હાજર હતા. તેણે રાષ્ટ્રપતિ ભવનમાં પોતાનો એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં કેપ્શન હતું, "જય શ્રી રામ' સ્કાર્ફ પહેરીને, હું મોદી ૩.૦ના ઐતિહાસિક શપથ ગ્રહણ સમારોહમાં તમારા વતી હાજર છું."

સુદર્શન ન્યૂઝ અને તેના પત્રકારોનો ખતરનાક સાંપ્રદાયિક-વિભાજનકારી ખોટી માહિતીનો પ્રચાર કરવાનો ઈતિહાસ છે. તેને ઘણીવાર ભાજપ તરફથી સમર્થન મળ્યું છે. ચાવહાંકે ઉશ્કેરણીજનક ભાષણો આપવા માટે પણ કુખ્યાત છે. જુલાઈ ૨૦૨૩માં તેણે મહારાષ્ટ્રના કોપરગાંવમાં મુસ્લિમો વિરૂદ્ધ ઉગ્ર અને દ્વેષપૂર્ણ ભાષણ આપ્યું હતું. ૨૦૨૦માં સુદર્શન ન્યૂઝ પર ચાવહાંકે દ્વારા આયોજિત એક શોમાં 'UPSC જેહાદ'ની કાવતરાની થિયરી રજૂ કરવામાં આવી હતી, ચૂંટણી દરમિયાન, સુદર્શન ન્યૂઝ સતત ધિક્કાર ભાષણ અને સાંપ્રદાયિક ખોટી માહિતી ધરાવતી સામગ્રી પ્રકાશિત કરે છે. દલિત સોલિડેરિટી ફોરમ, ઈન્ડિયન અમેરિકન મુસ્લિમ કાઉન્સિલ, ઈન્ડિયા સિવિલ વોચ ઈન્ટરનેશનલ, હિંદુઝ ફોર હ્યુમન રાઈટ્સ અને ટેક જસ્ટિસ લો પ્રોજેક્ટ દ્વારા સંયુક્ત રિપોર્ટમાં ૨૬ વીડિયો હાઈલાઈટ કરવામાં આવ્યા છે જેણે અપ્રિય ભાષણ, ખોટી માહિતી અને મુદ્રીકરણ પર YouTubeની નીતિઓનું ઉલ્લંઘન કર્યું છે. ખાસ કરીને ચિંતાની વાત એ છે કે આમાંથી ૧૭ વીડિયો મતદાન દરમિયાન બહાર પાડવામાં આવ્યા હતા.

**અભિજિત અય્યર-મિત્રા**

ઈન્સ્ટિટ્યૂટ ઑફ પીસ એન્ડ કોન્ફિલક્ટ સ્ટડીઝના વરિષ્ઠ ફેલો અભિજિત અય્યર-મિત્રાએ તેમને મોકલેલા PMના શપથવિધિ સમારોહ માટેના આમંત્રણ કાર્ડની એક તસવીર ટ્વિટ કરી અને PM મોદીનો આભાર માન્યો. મિત્રાએ ખુલ્લેઆમ મુસ્લિમો પ્રત્યેનો તેમનો ઊંડો અણગમો દર્શાવ્યો છે. દાખલા તરીકે, ૨૦૨૦માં તેણે Alt Newsના સહ-સ્થાપક મોહમ્મદ ઝુબેર પર કાનપુર મેડિકલ કોલેજના પ્રિન્સિપાલની ટીકા કરવા માટે હુમલો કર્યો, જેમણે તબલીગી જમાતના સભ્યોને "આતંકવાદી" તરીકે ઓળખાવ્યા હતા.

મિત્રાની ૨૦૧૮માં ભુવનેશ્વર પોલીસે જગન્નાથ અને કોણાર્ક મંદિરો પર કથિત રીતે અપમાનજનક ટ્વિટ કરવા બદલ ધરપકડ કરી હતી. મિત્રા ખોટી માહિતી અને પ્રચાર કરે છે. તેમના દ્વારા કરવામાં આવેલા ખોટા દાવાઓ Alt News દ્વારા ઘણી વખત તથ્ય-તપાસ કરવામાં આવ્યા છે. માર્ચ ૨૦૨૨માં મિત્રાએ દાવો કર્યો હતો કે રશિયાએ ભારતીય નાગરિકોના સુરક્ષિત સ્થળાંતર માટે ૬ કલાક માટે યુદ્ધ અટકાવ્યું હતું. આ જુઠ્ઠાણાને ખુદ કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયે જ રદિયો આપ્યો છે.

**નુપુર જે. શર્મા અને જે. સાઈ દીપક**

હિન્દુ પ્રચાર આઉટલેટ OpIndiaના મુખ્ય સંપાદક નુપુર જે.શર્માને પણ સમારોહમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેણીને સંબોધિત આમંત્રણ કાર્ડની છબીઓ ધરાવતી ટ્વિટમાં, તેણીએ લખ્યું કે, ઈતિહાસનો એક ભાગ બનવાની રાહ જોઈ રહી છું. તેણે સુપ્રીમ કોર્ટના વકીલ જે.સાઈ દીપક સાથેની સેલ્ફી પણ ટ્વિટ કરી. શર્મા સંપાદિત કરે છે તે પ્રચાર વેબસાઈટ ઘણા વર્ષોથી સાંપ્રદાયિક ખોટી માહિતી અને કાવતરાના સિદ્ધાંતોનો પ્રચાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે. આ આઉટલેટ પરના 'પત્રકારો' ઘણીવાર ખુલ્લેઆમ ઈસ્લામોફોબિક લેખન શૈલીનો ઉપયોગ કરે છે, તેઓ 'લવ જેહાદ'ના સિદ્ધાંતને મજબૂત રીતે સમર્થન આપે છે. માર્ચ ૨૦૨૩માં તમિલનાડુમાં બિહારી સ્થળાંતર કામદારો પરના હુમલા વિશે ખોટી માહિતી ફેલાવવા બદલ શર્મા પર OpIndiaના CEO રાહુલ રૂશન સાથે કેસ કરવામાં આવ્યો હતો. તેણી પત્રકારો અને પ્રભાવકોને વ્યક્તિગત રૂપે લક્ષ્ય બનાવવા માટે એક ખાસ વલણ ધરાવે છે.

કટ્ટર પબ્લિક ઈન્ટેલેક્ચ્યુઅલ જે.સાઈ દીપક મે ૨૦૨૩માં એક ઈન્ટરવ્યુ આપ્યો હતો, જ્યાં અલ્હાબાદિયાએ દીપકને ત્રણ લોકોના નામ આપવા કહ્યું કે જેમણે ભારત છોડવું જોઈએ અને ક્યારેય પાછા નહીં ફરવું જોઈએ. દીપકે ત્રણ અગ્રણી ભારતીય બૌદ્ધિકોના નામ આપ્યા હતા: રોમિલા થાપર, પ્રોફેસર ઈરફાન હબીબ અને બરખા દત્ત. નોંધનીય છે કે રોમિલા થાપર અને ઈરફાન હબીબ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ઈતિહાસકારો છે અને બરખા દત્ત વરિષ્ઠ પત્રકાર છે. આ ત્રણેય મોદી સરકારના ટીકાકાર છે. તેણે સમગ્ર ઈન્ટરવ્યુ દરમિયાન નફરતભર્યા ભાષણ અને ખોટી માહિતી પણ આપી હતી.

**ઋષિ બાગરી**

ઋષિ બાગરી જેઓ ખોટી માહિતી અને સાંપ્રદાયિક નફરત ફેલાવતા જોવા મળે છે, તે X પર વિશાળ ફોલોઅર્સ ધરાવતા અગ્રણી કટ્ટર પ્રભાવક છે. બાગરીને શપથવિધિ સમારોહમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું અને તેમણે આમંત્રણની એક છબી શેર કરી હતી અને મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પાકિસ્તાન કોર્ટે PMOને ગુપ્તચર એજન્સીઓને કોઈપણ ન્યાયિક મામલાઓમાં દખલગીરી કરવાથી દૂર રહેવા જણાવ્યું

(એજન્સી) લાહોર, તા.૩૦

પાકિસ્તાનની ટોચની અદાલતે શનિવારે વડાપ્રધાન કાર્યાલયને ઈન્ટર-સર્વિસીસ ઈન્ટેલિજન્સ (આઈએસઆઈ) સહિત દેશની શક્તિશાળી ગુપ્તચર એજન્સીઓને કોઈ પણ ન્યાયાધીશ અથવા તેમના સ્ટાફના સભ્યનો અનુકૂળ ચુકાદો મેળવવા માટેના નિર્દેશો જારી કરવા નિર્દેશ આપ્યો હતો. ગુપ્તચર એજન્સીઓ ખાસ કરીને ISI, મિલિટરી ઈન્ટેલિજન્સ (MI) અને ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) પર ઘણા ન્યાયાધીશો થકી,ખાસ કરીને ભૂતપૂર્વ વડાપ્રધાન અને પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ના સ્થાપક ઈમરાન ખાન, તેમની પાર્ટીના નેતાઓ અને સમર્થકો માટે, ઈચ્છિત ચુકાદાઓ મેળવવા માટે વિવિધ માધ્યમો દ્વારા દબાણ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ઈસ્લામાબાદ હાઈકોર્ટના આઠમાંથી લગભગ તમામ છ ન્યાયાધીશો અને પંજાબની આતંકવાદ વિરોધી અદાલતોના કેટલાક ન્યાયાધીશોએ અનુક્રમે પાકિસ્તાનના મુખ્ય ન્યાયાધીશ અને લાહોર હાઈકોર્ટ (LHC)ના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખીને તેમનું ધ્યાન આ તરફ દોર્યું છે. ન્યાયિક બાબતોમાં ગુપ્તચર એજન્સીઓની ખુલ્લી દખલગીરી તેમના ઈચ્છિત ચુકાદાઓ આપવા માટે તેમને મજબૂર કરે છે. તેમાંથી કેટલાકે ફરિયાદ કરી હતી કે, તેમણે ન્યાયાધીશો પર દબાણ લાવવા માટે તેમના પરિવારના સભ્યોને ગુપ્તચર એજન્સીઓ



દ્વારા ઉપાડી લેવડાવ્યા હતા. લાહોર હાઈકોર્ટના જસ્ટિસ શાહિદ કરીમે શનિવારે આઈએસઆઈના કર્મચારીઓ દ્વારા ઉત્પીડન વિરૂદ્ધ પંજાબના સરગોધા જિલ્લામાં ATC જજની ફરિયાદ પર વડાપ્રધાન કાર્યાલયને લેખિત નિર્દેશો જારી કર્યા હતા. ન્યાયાધીશે તેમના લેખિત આદેશમાં જણાવ્યું હતું કે, 'ગુપ્તચર એજન્સીઓ વડાપ્રધાનના આદેશ હેઠળ આવતી હોવાથી તેની ક્રિયાઓ માટે વડાપ્રધાન જવાબદાર અને જીમ્મેદાર છે. વડાપ્રધાન કાર્યાલય તરફથી ISI અને IB સહિતની તમામ લશ્કરી એજન્સીઓને ભવિષ્યમાં કોઈપણ હેતુ માટે ઉચ્ચ ન્યાયતંત્ર અથવા ગૌણ ન્યાયતંત્ર અથવા તેમના સ્ટાફના કોઈપણ સભ્યનો કોઈપણ ન્યાયાધીશનો સંપર્ક ન કરવાના કડક નિર્દેશો અંગે સૂચનાઓ બહાર પાડવામાં આવશે.' પંજાબ પોલીસ માટે પણ આવા જ નિર્દેશ જારી કરવામાં આવ્યા છે. કોર્ટે કહ્યું કે, તેના આદેશનો અમલ ન કરવાના કિસ્સામાં, ઈન્સ્પેક્ટર જનરલ અને પોલીસ વડા વ્યક્તિગત રીતે જવાબદાર રહેશે અને તેમના વિરુદ્ધ તિરસ્કારની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. એલએચસીએ પંજાબભરના એટીસી ન્યાયાધીશોને, ગુપ્તચર એજન્સીઓ તરફથી ન્યાયિક કાર્યવાહીને પ્રભાવિત કરવા માટે કરવામાં આવેલા આવા તમામ કોલનો રેકોર્ડ રાખવા માટે તેમના મોબાઈલ ફોન પર કૉલ-રેકોર્ડિંગ એપ્લિકેશન્સ ડાઉનલોડ કરવા જણાવ્યું છે. સરગોધા એટીસી જજ નેશનલ એસેમ્બલીમાં વિપક્ષી નેતા ઓમર અયુબ સહિત કેટલાક પીટીઆઈ નેતાઓના કેસોની સુનાવણી કરવાના હતા જ્યારે તેમને કહેવામાં આવ્યું હતું કે, આઈએસઆઈના એક વરિષ્ઠ અધિકારી તેમની ચેમ્બરમાં તેમને મળવા માંગે છે. ન્યાયાધીશે ના પાડી, ત્યારપછીના દિવસોમાં તેમના પરિવારને નિશાન બનાવીને ઉત્પીડનની ઘણી ઘટનાઓ બનવા પામી હતી. પીટીઆઈના પ્રવક્તા રાઉફ હસને જણાવ્યું હતું કે, દૂષિત અને સારી રીતે વિચારેલા કાવતરાના ભાગરૂપે જનાદેશ ચોર સરકાર અને તેના હેન્ડલર્સ ન્યાયતંત્રને તેમની પસંદગીના નિર્ણયો લેવા દબાણ કરી રહ્યા છે. તેમણે કહ્યું, ન્યાયાધીશો અને તેમના પરિવારના સભ્યોને બાનમાં રાખીને તેમના આ વલણનો ઉપયોગ અદાલતોને ન્યાય આપવાથી રોકવા માટે નવી યુક્તિઓ તરીકે કરવામાં આવી રહ્યો છે. ન્યાયિક બાબતોમાં આવા બેશરમ હસ્તક્ષેપને ઈસ્લામાબાદ હાઈકોર્ટના છ ન્યાયાધીશોએ પત્ર દ્વારા પહેલેથી જ વર્ણવ્યો છે.'

# પાલનપુર ખાતે એ.એમ.પી. દ્વારા ફ્રી નોકરી ભરતી મેળો યોજાયો : ૭૮ ઉમેદવાર પસંદગી પામ્યા

પાલનપુર, તા.૩૦

પાલનપુરમાં નવાબસાહેબ તાલેમહંમદખાનજી હાઈસ્કૂલ ખાતે એસોસિએશન ઓફ મુસ્લિમ પ્રોફેશનલ્સ (AMP) દ્વારા ઓલ ઈન્ડિયા એક્ષ્પોર્ટસ ગૃપના સહયોગથી ફ્રી નોકરી ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોઈ પણ જાતના ધર્મ, સંપ્રદાય અને નાતજાતના ભેદભાવ વગર શિક્ષિત બેરોજગાર યુવાનોને નોકરી મેળવવાની તક આપવામાં આવી હતી. આ ભરતી મેળામાં મેનેજમેન્ટ, બેંકિંગ, ફાઈનાન્સ, માર્કેટિંગ, મેન્યુફેકચરિંગ, ફાર્મા અને રિક્રૂટિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલી ૧૪ કંપનીઓએ ભાગ લીધો હતો. જેમાં ભાગ લેવા માટે ૮૦૦ જેટલા ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી ભરતી મેળામાં ૭૩૧ જેટલા ઉમેદવારોએ ઉપસ્થિત રહી ઈન્ટરવ્યૂ આપ્યા હતા. આ ઉમેદવારો પૈકી ૨૭૩ ઉમેદવારો શોર્ટલિસ્ટ થયા હતા. જેમાંથી ૭૮ જેટલા ઉમેદવારો પસંદગી પામી નોકરી મેળવવા માટે ભાગ્યશાળી બન્યા હતા. આ પ્રસંગે ભરતીમેળાના સહયોગી ઓલ ઈન્ડિયા એક્ષ્પોર્ટસ ગૃપના ફાઉન્ડર પ્રેસિડેન્ટ મહેમુદ સૈયદે જણાવ્યું હતું કે, મેં એક બિઝનેસમેન તરીકે આવા અનેક ભરતીમેળા જોયા છે ત્યારે આવો એક ભરતીમેળો મારા વતન પાલનપુર ખાતે યોજાય તે માટે હું પ્રયત્નશીલ હતો એવામાં એ.એમ.પી. દ્વારા આ ભરતીમેળાનું આયોજન કરવામાં આવતા એના આયોજન માટે મેં સહયોગ પૂરો પાડ્યો છે અને અવારનવાર આવા ભરતીમેળા યોજાય અને વધુમાં વધુ શિક્ષિત બેરોજગારો નોકરી મેળવે એ માટે અમે એ.એમ.પી.ના સહકારથી પ્રયત્નશીલ રહીશું. આ ભરતીમેળાની સફળતા માટે તાલેમહંમદખાનજી હાઈસ્કૂલના પ્રમુખ અઝમતખાન સિંધી, નિયામક હયાતુલ્લાખાન બિહારી, સ્પોન્સર મહેમુદ સૈયદ, એનજીઓ વેસ્ટર્ન રિઝિયન AMP ઈન્ચાર્જ ઈમ્તિયાઝ શેખ, AMP પાલનપુર ચેપ્ટર હેડ ડો. લુકમાન મેમણ, આચાર્ય ડો. નસીમબેન પઠાણ, શાફિયા વ્હોરા, સમીઉલ્લાહ સૈયદ, આસિફ સૈયદ સહિત અનેક સેવાભાવી લોકોએ સહયોગ પૂરો પાડ્યો હતો.



# વડોદરામાં ચોમાસા પહેલા બનાવેલ રોડ બેસી જતા ભ્રષ્ટાચારની શકયતા

## મોટનાથ મહાદેવ મંદિર પાસેથી ગદા સર્કલ તરફ જવાનો માર્ગ તૂટી ગયો



(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૩૦

વડોદરા શહેરના મોટનાથ મહાદેવથી ગદા સર્કલ જવાના રોડ પર કોન્ટ્રાક્ટરનો બોલતો ભ્રષ્ટાચાર દેખાઈ રહ્યો છે. ચોમાસા પહેલા બનાવેલ રોડ તૂટી જતા વાહન ચાલકોને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવી રહ્યો છે. ચોમાસુ આવે એટલે કોન્ટ્રાક્ટર અધિકારીની મિલીભગતની પોલ ખૂલી જાય છે. વડોદરા શહેરમાં દરેક વિસ્તારમાં રોડ તૂટી જવાના બનાવો સામે આવી રહ્યા છે. રોડ પર ભુવા પડે રોડ બેસી જાય કે રોડ પર ખાડા પડી જતી હોય છે. સ્માર્ટ સિટી વડોદરામાં દર વર્ષે પ્રિ-મોનસુનની કામગીરી તદ્દન ફેલ જાય છે.

વડોદરા શહેરના મોટનાથ મહાદેવથી ગદા સર્કલ જવાના રોડ પર ચોમાસા પહેલા બનાવેલો રોડ બેસી ગયો હતો. રોડ પર તિરાડો પડેલી દેખાવા જોવા મળી રહી હતી. દેખાય છે કે, કોન્ટ્રાક્ટરે હલકી ગુણવત્તાની કામગીરી કરી હોય તેની પર પાલિકાના અધિકારીનું સુપરવાઈઝર કરવામાં નથી આવી રહ્યું તે પણ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જોકે આવી રીતે રોડ તૂટી જવાના બનાવવાના કારણે નાગરિકોને હેરાન પરેશાન થવું પડે છે. રોડમાં પણ અધિકારીને અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી ભ્રષ્ટાચારની પોલ ખુલી હતી.

### સામાન્ય વરસાદમાં જ જળબંબાકાર જેવી સ્થિતિ

# માંગરોળના હાર્દસમા શિફા રોડની બિસ્માર હાલત, વાહનચાલકો-રાહદારીઓને હાલાકી

## રોડ પર થીંગડા મારવાને બદલે વ્યવસ્થિત કામગીરી કરવા લોકમાંગ

(સંવાદદાતા દ્વારા)

માંગરોળ તા.૩૦

જૂનાગઢ જિલ્લાના માંગરોળ શહેરના તમામ મુખ્ય રસ્તાઓ બિસ્માર હાલતમાં જોવા મળે છે. અહી છેલ્લા એક દાયકાથી ફક્ત પેચવર્કના નામે ડામરની પોપડીઓ ચડાવવાથી વિશેષ કોઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી. માંગરોળનો હાર્દસમા શિફારોડ ખખડધજ જોવા મળી રહ્યો છે. આ રોડ પર મોસમોટા ખાડાઓ પડી ગયા છે. રસ્તાનું સ્તર નિચલું હોવાથી ઉપરવાસમાંથી આવતા પાણીથી રોડ નદીમાં ફેરવાઈ જાય છે. ઘણીવાર ભારે વરસાદના કારણે રોડ બંધ થઈ જાય છે. ભારે પાણીનો પ્રવાહ અને મસમોટા ખાડાઓના કારણે આ રોડ પરથી પસાર થવું જોખમી બની જાય છે. સ્થાનિકોની અનેક ફરિયાદો સામે પણ તંત્રએ કોઈ તકેદારી લીધી નથી. આ રોડ પર શહેરની હોસ્પિટલ આવેલી છે. અહીંથી દરરોજ અનેક ગંભીર બિમારીઓથી પીડિત દર્દીઓ અને એમ્બ્યુલન્સની રાતદિવસ અવરજવર રહે છે. તદુપરાંત અનેક પ્રાયમરી સ્કૂલો, મોટા મદ્રેસા પણ આ રોડ પર આવેલા છે. આ તમામ સ્કૂલો અને મદ્રેસાઓમાં અભ્યાસ કરતા હજારો બાળકો અને વિદ્યાર્થીઓ શિફારોડ પરથી પસાર થાય છે. મસમોટા ગાબડાઓ અને નદીની જેમ વહેતા પૂરમાં નાના બાળકોનુ અભ્યાસ અર્થે પસાર થવું જોખમી બની રહ્યું છે. એક જાગૃત રાહદારી જણાવે છે કે, શિફારોડનાં વરસાદી પાણીનાં નિકાલમાં પાલિકાતંત્ર સંપૂર્ણ નિષ્ફળ નિવડ્યું છે. રસ્તા પરના મસમોટા વહેણો તળાવમાં ફેરવાઈને જોખમી બન્યાં છે. લોકોનાં જીવ સાથે જાણે રમત રમાઈ રહી છે! આવા અનેક રાહદારીઓ અને સ્થાનિકો રજૂઆતો અને ફરિયાદો હોવા છતાં તંત્ર આ રોડ પ્રત્યે ઓરમાયું વર્તન દાખવી રહી હોવાનું લોકો જણાવી રહ્યા છે. આજ વિસ્તારમાંથી ચૂંટાયેલા અને હાલ પોતાને મોટા લોકોસેવક ગણાવી રહેલા નેતા પણ આ બાબતે નિષ્ક્રિય બની ગયા છે. એન્જિનિયરિંગ પ્લાન મુજબ રોડ બનાવી આ સમસ્યાનો કાયમી ઉકેલ કેમ લાવવામાં આવતો નથી? તેવા સવાલો લોકોમાં ભારે રોષ ફેલાવી રહ્યા છે.



(તસવીર : યુસુફ ચુડલી, માંગરોળ)

# ડભોઈમાં હિન્દુ-મુસ્લિમોએ ભેગા થઈ ભારતના વિજયની ઉજવણી કરી

ડભોઈ, તા.૩૦

ડભોઈ શહેર ટાવર ચોકમાં એકતાનું પ્રતીક દેખાયું ભારત વર્લ્ડ કપ જીતા ત્યારબાદ તિરંગો લહેરાવવામાં આવ્યો હતો એકબીજાને પેંડા ખવડાવીને ખુશી વ્યક્ત કરી હતી. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે t20 વર્લ્ડ કપ ફાઈનલ મેચમાં ભારતે રસાકસી બાદ વિજય મેળવતા ડભોઈ શહેર ખાતે હિંદુ-મુસ્લિમોએ ભેગા થઈ તિરંગા લહેરાવી રેલી કાઢી વિજેતાની ખુશી મનાવવામાં આવી હતી. ગતરોજ બાર્બાડોજ મેદાન ખાતે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટી ટવેન્ટી વર્લ્ડ કપ ફાઈનલ મેચ રમાઈ જેમાં ભારતના પ્રથમ ૧૭૭નો ટાર્ગેટ ચેસ કરવાનો દક્ષિણ આફ્રિકાને પડકાર આપવામાં આવ્યો હતો આફ્રિકો બીજા દાવમાં ૧૭૦ રન બનાવી સમેટાઈ ગઈ હતી. ભારતે છેલ્લી ઓવર સુધી રસાકસી સાથે આ ટી ટવેન્ટી વર્લ્ડ કપ ૨૦૨૪નો ખિતાબ ભારતે પોતાના નામે કરી લીધો આ વર્લ્ડ કપ ૧૭ વર્ષ બાદ ફરી ઈન્ડિયા જીત્યું અને સમગ્ર ભારત દેશમાં વર્લ્ડ કપ જીતની ખુશીનો મહોલ છવાઈ ગયો દેશભરના શહેરો સહિત ડભોઈમાં પણ હિન્દુ-મુસ્લિમોએ ભેગા થઈને તિરંગા લહેરાવી ટાવર ચોકમાંમાં ક્રિકેટ રસીયાઓએ રેલીઓ કાઢી વર્લ્ડ કપની ખુશી મનાવી હતી.



### બોડેલીના ભગવાનપુરા ગામ પાસે

# નર્મદા કેનાલના પાણીમાંથી ૧૯ વર્ષની યુવતીની લાશ મળી આવી

બોડેલી, તા.૩૦

બોડેલી તાલુકાના ભગવાનપુરા ગામ પાસે બોડેલી નર્મદા કેનાલના પાણીમાંથી એક ૧૯ વર્ષ યુવતી લાશ મળી આવતા બોડેલી પોલીસ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બોડેલી તાલુકાના સાલપુરા ગામની પ્રિતિબેન દિલીપ ભાઈ બારીયા (ઉં.વ ૧૯) તા.૨૮/૦૬ના રોજ ઘરેથી રંગલી ચોકડી કોલેજમાં પરિક્ષા આપવા ગઈ હતી. ચાર વાગ્યાના સુમારે પ્રિતિ બેનના મોબાઈલથી અજાણ્યા ઈસમ પ્રિતિ બેન સાથેના પરિવાર સાથે વાત કરી જણાવેલ કે પ્રીતિબેન બેગ અને મોબાઈલ અલ્હાદપુરા ગામ પાસે આવેલ ઑરસંગ નદીના કેનાલના બનાવેલ એકવાડેક પર બિનવારસી હાલતમાં પડેલ છે જેથી પ્રીતિ બેનના પરિવારજનો નર્મદા કેનાલ પર દોડી આવી પ્રીતિ બેનની શોધખોળ આદરી હતી. પ્રીતિ બેનની લાશ બોડેલી તાલુકાના ભગવાનપુરા બોડેલી નર્મદા મુખ્ય કેનાલના પાણીમાંથી મળી આવી હતી. બોડેલી પોલીસને જાણ કરતા બોડેલી પોલીસ લાશ બહાર નીકળી પી.એમ.માં મોકલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

# વીરપુરના કોયડમ ગામની શાળામાં કન્યા કેળવણી-શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ

વીરપુર, તા.૩૦

મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાની કોયડમ ગામની બી આર પટેલ હાઈસ્કૂલ ખાતે મહિસાગર જીલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો જેમાં ૨૫૨ જેટલા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક આપી પ્રવેશ કરાયો હતો. વિરપુર તાલુકાના કોયડમ ગામની બી.આર.પટેલ હાઈસ્કૂલ ગુરૂવારના રોજ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી સી.એલ.પટેલ, લાયઝન ઓફિસર પીનલભાઈ પટેલ, બી.આર.સી.નીરવભાઈ બારોટ, કેળવણી મંડળના પ્રમુખ જે.એસ.પટેલ, વિરપુર તાલુકા પંચાયતના સદસ્ય જવાનસિંહ બારીયા, કોયડમ ગ્રામ પંચાયતના પ્રતિનિધી બળવંતભાઈ બારીયા તથા મેડીકલ સ્ટાફ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ધોરણ ૯ના કુમાર ૮૪ તથા કન્યા ૭૨ અને ધોરણ ૧૧ના કુમાર ૫૪ તથા કન્યા ૪૨-કુલ ૨૫૨ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક તથા ચોકલેટ આપી પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત રમત-ગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર સ્પર્ધકોને દાતાઓ તથા તત્ત્વજ્ઞાન વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવનાર ૪ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમની ખાસ વિશેષ બાબત-ચીખલી વસાહત ગામના રત્નાભાઈ તથા સંગીતાબેનની ૩ જુડવા દીકરીઓએ ધોરણ ૯માં પ્રવેશ મેળવેલ છે. જેમના નામ ગંગા, જમુના અને સરસ્વતી છે. આ પરિવાર અંતરિયાળ વિસ્તારમાં સંઘર્ષ ભરી પરિસ્થિતિમાં જીવન પસાર કરે છે આ ત્રણેય બહેનોએ કાર્યક્રમમાં હાજર રહેલ સૌનું ધ્યાન આકર્ષિત કરેલ છે. આ ત્રણેય બહેનોને કેળવણી મંડળના પ્રમુખ જે.એસ. પટેલ તરફથી ધોરણ ૧૨ સુધી અભ્યાસઅર્થે દર વર્ષે રૂા.૫,૦૦૦/- આપવાની જાહેરાત કરવામાં આવી હતી તેમજ શાળાના સિનીયર શિક્ષક એચ.ડી.પટેલ આ ત્રણેય બહેનોને અભ્યાસ અર્થે રૂા.૫,૦૦૦/-નું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું હતું.



# અંકલેશ્વરના પીરામણમાં શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવ ઊજવાયો

અંકલેશ્વર, તા.૩૦

સ્વચ્છ શાળા સુંદર શાળા પીરામણમાં પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપપ્રમુખ, જિલ્લા પંચાયત ભરૂચ આરતીબેન પટેલ, તાલુકા પંચાયત સભ્ય ફેમિદાબેન મહેતા તથા રૂટ લાયઝન અને કેળવણી નિરીક્ષક ભક્તિબેન કોસમીયા ઉપસ્થિત રહ્યા હતા. મંચસ્થ મહાનુભવોના હસ્તે આંગણવાડીના ભૂલકાઓ, બાલવાટિકાના બાળકો, ધો.૧થી ૮માં નવા પ્રવેશ તથા પુનઃપ્રવેશ પામેલ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક તથા કિટ અર્પણ કરી પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. પ્રવેશોત્સવની ઉજવણીમાં દાતા જુબેરભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત શાળામા પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર, ૧૦૦% હાજરી ધરાવતા, પુસ્તકાલયની સુંદર કામગીરી કરનાર કન્વીનર વિદ્યાર્થીઓ, જ્ઞાનસેતુ-જ્ઞાન સાધનામાં શ્રેષ્ઠ દેખાવ કરનાર, પ્રાથમિક શિષ્યવૃતિ પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ કરનાર, ગણિત-વિજ્ઞાન પ્રદર્શનની સુંદર કામગીરી, એન. એમ. એમ. એસમા મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓ ઉપરાંત પ્રતિભાશાળી વિદ્યાર્થી તથા તેના વાલીનું મંચસ્થ મહાનુભવોના હસ્તે સન્માન કરવામા આવ્યું હતું. પ્રા.શા. પીરામણ પરિવાર દ્વારા આરતીબેન પટેલનું સન્માન પત્ર અર્પણ કરી સન્માન કરવામા આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત સરકાર દ્વારા શાળાને તેમજ વિદ્યાર્થીઓને અપાયેલ સાહિત્ય સામગ્રીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મહાનુભવોના હસ્તે શાળાના આચાર્ય રાજુભાઈ પ્રજાપતિને સાહિત્ય કિટ અર્પણ કરવામા આવી હતી. કાર્યક્રમનું સંચાલન શેખ તાહેરા તથા હાજરકએ કર્યું હતું જયારે આભાર વિધિ ધો.૭ની વિદ્યાર્થિની કુમાર્થ હિના વસાવાએ કરી હતી. કાર્યક્રમના અંતે મહાનુભવોનર હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના કાર્ય વાહક સરપંચ હાફીઝુદ્દીન કાનુંગા, પૂર્વ સરપંચ વિષ્ણુભાઈ વસાવા, તલાટી કમ મંત્રી અસલમભાઈ સરીગત, અસલમ હાટીયા, ગફુરભાઈ મલેક, ગ્રા. પં. સ. સમીમબાનુ, એસ. એમ. સી અધ્યક્ષ જાગૃતિબેન વસાવા, હેલ્થ ઓફિસર, આશાવર્કર બહેનો, આંગણવાડી બહેનો, એસ એમ સી સભ્યો, વાલી મિત્રો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

# ભારત ટી-૨૦ વર્લ્ડકપ જીતતા અંકલેશ્વરમાં ક્રિકેટ રસિયાઓએ વિજયનો જશ્ન મનાવ્યો



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૩૦

ભારત સાઉથ આફ્રિકા સામે ટી-૨૦ વર્લ્ડકપ જીતીને પોતાના નામે કર્યો છે ત્યારે મોડી રાત્રે અંકલેશ્વર શહેર અને જીઆઈડીસી વિસ્તારમાં હજારોની સંખ્યામાં ક્રિકેટ પ્રેમીઓએ જીતનો જશ્ન મનાવ્યો હતો.

ભારતે સાઉથ આફ્રિકા સામે વર્લ્ડકપ જીતીને ઈતિહાસ રચી દીધો છે ત્યારે સમગ્ર દેશમાં ઉજવણીનો માહોલ જોવા મળી રહ્યો છે ભારતે મેચ જીતાની સાથે જ અંકલેશ્વરમાં ઉત્સવ જેવો માહોલ જોવા મળ્યો હતો અંકલેશ્વર શહેરમાં પીરામણ નાકા, ચૌટાનાકા સહીતના વિસ્તારોમાં લોકો ભેગા થયા હતા અને ઢોલ નગારા તેમજ ફટાકડા ફોડી ઉજવણી કરી હતી તો આ તરફ જીઆઈડીસીમાં સરદાર પાર્ક સહીતના વિવિધ વિસ્તારોમાં પણ લોકોએ જીતનો જશ્ન મનાવ્યો હતો અને ભારતીય ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# થર્મલ પાસે ટ્રકે એક્ટિવાને ટક્કર મારતા પતિની નજર સામે પત્નીનું મોત

નડિયાદ, તા.૩૦

થર્મલ પાસે ટ્રકે એક્ટિવાને ટક્કર મારતા દંપતી પડી ગયું હતું તેમને ઈજા થઈ હતી જે પૈકી પત્ની પડ વ્હીલ ફરી વળતા મોત થયું હતું

ગળતેશ્વરના ટીંબાના મુવાડા ગામે આવેલ અંબિકા રેસીડેન્સીમાં રહેતા શિક્ષક જયેન્દ્રસિંહ કિરણસિંહ રાઠોડ તથા તેમની પત્ની કોમલબેન ગઈકાલે સાંજના એકટીવા નંબર GJ 07 EA 0389 લઈને હડમતીયા હનુમાનના મંદિરે દર્શન કરવા જતા હતા આ સમયે એકટીવા થર્મલ રોયલ કોમ્પ્લેક્સ આગળ રોડ પર પસાર થતુ હતુ ત્યારે રોડ પર પાછળ પુરપાટ આવતી ટ્રક નંબર GJ 16 AV 6619એ એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી જેથી પતિ પત્ની એક્ટિવા સહિત રોડ પર પટકાયા હતા સાથે રોડ પર વચ્ચે પડેલ કોમલબેનના માથા પર ટ્રકનું વ્હીલ ફરી વળ્યુ હતુ જેને લઈ ગંભીર ઈજાગ્રસ્ત થયેલ તેણીનું પતિની નજર સામે ઘટના સ્થળે જ કમ કમાટી ભર્યું મૃત્યુ નિપજ્યું હતુ.

# ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે આવતીકાલે ડાક અદાલત યોજાશે

વડોદરા, તા.૩૦

ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે પોસ્ટ માસ્ટર જનરલ, દક્ષિણ ગુજરાત રિજીયન કચેરી, ડાક ભવન, પવનવીર એપાર્ટમેન્ટની સામે, વડોદરા-૩૯૦૦૦૨ ખાતે તારીખ ૦૨.૦૭.૨૦૨૪નો મંગળવારના રોજ ૧૧.૦૦ કલાકે ડાક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ અદાલતમાં નીતિ-વિષયક મુદ્દા સિવાયની ટપાલ સેવાને લગતી ફરિયાદો સાંભળી નિકાલ કરવામાં આવશે. ટપાલસેવા અંગે રજૂ કરવાની ફરિયાદો ટી. એન. મલેક, એ.ડી (II), પોસ્ટ માસ્ટર જનરલની કચેરી પ્રતાપગંજ, વડોદરા-૩૯૦૦૦૨ના સરનામે મોડામાં મોડી તા.૦૧.૦૭.૨૦૨૪ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમય મર્યાદા બાદ મળેલ ફરિયાદો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ફરિયાદ સ્પષ્ટ અને મુદ્દાસર હોવી જરૂરી છે.

# સિદ્ધપુર ખાતે સરસ્વતી નદીના કિનારે નિર્માણ થઈ રહેલ રિવરફ્રન્ટ પ્રોજેક્ટની મુખ્યમંત્રીએ મુલાકાત લીધી

સિદ્ધપુર, તા.૩૦

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે માતૃતીર્થ સિદ્ધપુર ખાતે સરસ્વતી નદીના કિનારે નિર્માણ થઈ રહેલ રિવરફ્રન્ટ પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. સરસ્વતી નદીને પુનઃજીવિત કરી જળસંચય માટેના આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટની મુલાકાત લઈ મુખ્યમંત્રીએ સ્થળ નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ચાલી રહેલ સરસ્વતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટની કામગીરીની તલસ્પર્શી વિગતો સવજીભાઈ ધોળકિયા તેમજ સિંચાઈ વિભાગના અધિકારીઓ પાસેથી મેળવી હતી. સિદ્ધપુર ખાતે સરસ્વતી નદીમાં જળસંચયની કામગીરી માટે એક કિલોમીટર લંબાઈ અને અડધો કિલોમીટર પહોળાઈ ધરાવતા વિસ્તારમાં પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરાયો છે. ૧૩ માર્ચ, ૨૦૨૪ના રોજ શરૂ થયેલ આ પ્રોજેક્ટમાં અંદાજિત ૨૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચ થશે. આ પ્રોજેક્ટમાં અત્યાર સુધીના સમયગાળામાં ૩ લાખ ૨૦ હજાર ઘનમીટર જેટલું કામ થયું છે. આ પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૪ના અંત સુધીમાં પૂર્ણ થશે. મુખ્યમંત્રીની આ મુલાકાત વખતે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત, પદ્મ સવજીભાઈ ધોળકિયા, મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી, સિંચાઈ વિભાગના સચિવ કે.પી.રાબડીયા, કલેક્ટર અરવિંદ વિજયન, જિલ્લા વિકાસ અધિકારી બી.એમ.પ્રજાપતિ, પોલીસ અધિક્ષક રવિન્દ્ર પટેલ, મદદનીશ કલેક્ટર સુશ્રી હરિણી કે.આર., સિદ્ધપુર નગરપાલિકા પ્રમુખ શ્રીમતી અનિતાબેન પટેલ તેમજ સંગઠનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



અંકલેશ્વર નેશનલ હાઇવે નં. ૪૮, ખરોડ ચોકડી પાસે, સ્વાદપ્રિય જનતા માટે વર્ષોથી પ્રખ્યાત

આમલીવાલા ચાચા




ગ્રાહકોની સેવામાં નવા રંગરૂપ જોડે શરૂ થઈ છે

જેમાં મોગલાઈ, ટર્કીશ, ચાઇનીઝ, વેજ, નોનવેજ તથા ઠંડા પીણા, આઇસ્ક્રીમની અવનવી વેરાઇટીઓ તો ખરીજ...

શુભ પ્રસંગો માટે પાર્ટી લોન, બેન્કવેટ હોલ તથા વિશાળ પાર્કિંગ સુવિધા સાથે સજ્જ...

કોસંબા – અંકલેશ્વર વચ્ચે ને.હા. નં ૪૮, પાનોલી જીઆઈડીસી પાસે, ખરોડ ચોકડી, અંકલેશ્વર

આમલીવાલા ચાચા

N.H.48

કોસંબા-----------------ખરોડ-----------------અંકલેશ્વર

મો.નં.94090 29253

### કટ્ટરવાદીઓએ મુસ્લિમોની ધાર્મિક લાગણી દુભાવી

# ખેડા જિલ્લાના પીજમાં આવેલ કબ્રસ્તાનમાં જેસીબી લઈ જઈ કબરોને નુકસાન કરી વીજ થાંભલો લઈ જતા લોકોમાં રોષ

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૩૦

કેન્દ્રમાં તથા રાજયમાં ભાજપે સત્તાનું સુકાન સંભાળ્યા બાદ દેશમાં મુસ્લિમો પ્રત્યે નફરતનું બીજ રોપવામાં આવ્યું છે. કટ્ટરવાદી તત્ત્વો બેલગામ બન્યા છે. મુસ્લિમોને કોઈના કોઈ બહાને હેરાન કરવાની કોઈ તક આવા કોમવાદી તત્ત્વો જતી કરતા નથી. ઈસ્લામ ધર્મનું અપમાન કરવું, મુસ્લિમોની ધાર્મિક લાગણી દુભાવવી આવા તત્ત્વો માટે આ સમયમાં આસાન થઈ ગયું છે. કેમ કે આવા તત્ત્વોને તેમ કરતા અટકાવાતા નથી જ્યારે તેમની સામે ફરિયાદ કરવા જાવ



મશીન લઈ ગેરકાયદેસર રીતે કબ્રસ્તાનમાં પ્રવેશ કરી વર્ષો જુની કબરોને નુકસાન પહોંચાડી મુસ્લીમ સમાજની તેમજ મરણ ગયેલ વ્યકિતઓના સગાઓની ધાર્મિક લાગણી દુભાવી ઈસ્લામ ધર્મના અપમાન કરવાના ઈરાદાથી કબસ્તાનમાં આવેલ ગુજરાત વિદ્યુત બોડર્નો થાભલો ગેરકાયદેસર રીતે કાઢવાનું અપકૃત્ય કરેલ છે. એટલું જ નહીં મોબાઈલ પર એવું જણાવ્યું કે 'તમારા કબસ્તાનમાં આવેલ ગુજરાત વિદ્યુત બોર્ડના થાંભલાની અમારે જરૂર છે એટલા માટે લઈ ગયા છીએ' અમો ફરિયાદીએ જણાવેલ કે 'આ થાંભલો

## પોલીસ સ્ટેશનમાં અરજી આપ્યાના આઠ દિવસ બાદ પણ પોલીસે કોઈ જ કાર્યવાહી ન કરતા લોકોમાં પોલીસની કામગીરી સામે શંકા, મુસ્લિમ અગ્રણીઓ પીજ દોડી ગયા : કૃત્ય કરનારને ઠપકો આપતા ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી

તો પોલીસ ફરિયાદ લેતી નથી કે ફરિયાદ લેવામાં અખાડા કરે છે, ધક્કા ખવડાવે છે. કેટલીક વખત ફરિયાદ નોંધાવા માટે કોર્ટના દ્વાર ખખડાવવા પડે છે ત્યારે પોલીસ ફરિયાદ લે છે. અમુક સંજોગોમાં પોલીસ આરોપીઓ સામે કૂણું વર્તન દાખવતી હોવાની ફરિયાદો પણ ઊઠી છે તથા કલમો પણ હળવી લગાવવામાં આવે છે જેથી આવા તત્ત્વો બેલગામ બન્યા છે અને તેમની મનમાની કરી રહ્યા છે. મુસ્લિમોની ધાર્મિક લાગણી દુભાવતી વધુ એક ઘટના ખેડા જિલ્લામાં બહાર આવી છે. જેમાં વ્યક્તિના મૃત્યુ બાદ જેને દફનાવવામાં આવે છે જેને કબ્રસ્તાન કે અંતિમધામ કહેવાય છે તે ધાર્મિક સ્થળને પણ કટ્ટરવાદી માનસિકતા ધરાવતા શખ્સોએ બાકાત રાખ્યું નથી. જે કટ્ટરવાદી તત્ત્વોને કબ્રસ્તાનમાં જેસીબી મશીન લઈ જઈ કબરોને નુકસાન પહોંચાડી વીજ કંપનીનો પોલ ખોદી લઈ જતા મુસ્લિમ સમાજમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે. ઉક્ત બનાવને ૨૦ દિવસ ફરિયાદ લખાઈને આઠ દિવસ બાદ પણ પોલીસે કોઈ જ કાર્યવાહી ન કરતા પોલીસની કાર્યવાહી સામે શંકાની સોય ઊભી થવા પામી છે. ખેડા જિલ્લાના પીજમાં હઝરત સીદી મહંમદ પીર (ર.હ.) અલયની દરગાહ તથા મલેકનુ શાહી કબ્રસ્તાન આવેલ છે આ કબ્રસ્તાનમાંથી જેસીબી મશીન લઈ પ્રવેશ કરી કબરોને નુકસાન કરી વીજ કંપનીનું પોલ ખોદી લઈ જઈ મુસ્લિમોની લાગણીને દુભાવનાર તેમજ આ કારસ્તાન કરનારને ઠપકો આપતા ગાળો બોલી જાનથીમારી નાખવાની ધમકી આપનાર વ્યક્તિઓ સામે પોલીસમાં અરજી આપી હોવા છતાં આઠ દિવસ બાદ પણ પોલીસે કોઈ જાતની કાર્યવાહી ન કરતા આ બનાવને લઈ મુસ્લિમ સમાજમાં ભારે રોષ જોવા મળે છે. વસો તાલુકાના પીજના અને હાલમાં આણંદમાં રહેતા મો.સાજુદીન કમરૂદીન મલેક (ઉ.વ.આ.૩૭) પીજ કબ્રસ્તાનના વહીવટકર્તા તરીકે ફરજ નીભાવે છે તેમણે પોલીસમાં આપેલી અરજીમાં જણાવ્યું છે કે, તા.૧૧/૦૬/૨૦૨૪ના દિવસે ગામના ત્રણ વ્યક્તિઓ મુન્નાભાઈ ગોરધનભાઈ પટેલ રહેઃ- રામદાશ પુરા, હાઈસ્કુલની પાસે, પીજતા.વસો પ્રવિણભાઈ નરસિંહભાઈ પટેલ પટેલની ખડકી, વહેરાઈ માતા પાસે, પીજ અને અન્ય અજાણ્યા ઈસમએ હઝરત સીદીમહંમદ પીર (ર.હ.) અલયની દરગાહમાં આવેલ કબસ્તાનમાં કબરોની વચ્ચે આવેલ ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા લાઈટ માટે નાખવામા આવેલ થાભલો જે.સી.બી અમારા સગાઓની વર્ષો જુની કબરો વચ્ચે આવેલ હોવાથી કબરોને નુકસાન થાય તેમ છે જેથી તે કબરોને નુકસાન ન પહોંચે એટલા માટે થાંભલો કાઢવાનો નથી'. આ વાત સાંભળી એ લોકોએ ગંદી તેમજ બીભત્સ મા-બેન સમાણી ગાળો બોલી અને કહેલ કે ' અમે જે કામ કરવા આવેલ છે તે કરીને જ રહીશુ અમને તમારી કોઈ બીક લાગતી નથી અને વધારે પડતું અમારા કામમા ડહાપણ કરીશ નહીં તુ અહીં રહેતો નથી એટલે અહીં આવીશ તો તારા સગાની કબર વચ્ચે તારી કબર કરી નાખીશું અને તારી લાશ પણ નહી મળે. તું અમને જાણતો નથી.' એમ,કહીં અમોન ખુબ જ ધમકાવેલ. જેથી અમો તે વખતે ખુબ જ ગભરાઈ ગયા હતા ત્યારબાદ તારીખ ૨૨/૬/૨૦૨૪ના રોજ આ બાબતે આ તત્ત્વો સામે કાર્યવાહી કરવા અમારી અરજ છે તે બાબતની અરજી આપી હતી પરંતુ આ બનાવના આઠ દિવસ બાદ પણ પોલીસે કોઈ કાર્યવાહી કરી નથી. નડિયાદના સામાજિક કાર્યકર સોહીલભાઈ ચિસ્તીયાએ પોતાની ટીમ સાથે સ્થળ મુલાકાત લઇ વસો પોલીસ સ્ટેશનના પી.એસ આઈ.ને રૂબરૂ મળી આવા કારસ્તાન કરનાર વ્યક્તિઓ સામે તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવા અને એફઆઈઆર દાખલ કરવા પણ માંગ કરી હતી.

# ભરૂચ : આંતરરાષ્ટ્રીય કેલિગ્રાફી કલાકાર ગોરી યુસુફ હુસેનનું ઈસરોના વૈજ્ઞાનિક દ્વારા કાલિકટ ખાતે સન્માન કરાયું

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૩૦

ભરૂચ માટે ખાસ ગૌરવ લેવા જેવી વાત છે કે, આંતરરાષ્ટ્રીય કેલિગ્રાફી કલાકાર ગોરી યુસુફ હુસેનનું ઈસરોના વૈજ્ઞાનિક દ્વારા તારીખ ૨૭-જૂન-૨૦૨૪ના રોજ સન્માન કરાયું હતું. આ વાત ભરૂચ માટે એટલા માટે ગર્વની છે કે ગોરી એક કલાકાર જીવ છે અને તેઓનું આર્ટ જગત માટેનું યોગદાન પણ એટલું જ અદ્ભુત રહ્યું છે.

આ વાત બેહદ ખુશી સાથે એટલા માટે કહેવી રહી કે હમણાં હાલમાં જ કેરલાના કાલિકટ ખાતે આવેલ મર્કઝ નોલેજ સિટીમાં આર્ટ એન્ડ કલ્ચરની એક કોન્ફરન્સ યોજાઇ હતી જેમાં ભરૂચના આંતરરાષ્ટ્રીય કલાકાર ગોરી યુસુફ હુસેનને તેમની કેલિગ્રાફી આર્ટ માટે નિમંત્રિત કરવામાં આવ્યા હતા. જ્યાં તેઓની આંતરરાષ્ટ્રીય કેલિગ્રાફી કલાની ખૂબ જ સરાહના કરવામાં આવી હતી અને આ સંદર્ભમાં મર્કઝ નોલેજ સિટીએ તેમનું સન્માન કરવાનું વિચાર્યું હતું અને તેઓનું એ સન્માન ભારતની સ્પેસ અને રિસર્ચ ઓર્ગેનાઝેશન 'ઈસરો'ના સેવા નિવૃત વૈજ્ઞાનિક ડો.અબ્દુલ સલામ દ્વારા કરવામાં આવ્યું હતું કે જેઓ હાલ મર્કઝ નોલેજ સિટીના સીઈઓના હોદ્દા પર બિરાજમાન છે. વૈજ્ઞાનિક ડો. અબ્દુલ સલામ દ્વારા ગોરી યુસુફ હુસેનના સન્માનમાં કહેવામા આવ્યું કે "નિઃસ્વાર્થભાવે કલા અને કલાકારોને જીવંત રાખી એક મંચ પર ભેગા કરવા એ કઈ સહેલું કામ નથી. પણ આ કાર્ય તેઓએ બખૂબી નિભાવ્યું જ નહીં પણ તેઓએ એ નવી પેઢીના કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓની કલાને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી લઈ જવા માટે પ્રયત્ન કર્યા છે જે



ખરેખર એક ઉમદા કાર્ય છે. તેઓ આ નોલેજ સિટીમાં આવી અહી ઉપસ્થિત વિદ્યાર્થીઓનું જ નહીં પણ અમારૂં પણ કલા ક્ષેત્રમાં જ્ઞાન વધાર્યું છે જે મર્કઝ નોલેજ સિટીનો મકસદ છે કે નવી પેઢી સાચું જ્ઞાન મેળવે અને પ્રગતિ કરે".

ગોરી યુસુફ હુસેનને અનેક ઉપલબ્ધિઓથી નવાઝવામાં આવ્યા છે તથા તેઓ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય (ઓનલાઈન/ઓફલાઈન) કલા પ્રદર્શિનીઓનું સફળતા પૂર્વક આયોજન કરી ચૂક્યા છે અને અનેક કલાકારોની કલાને નવજીવન અપાવ્યું છે. છતાં પણ તેઓ નિરાભિમાની અને જમીનથી જોડાયેલા અને સૌને સાથે લઈ ચાલનારા ઉમદા શખ્સ છે. આ પ્રસંગે અલ ઉસ્તાદ શેખ અબુબકર એહમદ, ગ્રાન્ડ મુફ્તી ઓફ ઈન્ડિયા, સેક્રેટરી મર્કઝ નોલેજ સિટી, ડો. અબ્દુલ સલામ 'ઈસરો'ના સેવા નિવૃત વૈજ્ઞાનિક અને સીઆઈઓ મર્કઝ નોલેજ સિટી, ડો. મોહમ્મદ અબ્દુલ હકિમ અઝારી અલકાંડી, મેનેજિંગ ડાયરેક્ટર મર્કઝ નોલેજ સિટી તથા ઉબેદ ઈબ્રાહિમ નુરાની, ડાયરેક્ટર મર્કઝ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઉપસ્થિત રહ્યા હતા.

### શહેરમાં રથયાત્રાને લઈ પોલીસ સુસજ્જ

# પોલીસ દ્વારા કેટલાક વિસ્તારોમાં હેલિકોપ્ટરથી હવાઈ નિરીક્ષણ કરાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

રથયાત્રાને લઈ શહેરમાં પોલીસ સતત સતર્ક છે.આ વખતે સંવેદનશીલ વિસ્તારોમાં હેલિકોપ્ટરથી પોલીસ દ્વારા હવાઈ નિરિક્ષણ કરવામાં આવ્યુ છે.રથયાત્રામાં કોઈ કચાશ ન રહી જાય. કોઈ પણ વિસ્તારમાં જરા પણ છમકલું ન થાય.તેના પર પોલીસની ચાંપતી નજર છે.

બસ થોડા દિવસોમાં રથયાત્રા નીકળશે. ત્યારે અત્યાધુનિક ટેકનોલોજીથી સઘન ચેકિંગ થઈ રહી છે.

રથયાત્રા માટે અમદાવાદ પોલીસ સજ્જ છે. પોલીસે હેલીકોપ્ટરથી એર સર્વેલન્સ કર્યું. જેમાં પ્રેમ દરવાજા, ઘી કાંટા, દરિયાપુર, શાહપુર વિસ્તારમાં હવાઈ નિરીક્ષણ કર્યું હતું. રથયાત્રાના દિવસે એર સર્વલન્સ



અત્યાધુનિક ટેક્નોલોજીથી સઘન ચેકિંગ

કરીને અમદાવાદીઓને સુરક્ષા અપાશે. અને તેનું જ રિહર્સલ પોલીસ કરી રહી છે.

મહત્વનું છે કે રથયાત્રા અમદાવાદના અનેક વિસ્તારમાંથી પસાર થાય છે. જો કે રથયાત્રામાં હંમેશા કોમી એકતાના જ દ્રશ્યો જોવા મળે છે. પરંતુ છતાં પોલીસ કોઈ પણ પ્રકારની બેદરકારી રાખવા માગતી નથી. રથયાત્રામાં આ વખતે ટેથર્ડ ડ્રોન, નિનઝા ડ્રોન, હિલિયમ બ્લુન માઉન્ટેડ કેમેરા સાથે હેલિકોપ્ટરથી પણ સર્વેલન્સ થશે. રથયાત્રાને ટેકનોલોજી સાથે સુરક્ષા આપવામાં આવશે.

### નસવાડી તાલુકાના જાંબુઘોડા ગામમાં હલકી ગુણવત્તાની કામગીરીની પોલ ખૂલી

ભ્રષ્ટાચાર

# લ્યો બોલો..! : બે કરોડના ખર્ચે નવો બનેલો સ્લેબડ્રેઈનનો એપ્રોચ રોડ લોકાર્પણ પહેલાં જ બેસી ગયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં માર્ગ અને મકાન વિભાગ અને પંચાયત વિભાગ દ્વારા પાંચ વર્ષમાં કરોડો રૂપિયાના ખર્ચે રોડ-રસ્તાઓ બનાવવામાં આવ્યા. પરતું નવા બનેલા રોડ-રસ્તા જે પાંચ વર્ષ ટકવા જોઈએ તેની જગ્યાએ બે મહિના-પાંચ મહિનામાં જ તૂટી જવાની ઘટનાં સમગ્ર ગુજરાતમાં સામે આવી રહી છે.



માલ નાખીને રોલિંગ કરીને ડામરનો માલ પાથરી રોડ બનાવાનો હોય છે પરંતુ અધિકારીઓ આ કામગીરી કરવામાં ઉણપ રાખતા સ્લેબડ્રેઈનનો એપ્રોચ બેસી જતા બૂમો ઉઠી હતી જયારે એજન્સીઓ-કોન્ટ્રકટરોએ કરેલ કામની ગુણવતા ઉપર અનેક સવાલો ઉભા થયા છે. ત્યારે વધુ એક વખત પંચાયત માર્ગ અને મકાન વિભાગના

## સંપૂર્ણ કામગીરીની ગુણવત્તા તપાસ કરવા અને જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવા કોંગ્રેસની માંગ

ત્યારે ભાજપની યોજનાઓન પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે મુખ્યમંત્રી સડક યોજનામાં બે કરોડના ખર્ચે નવીન સ્લેબડ્રેઈનમાં બે માસમાં જ એપ્રોચ રોડ બેસી જતા હલકી ગુણવત્તાની કામગીરીની પોલ ખુલી પડી ગઈ છે. જેને લઈ પંચાયત માર્ગ અને મકાન વિભાગના ભ્રષ્ટ અધિકારીઓની કામગીરી સામે અનેક પ્રશ્નો ઉભા થયા છે.

નસવાડી તાલુકાના જાંબુઘોડા ગામે બે મહિના પહેલા બે કરોડના ખર્ચે નવો બનેલો સ્લેબડ્રેઈનનો એપ્રોચ રોડ બેસી જતા મોટા વાહનોની અવર જવર બંધ થઈ છે. લોકાર્પણ પહેલા જ એપ્રોચ રોડ બેસી જતા કોન્ટ્રકટરો-એજન્સીઓ દ્વારા કરવામાં આવેલ કામની પોલ ખુલ્લી પડી ગઈ છે. પંચાયત માર્ગ મકાન વિભાગના અધિકારીઓની દેખરેખ સામે અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. નસવાડી તાલુકાના સાંકળ(ત) ગામેથી જાંબુઘોડા ગામે જવાના રસ્તા ઉપર કોતર આવેલું છે જયારે ચોમાસામાં લોકોને પડતી મુશ્કેલીના કારણે સ્લેબડ્રેઈન બનાવવા લોકોએ અધિકારીઓને રજૂઆત કરી હતી જેને લઈ માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્ય સરકારમાં દરખાસ્ત કરતા રાજ્ય સરકારે મુખ્યમંત્રી સડક યોજનામાં બે કરોડના ખર્ચે સ્લેબડ્રેઈન મંજુર કર્યું હતું જેને લઇ ટેન્ડર બહાર પડાતા આર.સી પટેલ એજન્સીનું ટેન્ડર લાગતા એજન્સી દ્વારા સ્લેબડ્રેઈન અને એપ્રોચ રોડ બનાવવામાં આવ્યું હતું જયારે હજુ તો કામગીરી થયે બે મહિનાનો સમય થયો છે અને કામનું લોકાર્પણ પણ બાકી છે ત્યારે સ્લેબડ્રેઈનનો એપ્રોચ રોડ તૂટી પડયો છે અને બેસી ગયો છે જેથી હલકી ગુણવત્તાની કામગીરીની પોલ ખુલી છે જયારે સ્લેબડ્રેઈનના એપ્રોચ રોડની કામગીરી કરતી વખતે પથ્થરનું પીચીંગ તેમજ હાર્ડમોરમ માટી પૂરવાની ત્યાર બાદ વોટરિંગ કરી વેટમીક્ષનો અધિકારીઓના ભ્રષ્ટાચારની પોલ ખુલી પડી ગઈ છે. મોટા વાહનોની અવર જવર બંધ કરવામાં આવી છે અને ૨૦ જેટલા ગામોને અસર પહોંચી છે આ કામગીરીની વિજિલન્સ ટીમ દ્વારા નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારની ચોંકાવનારી વિગતો બહાર આવી શકે તેમ છે.સ્લેબ, ડ્રેઈન કામગીરીમાં પણ મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોય તેમ સ્પષ્ટ જણાઈ રહ્યું છે ત્યારે સંપૂર્ણ કામગીરીની ગુણવતા તપાસ કરવા આવે અને ભ્રષ્ટાચારી અધિકારીઓ, પદાધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

### પિતા-પુત્રીના પવિત્ર સંબંધને શર્મસાર કરતો કિસ્સો

# ૩૪ વર્ષીય હવસખોર પિતાએ ૯ વર્ષની દીકરી પર પાંચ મહિના સુધી દુષ્કર્મ ગુજાર્યું

અમદાવાદ, તા.૩૦

આજનો સમાજ ભલે આધુનિક બન્યો હોય, શિક્ષિત બન્યો હોય અને માનવતાની વાતો કરતો હોય પણ આજેય સમાજમાં એવા નરાધમો જીવે છે. જેનાથી સમગ્ર માનવતાનું માથું ઝૂકી જાય વડોદરા શહેરમાં આવા જ એક નરાધમનું શરમજનક કૃત્ય સામે આવ્યું છે.

વડોદરા શહેરમાં ૩૪ વર્ષીય પિતાએ ૯ વર્ષની દીકરી પર દુષ્કર્મ આચરતા ચકચાર મચી ગઇ છે. માંજલપુર પોલીસે આરોપી પિતાની અટકાયત કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે અને બંનેના મેડિકલ કાર્યવાહી હાથ ધરી છે.

પિતા-પુત્રીના સંબંધને શર્મસાર કરી નાંખતો કિસ્સો ફરી એક વખત પ્રકાશમાં



## પોલીસે આરોપી નરાધમ પિતાની અટકાયત કરી

આવતા સભ્ય સમાજમાં ચકચાર મચી જવા પામી છે. એવું કહેવાય છે કે, દુનિયામાં બધા જ પિતા દીકરીઓ માટે પરમેશ્વર જેવા હોતા હોય છે. જો કે, આ કિસ્સાને અપવાદરૂપ કોઈક વખત પિતા જ દીકરી માટે શૈતાન બની જતા હોય છે. દીકરી જન્મતાવેંત પિતા તેને લક્ષ્મી સ્વરૂપ ગણીને પાલન પોષણ કરતો હોય છે. આ દીકરી ઉપર કોઇ પિતા દાનત બગાડે એ વાત જ સામાન્ય માનવીને કંપારી છૂટાવીને ઝટઝણાટી ઊભી કરી દેતી હોય છે. આવો જ એક કિસ્સો વડોદરામાં બન્યો છે. વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતી નવ વર્ષિય બાળકી ઉપર તેના પિતા છેલ્લા ૫ મહિનાથી દુષ્કર્મ આચરતાં હોવાનું સામે આવ્યું છે. માતા જયારે ખરીદી કરવા માટે બહાર જાય ત્યારે પિતા બાળકી સાથે દુષ્કર્મ આચરતો હતો. જેનાથી બાળકી ડરી ગઈ હતી. આ અંગે બાળકીની માતાને જાણ થતા તેણે પતિ સામે પૉક્સો એક્ટ હેઠળ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બાળકી તેના હવસખોર પિતા, માતા અને ૧૦ વર્ષના ભાઈ સાથે રહેતી હતી. આરોપી પિતાએ સતત ૫ મહિના સુધી દીકરી પર દુષ્કર્મ આચર્યું હતું. માંજલપુર પોલીસે આરોપી અને પીડિતાના મેડિકલની કાર્યવાહી શરૂ કરી છે.

# માતરના મહેલેજમાં વીજકરંટ લાગતા માતા-પુત્ર સહિત ત્રણનાં મોત

### દુકાનનું શટલ ખોલવા જતાં સગીરને કરંટ લાગ્યો, બચાવવા ગયેલ બંને વ્યક્તિ પણ મોતને ભેટી

ખેડા, તા.૩૦

માતર તાલુકાના મહેલેજમાં આજે બપોરે એક દુકાનના સટલ પર વિજ કરંટ ઉતરતા દુકાન ખોલવા ગયેલા યુવકને કરંટ લાગ્યો હતો તેને બચાવવા માટે તેની માતા અને પાડોશી દોડતા તેમને પણ કરંટ લાગતા આ ત્રણેય વ્યક્તિઓના મોતની થયાં છે આ બનાવને લઈ ગામમાં દુઃખની લકીર ખેંચાઈ ગઈ છે આ લખાય છે ત્યારે પીએમની કાર્યવાહી ચાલે છે પોલીસ કાર્યવાહી કરતી હોય વધુ માહિતી મળી નથી.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ માતર તાલુકાના મહેલેજમાં બહારપુરા વિસ્તારમાં રહેતા સાજીદ ખાન પઠાણની અનાજ કરિયાણાની દુકાન આવેલી છે આજે બપોર બાદ તેઓનો પુત્ર ઓવેશ (ઉ.વ. ૧૭) દુકાન ખોલવા ગયા હતા વરસાદના કારણે સટલ ભીનું થયું હતું જેવા દુકાન ખોલવા માટે શટલને હાથ અડાવ્યું તરત કરંટ લાગતા તેઓએ બૂમ પાડતા બાજુમાંથી તેમની માતા યાસ્મીન બાનં દોડી આવ્યા હતા અને પુત્રને બચાવવા જતા તેમને પણ વીજ કરંટ લાગ્યો હતો. આ જોઈ પાડોશમાં રહેતા સોહેલ પણ બચાવવા દોડતા તેઓ પણ વીજ કરંટ ભોગ બન્યા હતા આમ ત્રણ વ્યક્તિઓને કરંટ લાગતા તેમની હાલત નાજુક બની હતી તાત્કાલિક તેમને સારવાર માટે દાખલ કર્યા હતા જોકે સારવાર મળે તે પહેલા તેમનું મોત થયું હતું. અત્રે નોંધનીય છે કે કરંટથી ગંભીર દાઝેલા ત્રણેયને માતરાની ખાનગી હોસ્પિટલમાં લઈ જતા તે હોસ્પિટલના લોકોએ આ લોકોની સારવાર ના કરી હોવાની પણ ચર્ચા ચાલી રહી છે ત્યારે માનવતા મરી પરવારી હોય તેવું દેખાઈ રહ્યું છે.

# સિદ્ધપુર ખાતે નિર્માણાધીન સરસ્વતી રિવરફ્રન્ટ પ્રોજેકટની મુખ્યમંત્રીએ મુલાકાત લીધી

### જળસંચય માટેના મહત્વાકાંક્ષી પ્રોજેકટનું કર્યું નિરીક્ષણ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩૦

સિદ્ધપુર ખાતે સરસ્વતી નદીના કિનારે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંદિર સામેના પટમાં નિર્માણ થઈ રહેલા રિવરફ્રન્ટ પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી.

સરસ્વતી નદીને પુનઃજીવિત કરી જળસંચય માટેના આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનું મુખ્યમંત્રીએ સ્થળ નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ચાલી રહેલ સરસ્વતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટની કામગીરીની તલસ્પર્શી વિગતો સવજીભાઈ ધોળકિયા તેમજ સિંચાઇ વિભાગના અધિકારીઓ પાસેથી મેળવી હતી. સિદ્ધપુર ખાતે સરસ્વતી નદીમાં જળસંચયની કામગીરી માટે એક કિલોમીટર લંબાઈ અને અડધો કિલોમીટર પહોળાઈ ધરાવતા વિસ્તારમાં પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરાયો છે. ૧૩ માર્ચ, ૨૦૨૪ ના રોજ શરૂ



થયેલ આ પ્રોજેક્ટમાં અંદાજિત ૨૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચ થશે. આ પ્રોજેક્ટમાં અત્યાર સુધીના સમયગાળામાં ૩ લાખ ૨૦ હજાર ઘનમીટર જેટલું કામ થયું છે. આ પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૪ના અંત સુધીમાં પૂર્ણ થશે.

મુખ્યમંત્રીની આ મુલાકાત વખતે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત, પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા, મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી, સિંચાઈ વિભાગના સચિવ કે.પી.રાબડીયા, કલેકટર અરવિંદ વિજયન, જિલ્લા વિકાસ અધિકારી બી.એમ. પ્રજાપતિ, પોલીસ અધિક્ષક રવિન્દ્ર પટેલ, મદદનીશ કલેકટર હરિણી કે.આર., સિધ્ધપુર નગરપાલિકા પ્રમુખ અનિતાબેન પટેલ તેમજ સંગઠનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કઠુઆ : વહીવટીતંત્રે 'જાહેર જમીન પર બનેલી' મસ્જિદને તોડી પાડવાનો પ્રયાસ કર્યા પછીની અથડામણમાં ૬ પોલીસ ઘાયલ

## લોકો કહે છે કે, 'આવું કડક પગલું ભરતા પહેલાં તેઓ અમારા વડીલો સાથે વાત કરી શક્યા હોત, જમ્મુમાં સેંકડો મસ્જિદો, મંદિરો અને ગુરૂદ્વારા જાહેર જમીન પર બાંધવામાં આવ્યા હતા, શા માટે માત્ર એક જ પૂજા સ્થળને નિશાન બનાવવામાં આવ્યું છે ?'

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

જમ્મુના કઠુઆ જિલ્લામાં શનિવારે ૨૯ જૂનના રોજ સ્થાનિક વહીવટી અધિકારીઓએ મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારમાં જાહેર જમીન પર કથિત રીતે બનેલી મસ્જિદને જમીન પર તોડી પાડવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે હિંસક અથડામણો ફાટી નીકળી હતી. રાજકીય પક્ષોએ આ ઘટનાની તપાસની માંગ કરી છે.



ઘાયલ થયેલામાં J&K પોલીસના ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડેન્ટ અને છ પોલીસ અધિકારીઓમાંનો સમાવેશ થાય છે. તેઓએ વહીવટીતંત્રને આ વિસ્તારમાં વધારાના સૈનિકો તૈનાત કરવા માટે સંકેત આપ્યો હતો. ઘાયલોમાં એક મહિલા અધિકારી પણ સામેલ છે. સાક્ષીઓએ જણાવ્યું કે, કઠુઆના જિલ્લા વહીવટી અધિકારીઓ સાથે પોલીસ કર્મચારીઓનો એક દળ શનિવારે સવારે લગભગ ૬ વાગ્યે ત્રણથી ચાર બુલડોઝર સાથે નગરી વિસ્તારમાં પહોંચ્યો અને કથિત રીતે સરકારી જમીન પર બનેલી એક મસ્જિદ અને અન્ય માળખાને તોડી નાખ્યો હતો. સ્થાનિકોએ જણાવ્યું હતું કે, આ મસ્જિદ લગભગ આઠથી ૧૦ વર્ષ પહેલાં બનાવવામાં આવી હતી અને તાજેતરમાં તેનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ કહ્યું કે, મસ્જિદ સાર્વજનિક જમીન પર બનાવવામાં આવી હતી, જ્યારે નાગરીના સ્થાનિકોએ કહ્યું કે, વહીવટીતંત્રે કડક પગલાં લેતા પહેલાં તેમના વડીલોને વિશ્વાસમાં લીધા ન હતા, જેના કારણે ગ્રામજનોમાં ગુસ્સો ફેલાયો હતો. આ સમાચાર સાંભળ્યા પછી મહિલાઓ અને વૃદ્ધો સહિત સ્થાનિક રહેવાસીઓ તેમના ઘરોમાંથી બહાર આવી ગયા હતા. શરૂઆતમાં તેઓએ ડિમોલિશન સ્ક્વોડને ડ્રાઇવ અટકાવવા વિનંતી કરી. જો કે, અધિકારીઓએ તેમની વાત માની ન હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સ્થાનિક લોકોએ ડિમોલિશન સ્ક્વોડ પર ભારે પથ્થરમારો કર્યો હતો, જે દરમિયાન ડીએસપી (કઠુઆ હેડક્વાર્ટર) અને અન્ય પાંચ પોલીસ અધિકારીઓ ઘાયલ થયા હતા, જેના કારણે સુરક્ષા કર્મચારીઓએ હવાઈ ગોળીબાર અને ટિયરગેસ શેલિંગનો આશરો લીધો હતો. એક અધિકારીએ જણાવ્યું હતું કે, ભારે પથ્થરમારાના કારણે ડિમોલિશન સ્ક્વોડને તેમની ડ્રાઇવ સ્થગિત કરવાની ફરજ પડી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે કઠુઆ જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. વહીવટી તંત્રના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, કઠુઆ પોલીસના વરિષ્ઠ અધિક્ષકની આગેવાની હેઠળ વધારાની પોલીસ અને અર્ધલશ્કરી દળોને પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે આ વિસ્તારમાં આવ્યા હતા, પથ્થરબાજી દરમિયાન બુલડોઝર અને કેટલાક સત્તાવાર વાહનોને પણ નુકસાન થયું હતું.

કઠુઆના ડેપ્યુટી કમિશનર રાકેશ મિન્હાસને ડિમોલિશન ઝુંબેશ વિશે X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, સ્થાનિકોએ બહુવિધ સૂચનાઓને અવગણ્યા પછી ડિમોલિશન ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. જો કે, સરકાર પર મુસ્લિમોને પસંદગીયુક્ત રીતે નિશાન બનાવવાનો આરોપ લગાવતા જમ્મુ અને કાશ્મીરના દોધી ગુર્જર એસોસિએશનના પ્રમુખ સૈયદ ચૌધરીએ દાવો કર્યો હતો કે, ડિમોલિશન પહેલા જિલ્લા વહીવટીતંત્રે સ્થાનિકોને કોઈ સૂચના આપી ન હતી. સ્થાનિકોએ કહ્યું કે, તેઓ કડક પગલું ભરતા પહેલાં અમારા વડીલો સાથે વાત કરી શક્યા હોત. જમ્મુમાં સેંકડો મસ્જિદો, મંદિરો અને ગુરૂદ્વારા જાહેર જમીન પર બાંધવામાં આવ્યા હતા. શા માટે માત્ર એક જ ધર્મસ્થાનને નિશાન બનાવવામાં આવ્યું છે ? આ અમારા સમુદાય પર હુમલો છે અને અમે તેને મંજૂરી આપીશું નહીં. એક ડેરી ખેડૂત ચૌધરીએ દાવો કર્યો હતો કે, કઠુઆના લઘુમતીઓને પસંદગીના રૂપે નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને ૨૦૧૮થી કેન્દ્રીય ગૃહ મંત્રાલયના નેતૃત્વ હેઠળના જમ્મુ અને કાશ્મીર પ્રશાસન દ્વારા તેમના પૂજા સ્થાનો પર હુમલો કરવામાં આવ્યો છે. આ સત્તાવાર ગુંડાગીરીનો અંત આવવો જોઈએ. જે જમીન પર મસ્જિદ બાંધવામાં આવી છે તે J&Kના કસ્ટોડિયન વિભાગની માલિકીની હતી જેને લીઝ પર આપવામાં આવી છે. પોલીસ કાર્યવાહીની નિંદા કરતા ફારૂક અબ્દુલ્લાની આગેવાની હેઠળની નેશનલ કોન્ફરન્સે લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાને વિનંતી કરી કે, તેઓ આ ઘટનાની સંપૂર્ણ તપાસ કરવાનો આદેશ આપે. પક્ષે જણાવ્યું હતું કે, JKNC પ્રશાસનને કોઈપણ ધાર્મિક, જાતિ અથવા સમુદાયના જૂથને નિશાન બનાવવાનો વિરોધ કરે છે. આપણા બિનસાંપ્રદાયિક રાષ્ટ્રના સિદ્ધાંતો પેઢીઓથી જાળવી રાખવામાં આવ્યા છે અને આવી ક્રિયાઓ આ મૂલ્યોની સ્પષ્ટ અવગણના છે. મસ્જિદોનું પસંદગીયુક્ત લક્ષ્ય ચૂંટણી પહેલાં સંભવિત ધ્રુવીકરણ અંગે ગંભીર ચિંતાઓ ઊભી કરે છે. J&K અપની પાર્ટીના પ્રમુખ અલ્તાફ બુખારીએ મસ્જિદ તોડી પાડવાના પ્રયાસ અને ગુર્જર બસ્તીનગરીમાં પવિત્ર પુસ્તકોની અપમાનની નિંદા કરી. આ ઘટનાએ મુસ્લિમ સમુદાયને ખૂબ જ નારાજ કર્યો છે અને અમરનાથજીની યાત્રા દરમિયાન જમ્મુ અને કાશ્મીરમાં શાંતિપૂર્ણ વાતાવરણને જોખમમાં મૂક્યું છે. પ્રશાસને ધાર્મિક સ્થળને અપમાનિત કરવાને બદલે કાયદાકીય પગલાં લેવા જોઈએ. હું એલજી મનોજ સિન્હાજીને સંપૂર્ણ તપાસ કરવા વિનંતી કરૂં છું.

# ગેરકાયદેસર બાર અને પબ એક્સટેન્શન પર MBMCની ડિમોલિશન ડ્રાઇવ વચ્ચે મીરા-ભાઈંદરમાં મુખ્યપ્રધાન એકનાથ શિંદેના 'બુલડોઝર બાબા'ના પોસ્ટરો લગાવવામાં આવ્યા

## મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને 'મહારાષ્ટ્રના બુલડોઝર બાબા' તરીકે ઓળખાવતા આ પોસ્ટરમાં તેમના વ્યંગચિત્રને તેમના હાથમાં હથોડી સાથે બેકગ્રાઉન્ડમાં JCB દર્શાવવામાં આવ્યું છે

(એજન્સી) તા.૩૦

મુંબઈમાં ગેરકાયદેસર બાર અને પબ એક્સટેન્શન પર MBMCની ડિમોલિશન ડ્રાઇવ વચ્ચે મીરા-ભાઈંદરમાં સીએમ એકનાથ શિંદેના 'બુલડોઝર બાબા' પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશન (MBMC) દ્વારા સતત ત્રીજા દિવસે બાર અને લોજના ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલા ભાગો અને વિસ્તારોને તોડી પાડવાની ઝુંબેશ ચાલુ હોવાથી, ધારાસભ્ય-પ્રતાપ સરનાઈક દ્વારા મુકવામાં આવેલા મુખ્યમંત્રી-એકનાથ શિંદેને દર્શાવતા પોસ્ટરો શહેરમાં ચર્ચાનો વિષય બન્યા છે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને "મહારાષ્ટ્રના બુલડોઝર બાબા" તરીકે ઓળખાવતા આ પોસ્ટરમાં તેમના વ્યંગચિત્રને તેમના હાથમાં હથોડી સાથે બેકગ્રાઉન્ડમાં JCB દર્શાવવામાં આવ્યું છે. પુણે પોર્શની ઘટના અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર વાયરલ થઈ રહેલા ડ્રગના દુરૂપયોગના કિસ્સાઓને પગલે, શિંદેએ મ્યુનિસિપલ અને પોલીસ કમિશનરોને ગેરકાયદેસર કામગીરી સામે કડક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે.




# મુંબઈ ૧૯૯૩ બ્લાસ્ટ કેસ : ટાડા કોર્ટે અબુ સાલેમની ૨૦૦૫થી જેલમાંથી બહાર આવવાની અરજી સ્વીકારી, મુક્તિ લાભો નકારી કાઢ્યા

(એજન્સી) મુંબઈ, તા.૩૦

સ્પેશિયલ ટાડા કોર્ટે શનિવારના રોજ ગેંગસ્ટર અબુ સાલેમની વાસ્તવિક ધરપકડ નવેમ્બર ૨૦૦૫ની તારીખથી તેની જેલની અવધિની ગણતરી કરવાની અરજીને મંજૂરી આપી હતી જો કે કોર્ટે માફીના લાભો અને અન્ય લાભો નકારી કાઢ્યા હતા. સાલેમે દલીલ કરી હતી કે જેલ સત્તાવાળાઓએ નવેમ્બર ૨૦૧૫માં તેની ધરપકડની તારીખથી જેલની અવધિની ગણતરી કરવાનો ઈન્કાર કર્યો હતો, જો કે તેની અરજી પેન્ડિંગ દરમિયાન સત્તાવાળાઓ તેમ કરવા માટે સંમત થયા હતા. આથી વિશેષ ન્યાયાધીશ બી.ડી. શેલ્કેએ અવલોકન કર્યું કે હવે અરજદાર અને જેલ સત્તાધિકારી વચ્ચે સેટ ઓફના સમયગાળાની ગણતરી અંગે કોઈ વિવાદ નથી. સાલેમ, જે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની ગેંગનો ભાગ હતો, તેને નવેમ્બર ૨૦૦૫માં ૧૯૯૩ના બ્લાસ્ટ અને ૧૯૯૫માં મુંબઈના બિલ્ડર પ્રદીપ જૈનની હત્યાના કેસમાં તેની સંડોવણી બદલ ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યો હતો. ટાડાની જોગવાઈઓ હેઠળ તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. નવેમ્બર ૨૦૦૫માં તેને પોર્ટુગલમાંથી પ્રત્યાર્પણ કરવામાં આવ્યો હતો અને સપ્ટેમ્બર ૨૦૧૭માં સાલેમને ૧૯૯૩ના સિરિયલ બોમ્બ બ્લાસ્ટમાં તેની ભૂમિકા બદલ આજીવન કેદની



સજા ફટકારવામાં આવી હતી. સાલેમે દાવો કર્યો હતો કે, તેના પ્રત્યાર્પણ વખતે ભારતે પોર્ટુગલ સરકારને આપેલી ગંભીર ખાતરી મુજબ તેને ૨૫ વર્ષથી વધુ સમય સુધી જેલમાં ન મૂકી શકાય. દરમિયાન તેણે અરજી કરી હતી કે તેની જેલની અવધિ ૧૧ નવેમ્બર,૨૦૦૫થી શરૂ થવી જોઈએ. આમ ૧૧ નવેમ્બર, ૨૦૦૫થી ૭ સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધીનો સમયગાળો પણ તેની ૨૫ વર્ષની કેદની અવધિની ગણતરી કરતી વખતે ધ્યાનમાં લેવો જોઈએ. સાલેમની અરજીનો વિશેષ સરકારી વકીલ દીપક સાલ્વીએ વિરોધ કર્યો હતો. સાલ્વીએ દલીલ કરી હતી કે, સાલેમને મુક્ત કરવા માટે ગંભીર ખાતરી અને સરકારની સત્તાના પાલન અંગેનો મુદ્દો સર્વોચ્ચ અદાલત સમક્ષ હાથ ધરવામાં આવ્યો છે. સાલ્વીએ કહ્યું, એવું માનવામાં આવ્યું હતું કે ગંભીર ખાતરીનો અમલ એ સરકારનો વિશિષ્ટ અધિકારક્ષેત્ર છે અને કોર્ટનો નથી. વધુમાં જો આપણે માનીએ કે સાલેમને ૨૫ વર્ષથી વધુ સમય સુધી અટકાયતમાં રાખી શકાશે નહીં, તો પણ તે ૨૦૩૦થી પહેલાં જેલમાંથી બહાર આવી નહીં શકે. જેલ સત્તાવાળાઓએ દાવો કર્યો હતો કે, ૨૦૧૮માં સત્તાવાળાઓએ સાલેમની કેદની ગણતરી માટે સ્પષ્ટતા માંગી હતી. જો કે આ મુદ્દો સર્વોચ્ચ અદાલત સમક્ષ પડતર હોવાથી સમય પહેલા કહીને તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. જેલ સત્તાવાળાઓએ વધુમાં જણાવ્યું હતું કે, સર્વોચ્ચ અદાલતના ચુકાદા પછી તેઓએ નવેમ્બર ૨૦૦૫થી તેની જેલની અવધિની ગણતરી કરી લીધી છે. જો કે, જો તેને વધુ સ્પષ્ટતાની જરૂર હોય તો તેણે સર્વોચ્ચ અદાલતમાં જવું પડશે. જો કે, કોર્ટે સાલેમની અરજીને છોડી દેવાની મંજૂરી આપી હતી કારણ કે તે જ જેલ સત્તાવાળાઓ દ્વારા પણ સ્વીકારવામાં આવી હતી પરંતુ તેની વહેલી મુક્તિ માટે માફીના લાભો અને પોર્ટુગલને ભારત સરકાર દ્વારા આપવામાં આવેલી ગંભીર ખાતરીને લગતા અન્ય મુદ્દાઓમાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કર્યો હતો. ૨૫ વર્ષ પછી તેની મુક્તિ માટે કોર્ટે કહ્યું કે, જુલાઈ ૨૦૨૨માં સર્વોચ્ચ અદાલત દ્વારા તેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# 'મ્યાનમારના શરણાર્થીઓ સાથે ભારતીય જેલમાં ખરાબ વર્તન કરવામાં આવે છે, દંડ ભરવા છતાં તેઓને મુક્ત કરવામાં આવ્યા નથી'

# એડવોકેસી ગ્રુપ ઈન્ડિયા ફોર મ્યાનમારના સલાઈ ડોખારનો ઈન્ટરવ્યુ

## 'કુલ મળીને લગભગ ૨૦૦ મ્યાનમાર શરણાર્થીઓને હાલમાં મણિપુર અને આસામની જેલોમાં રાખવામાં આવ્યા છે, તેમ છતાં તેઓએ તેમની જેલની સજા ભોગવી છે અને જરૂરી દંડ ચૂકવ્યો છે,' મ્યાનમાર માટે ભારતના સ્થાપક સલાઈડોખારે જણાવ્યું હતું

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

ભારત મ્યાનમારમાં શાંતિ નિર્માતાની ભૂમિકા ભજવવાની ઓફર કરી રહ્યું હોવા છતાં, તે દેશના ડઝનેક શરણાર્થીઓ હાલમાં મણિપુરની જેલમાં ભૂખ હડતાળ પર છે, તેઓ અધિકારીઓ દ્વારા ખરાબ વર્તનની ફરિયાદ કરી રહ્યા છે, અને તેઓને સૈન્યને સોંપવામાં ન આવે તેવી માગણી કરે છે કારણ કે તેઓ માત્ર સામાન્ય લોકો છે અને અત્યાચારોથી બચવા ભાગી ગયા છે.

ગયા ડિસેમ્બરથી મ્યાનમારની લશ્કરી જુન્ટા અને વંશીય લશ્કરો વચ્ચે ફાટી નીકળેલા ચાલુ સશસ્ત્ર સંઘર્ષથી બચવા માટે ૩૦ લાખથી વધુ મ્યાનમારના નાગરિકો અત્યાર સુધીમાં પડોશી દેશોમાં ભાગી ગયા છે. કેટલાક અનુમાન મુજબ, એપ્રિલ ૨૦૨૪ સુધીમાં, આ સંઘર્ષમાં ધાર્મિક ઈમારતો સહિત ૮૮,૦૦૦થી વધુ ઘરો બળી ગયા છે. સામૂહિક હત્યા, નાગરિક વિસ્તારો પર બોમ્બ ધડાકા અને ખાદ્યપદાર્થોની અછતના કારણે લોકોને સલામત સ્થળે ભાગી જવાની ફરજ પડી છે. એકલા ભારતમાં જ ઓછામાં ઓછા ૭૦,૦૦૦ લોકોએ આશરો લીધો છે.

એડવોકેસી ગ્રુપ ઈન્ડિયા ફોર મ્યાનમાર મુજબ, મણિપુર સાથે એક કિમી લાંબી સરહદ ધરાવતા મ્યાનમારમાં ૨૦૨૧ના લશ્કરી બળવાથી, રાજ્ય પોલીસે ૨૧૧ લોકોની ધરપકડ કરી છે. તેમાંથી ૭૬ લશ્કરી જુન્ટાને સોંપવામાં આવ્યા છે. મ્યાનમાર માટે ભારતના સ્થાપક સલાઈ ડોખારે ધ વાયરને જણાવ્યું હતું કે, કુલ મળીને, લગભગ ૨૦૦ મ્યાનમારના શરણાર્થીઓને હાલમાં મણિપુર અને આસામની જેલમાં રાખવામાં આવ્યા છે, જો કે તેઓએ તેમની જેલની સજા ભોગવી છે અને જરૂરી દંડ ચૂકવ્યો છે. એક ટેલિફોનિક ઈન્ટરવ્યુમાં, ડોખારે જણાવ્યું હતું કે ૧૦૦થી વધુ શરણાર્થીઓ ૧૭ જૂનથી ઈમ્ફાલ જેલમાં ભૂખ હડતાળ પર છે, તેઓએ માંગ કરી છે કે તેઓ તેમની જેલની મુદત પૂરી કરી ચૂક્યા છે અને દંડ પણ ચૂકવી ચૂક્યા છે માટે તેમને તાત્કાલિક મુક્ત કરવામાં આવે. મણિપુર પોલીસ દ્વારા તેમાંથી ઘણાને દંડ તરીકે ૫૦,૦૦૦ રૂપિયા ચૂકવવાની ફરજ પાડવામાં આવી હોવાનો દાવો કરતી વખતે આ અધિકાર કાર્યકર્તાએ કહ્યું કે તેઓ જેલમાં ખોરાક અને પીવાના શુદ્ધ પાણીની અછતનો સામનો કરી રહ્યા છે, જેના કારણે તેમને શૌચાલયમાંથી પાણી પીવાની ફરજ પડી છે. વધુમાં અટકાયતીઓને અઠવાડિયામાં એક વાર અથવા દર બે અઠવાડિયે એક વાર સ્નાન કરવાની મંજૂરી આપવામાં આવે છે અને અન્ય ભારતીય કેદીઓ દ્વારા તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો છે.

તેમણે કહ્યું કે, ભારત મ્યાનમારમાં લોકશાહી પુનઃસ્થાપિત કરવાના હેતુથી એક મુક્ત અને સ્વતંત્ર ગ્રાસરુટ હિમાયતની પહેલ કરી રહ્યું છે. તેમાં લોકશાહી અને માનવાધિકાર કાર્યકરો, નિષ્ણાતો અને મ્યાનમાર અને ભારત બંનેના વિવિધ સંગઠનોના સભ્યો સામેલ છે. તે ૧૫ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. આ ચળવળ ભારતીય લોકો, નાગરિક સમાજ અને રાજકીય પક્ષોને મ્યાનમારમાં લોકશાહી ચળવળને સમર્થન આપવા માટે ભારતની હિમાયત કરવા માટે છે. ભારત માત્ર અમારો પાડોશી જ નથી પરંતુ વિશ્વની સૌથી મોટી લોકશાહી પણ છે. તેઓને પૂછવામાં આવ્યું કે હાલમાં ઈમ્ફાલ જેલમાં કેટલા મ્યાનમાર શરણાર્થીઓ છે ? તેમાંથી કેટલાએ તેમની છ મહિનાની જેલની મુદત પૂરી કરી છે, તેમના દંડ ચૂકવ્યા છે અને મુક્તિની રાહ જોઈ રહ્યા છે ? તો તેમણે કહ્યું કે, અમારા ડેટા મુજબ, મ્યાનમારમાં ૨૦૨૧ના લશ્કરી બળવાથી, મણિપુર પોલીસે કુલ ૨૧૧ મ્યાનમાર શરણાર્થીઓની ધરપકડ કરી છે. તેમાંથી ૭૬ લશ્કરી જુન્ટાને સોંપવામાં આવ્યા છે. આ ઉપરાંત, આસામ પોલીસે મ્યાનમારના ૨૭ શરણાર્થીઓની ધરપકડ કરી છે, જેઓ હવે આસામમાં અટકાયતમાં છે. ૨૦૦ મ્યાનમાર શરણાર્થીઓ હાલમાં મણિપુર અને આસામમાં કહેવાતા વિદેશી અટકાયત કેન્દ્રોમાં અટકાયતમાં છે. આ તમામે તેમની જેલની મુદત પૂરી કરી છે અને દંડ ભર્યો છે. મણિપુરમાં ડઝનેક મ્યાનમારના શરણાર્થીઓએ તેમની મુક્તિ માટે પ્રત્યેક માટે ૫૦,૦૦૦ રૂપિયા ચૂકવ્યા છે પરંતુ તેઓ હજુ પણ જેલમાં છે. મણિપુર જેલ સત્તાવાળાઓ શરણાર્થીઓનું શોષણ કરે છે.

**તેમની ભૂખ હડતાલ ક્યારે શરૂ થઈ ? શું તે ચાલુ છે?**

ભૂખ હડતાલ ૧૬ જૂન, ૨૦૨૪ના રોજ શરૂ થઈ હતી અને તે ચાલુ છે. વિરોધીઓએ પાંચ મુખ્ય માંગણીઓ કરી છે. 'અમે શરણાર્થી છીએ;



અમે અહીં જેલમાંથી મુક્ત થવા માંગીએ છીએ; અમારી પાસે કાળજી લેવા માટે પરિવારો છે; અમને અમારા પરિવારો પાસે મોકલો; અને અમને સલામતી માટે છોડી દો. આ અટકાયતીઓએ તેમની જેલની મુદત પૂરી કરી છે અને તેમના દંડ પણ ચૂકવ્યા છે પરંતુ હજુ પણ અટકાયતમાં રાખવામાં આવ્યા છે. આ પરિસ્થિતિ તેમના માટે અયોગ્ય છે કારણ કે તેઓ યુદ્ધમાંથી ભાગી રહ્યા છે અને તેમના પરિવારો સાથે ફરી મળવાની જરૂર છે. તેમના બાળકોના શિક્ષણ અથવા આજીવિકા મેળવવા માટે કામ કરવા સક્ષમ હોવા જોઈએ. તેઓએ તેમના તમામ મૂળભૂત માનવ અધિકારો ગુમાવી દીધા છે. નવજાત શિશુઓને રસીકરણ નકારવામાં આવે છે, અને યુવાનોને શાળામાં જવાની મંજૂરી નથી. ઓછામાં ઓછી છ મહિલા અટકાયતીઓએ જેલમાં બાળકને જન્મ આપ્યો છે અને તેમના બાળકોને રસીકરણની મંજૂરી આપવામાં આવી નથી. આ પરિસ્થિતિ મૃત્યુદંડ જેવી છે કારણ કે અટકાયતીઓને ખબર નથી કે તેઓ ક્યારે મુક્ત થશે અથવા તેમની ભયંકર સ્થિતિ ક્યાં સુધી ચાલુ રહેશે. તેઓને કાયદેસર રીતે મુક્ત કરવા માટે મંજૂરી આપવામાં આવી છે પરંતુ હજુ પણ રાજકીય અથવા અન્ય હેતુઓ માટે તેમની અટકાયત કરવામાં આવી રહી છે, જેમ કે મણિપુરના મુખ્ય પ્રધાન તેમનો લગભગ રાજ્યના આંતરિક સંઘર્ષનો ભોગ બનેલા તરીકે ઉપયોગ કરે છે. તેમને રાજ્યના આંતરિક સંઘર્ષ સાથે કોઈ લેવાદેવા નથી; તેઓ તેમના દેશમાં ભયથી ભાગી રહ્યા છે. તેથી જ તેઓએ તેમની તાત્કાલિક મુક્તિ અને તેમના લશ્કરી બળવાથી રક્ષણની માંગ સાથે ભૂખ હડતાળ શરૂ કરી છે. કેટલાક અટકાયતીઓને લશ્કરના હાથે ત્રાસ, સતાવણી અથવા તો મૃત્યુદંડનો સામનો કરવો પડી શકે છે, સૈન્ય દેશનિકાલ કરાયેલા શરણાર્થીઓની પૃષ્ઠભૂમિની તપાસ કરે છે અને બળવાનો વિરોધ નોંધપાત્ર ગુનો માનવામાં આવે છે. મોટાભાગના શરણાર્થીઓ તેઓને સૈન્યને સોંપવામાં આવે તેવું ઈચ્છતા નથી. ૧૬ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ મહિલા જૂથ દ્વારા શરૂ કરાયેલી પ્રથમ ભૂખ હડતાલ ભાંગી પડી હતી; મહિલા અટકાયતીઓને પુરૂષ પોલીસ દ્વારા સતામણીનો સામનો કરવો પડ્યો હતો. જેલ સત્તાવાળાઓએ તમામ અટકાયતીઓને શક્ય તેટલી વહેલી તકે મુક્ત કરવાનું વચન આપ્યું હતું અને તેમને તેમના પરિવારોને ફોન કૉલ કરવાની મંજૂરી પણ આપી હતી. જોકે ધીમે ધીમે અધિકારીઓએ તેમના પરિવારજનોને પાંચ મિનિટના ફોન કોલ માટે રૂ. ૨૦૦ વસૂલવાનું શરૂ કર્યું. તેઓને પૂછવામાં આવ્યું કે શું તમે આ બાબતે મણિપુર અને ભારત સરકારને કોઈ અપીલ કરવા માંગો છો ? તો તેમણે કહ્યું કે, મ્યાનમારની વર્તમાન પરિસ્થિતિ માત્ર આંતરિક સંઘર્ષ નથી; તે લોકશાહી ચળવળ અને સરમુખત્યારશાહી વચ્ચેનો સંઘર્ષ છે. મ્યાનમારમાં લશ્કરી બળવાને ટેકો આપવા માટે સરમુખત્યારશાહી સરકારો એક થઈ રહી છે જ્યારે લોકશાહી દેશો આ કટોકટીને અવગણી રહ્યા છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ભારતની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ ખાસ કરીને પીડાદાયક છે. મ્યાનમારમાં સફળ લોકશાહી ચળવળથી ભારતને ઘણો ફાયદો થશે. જો ભારત અગ્રણી વૈશ્વિક શક્તિ બનવાની ઈચ્છા ધરાવે છે, તો તે તેના પડોશી દેશોને અવગણી શકે નહીં. નહિંતર, તેને માલદીવ જેવી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. અમે અમારા અને ભારત બંને માટે ખૂબ જ ચિંતિત છીએ, કારણ કે તમામ પડોશી દેશો ચીનના પ્રભાવ હેઠળ આવી રહ્યા છે. અમે મ્યાનમારમાં આને રોકવા માંગીએ છીએ. તેથી, અમે ભારતને મ્યાનમાર મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરીએ છીએ કારણ કે અમારી સફળતા એ ભારતની પ્રાદેશિક સફળતા પણ છે. **(સૌ.: ધ વાયર.ઈન)**

# ગેરકાયદેસર રીતે કરવામાં આવેલા અસ્સાગાવ ડિમોલિશનમાં ડીજીપીની કથિત સંડોવણી અંગે ગોવા કોંગ્રેસે તેમની હકાલપટ્ટીની માંગ કરી

## ગોવા પોલીસનું કહેવું છે કે, ગેરકાયદેસર ડિમોલિશનમાં ડીજીપી જસપાલસિંહની સંડોવણીનો આક્ષેપ કરતા પોલીસ અધિકારીના પત્રની ચકાસણી હજુ બાકી છે

(એજન્સી) પણજી, તા.૩૦

ઉત્તર ગોવાના આસ્સાગાવમાં રહેઠાણને ગેરકાયદેસર તોડી પાડવાથી ગોવા પોલીસ તેમજ સરકારમાં વિવાદ સર્જાયો છે, જેમાં અંજુના પોલીસના એક અધિકારીએ ડેમોલીશનમાં ગોવાના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) જસપાલ સિંહની સંડોવણીનો ઈશારો કર્યો હતો. ગોવા પોલીસે સત્તાવાર રીતે જાળવી રાખ્યું છે કે, ડિમોલિશનમાં ડીજીપીની સંડોવણી દર્શાવતો પત્ર અનામી છે અને તેની ચકાસણી કરવાની જરૂર છે. દરમિયાન આ કેસએ રાજ્યના તમામ પક્ષોએ સાથે મળીને આરોપીઓ સામે ઝડપી કાર્યવાહી કરવાની હાકલ કરતાં રાજકીય ચર્ચાઓએ જોર પકડ્યું છે અને કોંગ્રેસે ડીજીપીની હકાલપટ્ટીની પણ માંગણી કરી છે. શુક્રવારે, ગોવા પોલીસના એસપી ક્રાઈમ રાહુલ ગુપ્તાએ પત્રકારોને જણાવ્યું હતું કે, 'એક સમાચાર અહેવાલ ચાલી રહ્યા છે કે, એક અધિકારીએ આ ડેમોલેશન પ્રક્રિયામાં વરિષ્ઠોની ભૂમિકાનો આરોપ લગાવ્યો છે. હું માત્ર એ વાતને પ્રકાશિત કરવા માંગુ છું કે તે એક દસ્તાવેજ છે જે સહી વગરનો છે અને અનામી છે. મને પણ આ દસ્તાવેજ મળ્યો છે. આ તબક્કે, તે દસ્તાવેજમાંથી તારણો કાઢવાનું ખૂબ જ અકાળ છે. તેમ છતાં અમે તપાસ કરી રહ્યા છીએ અને જ્યારે કંઈક સામે આવશે, અમે તમને જાણ કરીશું.' ૨૨ જૂનના રોજ, મિલકતના વિવાદને લઈને કેટલાક લોકોએ કથિત રીતે આસ્સાગાવમાં ગોવાના અગરવાડેકર પરિવારના એક માળના મકાનનો એક ભાગ ગેરકાયદેસર રીતે તોડી પાડ્યો હતો. પીડિત પરિવારના સભ્ય પ્રિંશા અગરવાડેકરે કહ્યું હતું કે, જ્યારે ડિમોલિશન ચાલી રહ્યું હતું ત્યારે તે વ્યક્તિગત રીતે મદદ લેવા માટે પોલીસ પાસે ગઈ હોવા છતાં પોલીસ કાર્યવાહી કરવામાં અચકાતી હતી. ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે મંગળવારે પીડિત પરિવારની મુલાકાત લીધી હતી અને ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા હતા. તેમણે પરિવારને આશ્વાસન પણ આપ્યું હતું કે, સરકાર તેમના ઘરનું પુનઃનિર્માણ કરશે અને તોડી પાડવા માટે જવાબદારો પાસેથી તમામ ખર્ચ પણ વસૂલ કરશે. રાજ્ય સરકારે અંજુના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પ્રશાલ પુટ્ટુ નાઈક દેસાઈ સહિત ત્રણ પોલીસને સસ્પેન્ડ કર્યા છે. એક વરિષ્ઠ પોલીસ



અધિકારી, જેમણે નામ જાહેર ન કરવાની વિનંતી કરી, તેણે ThePrintને જણાવ્યું કે, અંજુના પોલીસે રાજ્ય સરકારને તેના અહેવાલમાં લખ્યું છે કે DGPએ પોલીસને તોડી પાડવાની મંજૂરી આપવા જણાવ્યું હતું. જો કે દેસાઈએ ThePrintના કૉલ્સ અને ટેક્સ્ટ સંદેશાઓનો જવાબ આપ્યો ન હતો. દરમિયાન, શુક્રવારે ડીજીપી સિંહે પત્રકારોને પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ગુપ્તાના નિવેદનનો સંદર્ભ આપવા માટે કહ્યું હતું. ગુપ્તાએ પત્રકારોને જણાવ્યું હતું કે, પોલીસે આ કેસમાં અત્યાર સુધીમાં આઠ લોકોની ધરપકડ કરી છે. તેમણે કહ્યું કે, આ કેસ ક્રાઈમ બ્રાન્ચની ચાર સભ્યોની વિશેષ તપાસ ટીમને સ્થાનાંતરિત કરવામાં આવે તે પહેલાં, અંજુના પોલીસે બે વ્યક્તિઓની ધરપકડ કરી હતી જેઓ ડિમોલિશન વખતે સ્થળ પર હાજર હતા. ગુપ્તાએ કહ્યું, 'કેસ સંભાળ્યા પછી, ક્રાઈમ બ્રાન્ચે વધુ છ લોકોની ધરપકડ કરી હતી. હવે આ કેસમાં કુલ આઠ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરાયેલા છ વ્યક્તિઓમાંથી પાંચ બાઉન્સર હતા. અમે હુમલો અને તપાસમાં પેશકદમી સાથેનન વ્યવહાર કરતી સંખ્યાબંધ કલમો ઉમેરી છે.' આ દરમિયાન ગોવા કોંગ્રેસે માંગ કરી છે કે, સાવંત કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને ડીજીપીને ડિમોલિશનમાં તેમની કથિત સંડોવણી બદલ હટાવવાનું કહે. ગોવા કોંગ્રેસના પ્રમુખ અમિત પાટકરે X પર લખ્યું હતું કે, 'જ્યારે સુપર બોસ પોતે જ તેમના ગૌણ અધિકારીઓ પર દબાણ કરે છે ત્યારે પોલીસ વિભાગ મુક્ત અને ન્યાયી રીતે કાર્ય કરવાની અપેક્ષા કેવી રીતે રાખી શકીએ ? કાયદો અને વ્યવસ્થા નિમ્ન કક્ષાએ આવી ગઈ છે.'

**અત્યાર સુધીની તપાસ**

ગોવા પોલીસના સૂત્રોએ ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે, મુંબઈના રહેવાસી પૂજા શર્માએ મિલકત માટે વેચાણ દસ્તાવેજ મેળવ્યો હતો, પરંતુ અગરવાડેકરોએ બે દાયકાથી વધુ સમયથી મિલકતનો કબજો હોવાનો દાવો કર્યો હતો. અગરવાડેકર પરિવારના સભ્ય દ્વારા પોલીસ ફરિયાદમાં જણાવાયું છે કે, મકાનમાલિકે મુંબઈ સ્થિત ખરીદદાર સાથે કપટપૂર્વક વેચાણ કરાર કર્યો હતો. નામ જાહેર ન કરવાની વિનંતી કરનાર પોલીસ અધિકારીએ ThePrintને જણાવ્યું હતું કે, "Assagao મિલકતના માલિકે અગરવાડેકરોને મિલકત પર કબજો કરવા માટે 'રિવોકેબલ એનઓસી' આપી હતી. પરંતુ, મિલકત કોની હતી તે ધ્યાનમાં લીધા વિના જે રીતે મકાન તોડવામાં આવ્યું હતું તે કાયદાને અનુરૂપ ન હતું. તોડી પાડવાની કોઈ યોગ્ય સૂચના આપવામાં આવી ન હતી, કોઈ પરવાનગી પણ લેવામાં આવી ન હતી." શર્માની ધરપકડ કરવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા ગુપ્તાએ પત્રકારોને જણાવ્યું હતું કે, ક્રાઈમ બ્રાન્ચ હજુ પણ આ મામલે તેની ભૂમિકાની તપાસ કરી રહી છે. તેમણે ઉમેર્યું, 'હજુ પણ કેટલાક વધુ આરોપીઓ છે. અમે તેમને શોધી રહ્યા છીએ અને યોગ્ય સમયે વધુ ધરપકડ કરવામાં આવશે. એક ટીમ બેલગામમાં છે, એક ટીમ મુંબઈમાં છે. અમે જરૂર મુજબ વધુ ટીમો પણ મોકલીશુ.'

# ભરૂચ : આંતરરાષ્ટ્રીય કેલિગ્રાફી કલાકાર ગોરી યુસુફ હુસેનનું ઈસરોના વૈજ્ઞાનિક દ્વારા કાલિકટ ખાતે સન્માન કરાયું

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૩૦

ભરૂચ માટે ખાસ ગૌરવ લેવા જેવી વાત છે કે, આંતરરાષ્ટ્રીય કેલિગ્રાફી કલાકાર ગોરી યુસુફ હુસેનનું ઈસરોના વૈજ્ઞાનિક દ્વારા તારીખ ૨૭-જૂન-૨૦૨૪ના રોજ સન્માન કરાયું હતું. આ વાત ભરૂચ માટે એટલા માટે ગર્વની છે કે ગોરી એક કલાકાર જીવ છે અને તેઓનું આર્ટ જગત માટેનું યોગદાન પણ એટલું જ અદ્‌ભુત રહ્યું છે.



આ વાત બેહદ ખુશી સાથે એટલા માટે કહેવી રહી કે હમણાં હાલમાં જ કેરલાના કાલિકટ ખાતે આવેલ મર્કઝ નોલેજ સિટીમાં આર્ટ એન્ડ કલ્ચરની એક કોન્ફરન્સ યોજાઈ હતી જેમાં ભરૂચના આંતરરાષ્ટ્રીય કલાકાર ગોરી યુસુફ હુસેનને તેમની કેલિગ્રાફી આર્ટ માટે નિમંત્રિત કરવામાં આવ્યા હતા. જ્યાં તેઓની આંતરરાષ્ટ્રીય કેલિગ્રાફી કલાની ખૂબ જ સરાહના કરવામાં આવી હતી અને આ સંદર્ભમાં મર્કઝ નોલેજ સિટીએ તેમનું સન્માન કરવાનું વિચાર્યું હતું અને તેઓનું એ સન્માન ભારતની સ્પેસ અને રિસર્ચ ઓર્ગેનાઝેશન 'ઈસરો'ના સેવા નિવૃત વૈજ્ઞાનિક ડો.અબ્દુલ સલામ દ્વારા કરવામાં આવ્યું હતું કે જેઓ હાલ મર્કઝ નોલેજ સિટીના સીઈઓના હોદ્દા પર બિરાજમાન છે.

વૈજ્ઞાનિક ડો. અબ્દુલ સલામ દ્વારા ગોરી યુસુફ હુસેનના સન્માનમાં કહેવામા આવ્યું કે "નિઃસ્વાર્થભાવે કલા અને કલાકારોને જીવંત રાખી એક મંચ પર ભેગા કરવા એ કઈ સહેલું કામ નથી. પણ આ કાર્ય તેઓએ બખૂબી નિભાવ્યું જ નહીં પણ તેઓએ એ નવી પેઢીના કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓની કલાને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી લઈ જવા માટે પ્રયત્ન કર્યા છે જે ખરેખર એક ઉમદા કાર્ય છે. તેઓ આ નોલેજ સિટીમાં આવી અહી ઉપસ્થિત વિદ્યાર્થીઓનું જ નહીં પણ અમારૂં પણ કલા ક્ષેત્રમાં જ્ઞાન વધાર્યું છે જે મર્કઝ નોલેજ સિટીનો મકસદ છે કે નવી પેઢી સાચું જ્ઞાન મેળવે અને પ્રગતિ કરે".

ગોરી યુસુફ હુસેનને અનેક ઉપલબ્ધિઓથી નવાઝવામાં આવ્યા છે તથા તેઓ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય (ઓનલાઈન/ઓફલાઈન) કલા પ્રદર્શિનીઓનું સફળતા પૂર્વક આયોજન કરી ચૂક્યા છે અને અનેક કલાકારોની કલાને નવજીવન અપાવ્યું છે. છતાં પણ તેઓ નિરાભિમાની અને જમીનથી જોડાયેલા અને સૌને સાથે લઈ ચાલનારા ઉમદા શખ્સ છે. આ પ્રસંગે અલ ઉસ્તાદ શેખ અબુબકર એહમદ, ગ્રાન્ડ મુફ્તી ઓફ ઈન્ડિયા, સેક્રેટરી મર્કઝ નોલેજ સિટી, ડો. અબ્દુલ સલામ 'ઈસરો'ના સેવા નિવૃત વૈજ્ઞાનિક અને સીઆઈઓ મર્કઝ નોલેજ સિટી, ડો. મોહમ્મદ અબ્દુલ હકિમ અઝારી અલકાંડી, મેનેજિગ ડાયરેક્ટર મર્કઝ નોલેજ સિટી તથા ઉબેદ ઈબ્રાહિમ નુરાની, ડાયરેક્ટર મર્કઝ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઉપસ્થિત રહ્યા હતા.

# ભરૂચમાં અવિરત વરસાદથી ફૂરજા અને ફાંટા તળાવ વિસ્તારમાં પાણી ભરાયા

## વરસાદી પાણી સાથે ગટરનું પાણી ભળી જતા વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૩૦

ભરૂચમાં વર્ષે રહેલા અવિરત વરસાદના કારણે શહેરના ફૂરજા અને ફાંટા તળાવ વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. વરસાદી પાણી સાથે ગટરનું પ્રદૂષિત પાણી પણ મિક્સ થઈ જતા આ વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાઈ રહી છે.

ભરૂચ શહેર અને જિલ્લામાં ગત મધ્યરાત્રીથી અવિરત વરસાદ વરસી રહ્યો છે જેના કારણે વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા છે. ખાસ કરીને ભરૂચના ફુરજા અને ફાંટા તળાવ વિસ્તારમાં વરસાદી પાણી ભરાયા હતા. વરસાદી પાણી સાથે ગટરનું પ્રદૂષિત પાણી પણ ભળી જતા ગંદકીના દશ્યો જોવા મળ્યા હતા. દૂષિત પાણીના કારણે વેપારીઓ તેમજ લોકોએ હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો હતો. નગર સેવા સદન દ્વારા ચોમાસા અગાઉ પ્રિ મોન્સૂન કામગીરી માટે લાખો રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી પરંતુ આ પ્રી મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ કરાઈ હોય તેવું લાગી રહ્યું છે ગટરનું ગંદુ પાણી બેક મારતા સમગ્ર વિસ્તારમાં કાળા રંગનું પ્રદૂષિત પાણી જોવા મળી રહ્યું છે જેના કારણે રોગચાળો ફાટી નીકળવાની પણ દહેશત વર્તાઈ રહી છે. ભરૂચ જિલ્લામાં ગતરોજ રાત્રીના શરૂ થયેલો વરસાદ કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.વરસાદના કારણે જનજીવન પર અસર પહોંચી હતી.

આજ સવારે પણ વરસેલા વરસાદથી જનજવન ઉપર અરસ જોવા મળી હતી. જેના કારણે ભરૂચ શહેરના નીચાણ વાળા વિસ્તારમાં જેવા કે સેવાશ્રમ,પાંચબત્તી,ફાટા તળાવ,ફુરજા બજાર સહિતના વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતાં.જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડી હતી. આજે રવિવારની રજા હોય નાના બાળકો સાથે યુવાનો અને મોટેરાઓએ પણ વરસાદમાં નહાવાની પણ મજા માણી હતી. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જ્યારે કસક સર્કલ પાસે ગટરનું પાણી બેક મારતા માર્ગ પર ફરી વળતા તેની દુર્ગંધ ફેલાઈ હતી.

### કટ્ટરવાદીઓએ મુસ્લિમોની ધાર્મિક લાગણી દુભાવી

# ખેડા જિલ્લાના પીજમાં આવેલ કબ્રસ્તાનમાં જેસીબી લઈ જઈ કબરોને નુકસાન કરી વીજ થાંભલો લઈ જતા લોકોમાં રોષ

## પોલીસ સ્ટેશનમાં અરજી આપ્યાના આઠ દિવસ બાદ પણ પોલીસે કોઈ જ કાર્યવાહી ન કરતા લોકોમાં પોલીસની કામગીરી સામે શંકા, મુસ્લિમ અગ્રણીઓ પીજ દોડી ગયા : કૃત્ય કરનારને ઠપકો આપતા ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૩૦

કેન્દ્રમાં તથા રાજયમાં ભાજપે સત્તાનું સુકાન સંભાળ્યા બાદ દેશમાં મુસ્લિમો પ્રત્યે નફરતનું બીજ રોપવામાં આવ્યું છે. કટ્ટરવાદી તત્ત્વો બેલગામ બન્યા છે. મુસ્લિમોને કોઈના કોઈ બહાને હેરાન કરવાની કોઈ તક આવા કોમવાદી તત્ત્વો જતી કરતા નથી. ઈસ્લામ ધર્મનું અપમાન કરવું, મુસ્લિમોની ધાર્મિક લાગણી દુભાવવી આવા તત્ત્વો માટે આ સમયમાં આસાન થઈ ગયું છે. કેમ કે આવા તત્ત્વોને તેમ કરતા અટકાવાતા નથી જ્યારે તેમની સામે ફરિયાદ કરવા જાવ તો પોલીસ ફરિયાદ લેતી નથી કે ફરિયાદ લેવામાં અખાડા કરે છે, ધક્કા ખવડાવે છે. કેટલીક વખત ફરિયાદ નોંધાવા માટે કોર્ટના દ્વાર ખખડાવવા પડે છે ત્યારે પોલીસ ફરિયાદ લે છે. અમુક સંજોગોમાં પોલીસ આરોપીઓ સામે કૂણું વર્તન દાખવતી હોવાની ફરિયાદો પણ ઊઠી છે તથા કલમો પણ હળવી લગાવવામાં આવે છે જેથી આવા તત્ત્વો બેલગામ બન્યા છે અને તેમની મનમાની કરી રહ્યા છે. મુસ્લિમોની ધાર્મિક લાગણી દુભાવતી વધુ એક ઘટના ખેડા જિલ્લામાં બહાર આવી છે. જેમાં વ્યક્તિના મૃત્યુ બાદ જેને દફનાવવામાં આવે છે જેને કબ્રસ્તાન કે અંતિમધામ કહેવાય છે તે ધાર્મિક સ્થળનો પણ કટ્ટરવાદી માનસિકતા ધરાવતા શખ્સોએ બાકાત રાખ્યું નથી. જે કટ્ટરવાદી



તત્ત્વોને કબ્રસ્તાનમાં જેસીબી મશીન લઈ જઈ કબરોને નુકસાન પહોંચાડી વીજ કંપનીનો પોલ ખોદી લઈ જતા મુસ્લિમ સમાજમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે. ઉક્ત બનાવને ૨૦ દિવસ ફરિયાદ લખાઈને આઠ દિવસ બાદ પણ પોલીસે કોઈ જ કાર્યવાહી ન કરતા પોલીસની કાર્યવાહી સામે શંકાની સોય ઊભી થવા પામી છે. ખેડા જિલ્લાના પીજમાં હઝરત સીદી મહંમદ પીર (ર.હ.) અલયની દરગાહ તથા મલેકનુ શાહી કબ્રસ્તાન આવેલ છે આ કબ્રસ્તાનમાંથી જેસીબી મશીન લઈ પ્રવેશ કરી કબરોને નુકસાન કરી વીજ કંપનીનું પોલ ખોદી લઈ જઈ મુસ્લિમોની લાગણીને દુભાવનાર તેમજ આ કારસ્તાન કરનારને ઠપકો આપતા ગાળો બોલી જાનથીમારી નાખવાની ધમકી આપનાર વ્યક્તિઓ સામે પોલીસમાં અરજી આપી હોવા છતાં આઠ દિવસ બાદ પણ પોલીસે કોઈ જાતની કાર્યવાહી ન કરતા આ બનાવને લઈ મુસ્લિમ સમાજમાં ભારે રોષ જોવા મળે છે. વસો તાલુકાના પીજના અને હાલમાં આણંદમાં રહેતા મો.સાજુદીન કમરૂદીન મલેક (ઉં.વ.આ.૩૭) પીજ કબ્રસ્તાનના વહીવટકર્તા તરીકે ફરજ નીભાવે છે તેમણે પોલીસમાં આપેલી અરજીમાં જણાવ્યું છે કે, તા.૧૧/૦૬/૨૦૨૪ના દિવસે ગામના ત્રણ વ્યક્તિઓ મુન્નાભાઈ ગોરધનભાઈ પટેલ રહેઃ- રામદાશ પુરા, હાઈસ્કુલની પાસે, પીજતા.વસો પ્રવિણભાઈ નરસિંહભાઈ પટેલ પટેલની ખડકી, વહેરાઈ માતા પાસે, પીજ અને અન્ય અજાણ્યા ઈસમએ હઝરત સીદીમહંમદ પીર (ર.હ.) અલયની દરગાહમાં આવેલ કબસ્તાનમાં કબરોની વચ્ચે આવેલ ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા લાઈટ માટે નાખવામા આવેલ થાભલો જે.સી.બી મશીન લઈ ગેરકાયદેસર રીતે કબ્રસ્તાનમાં પ્રવેશ કરી વર્ષો જુની કબરોને નુકસાન પહોંચાડી મુસ્લીમ સમાજની તેમજ મરણ ગયેલ વ્યકિતઓના સગાઓની ધાર્મિક લાગણી દુભાવી ઈસ્લામ ધર્મના અપમાન કરવાના ઈરાદાથી કબસ્તાનમાં આવેલ ગુજરાત વિદ્યુત બોડર્નો થાભલો ગેરકાયદેસર રીતે કાઢવાનું અપકૃત્ય કરેલ છે. એટલું જ નહીં મોબાઈલ પર એવું જણાવ્યું કે 'તમારા કબસ્તાનમાં આવેલ ગુજરાત વિદ્યુત બોર્ડના થાંભલાની અમારે જરૂર છે એટલા માટે લઈ ગયા છીએ' અમો ફરિયાદીએ જણાવેલ કે 'આ થાંભલો અમારા સગાઓની વર્ષો જુની કબરો વચ્ચે આવેલ હોવાથી કબરોને નુકસાન થાય તેમ છે જેથી તે કબરોને નુકસાન ન પહોંચે એટલા માટે થાંભલો કાઢવાનો નથી'. આ વાત સાંભળી એ લોકોએ ગંદી તેમજ બીભત્સ મા-બેન સમાણી ગાળો બોલી અને કહેલ કે ' અમે જે કામ કરવા આવેલ છે તે કરીને જ રહીશુ અમને તમારી કોઈ બીક લાગતી નથી અને વધારે પડતું અમારા કામમા ડહાપણ કરીશ નહીં તુ અહીં રહેતો નથી એટલે અહીં આવીશ તો તારા સગાની કબર વચ્ચે તારી કબર કરી નાખીશું અને તારી લાશ પણ નહી મળે. તું અમને જાણતો નથી.' એમ,કહીં અમોન ખુબ જ ધમકાવેલ. જેથી અમો તે વખતે ખુબ જ ગભરાઈ ગયા હતા ત્યારબાદ તારીખ ૨૨/૬/૨૦૨૪ના રોજ આ બાબતે આ તત્ત્વો સામે કાર્યવાહી કરવા અમારી અરજ છે તે બાબતની અરજી આપી હતી પરંતુ આ બનાવના આઠ દિવસ બાદ પણ પોલીસે કોઈ કાર્યવાહી કરી નથી. નડિયાદના સામાજિક કાર્યકર સોહીલભાઈ ચિસ્તીયાએ પોતાની ટીમ સાથે સ્થળ મુલાકાત લઈ વસો પોલીસ સ્ટેશનના પી.એસ આઈ.ને રૂબરૂ મળી આવા કારસ્તાન કરનાર વ્યક્તિઓ સામે તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવા અને એફઆઈઆર દાખલ કરવા પણ માંગ કરી હતી.

# પાલેજ કન્યા શાળા ખાતે કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવ ધામધૂમથી યોજાયો



પાલેજ, તા.૩૦

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની ગાઈડલાઈન અંતર્ગત તારીખ ૨૬.૨૭ અને ૨૮જૂનના રોજ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉજવાય રહેલ છે તે અંતર્ગત અત્રેની કન્યાશાળા પાલેજ, કુમારશાળા પાલેજ અને નવીનગરી પાલેજના શાળાના બાલવાટીકા અને ધોરણ એકમાં પ્રવેશ મેળવતા બાળકોનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં જિલ્લા આયોજન અધિકારી ગોહિલ, સી.આર.સી કો-ઓર્ડીનેટરટંકારીયા, ડેપ્યુટી સરપંચ શબ્બીરભાઈ તેમજ તલાટી કમ મંત્રી કરણસિંહ પાલેજ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો. આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-૧માં પ્રવેશ મેળવતાબાળકોને ગ્રામ પંચાયત તરફથી દફતર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ફિલિપ્સ કાર્બન કંપની મેનેજર એમ પી શીંગ દ્વારા આંગણવાડીના બાળકોને ફ્રુટની કીટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ત્રણેય શાળાના આચાર્યએ સુચારૂ આયોજન કર્યું હતું.

# માતરના મહેલેજમાં વીજકરંટ લાગતા માતા-પુત્ર સહિત ત્રણનાં મોત

## દુકાનનું શટલ ખોલવા જતાં સગીરને કરંટ લાગ્યો, બચાવવા ગયેલ બંને વ્યક્તિ પણ મોતને ભેટી

ખેડા, તા.૩૦

માતર તાલુકાના મહેલેજમાં આજે બપોરે એક દુકાનના સટલ પર વિજ કરંટ ઉતરતા દુકાન ખોલવા ગયેલા યુવકને કરંટ લાગ્યો હતો તેને બચાવવા માટે તેની માતા અને પાડોશી દોડતા તેમને પણ કરંટ લાગતા આ ત્રણેય વ્યક્તિઓના મોતની થયાં છે આ બનાવને લઈ ગામમાં દુઃખની લકીર ખેંચાઈ ગઈ છે આ લખાય છે ત્યારે પીએમની કાર્યવાહી ચાલે છે પોલીસ કાર્યવાહી કરતી હોય વધુ માહિતી મળી નથી.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ માતર તાલુકાના મહેલેજમાં બહારપુરા વિસ્તારમાં રહેતા સાજીદ ખાન પઠાણની અનાજ કરિયાણાની દુકાન આવેલી છે આજે બપોર બાદ તેઓનો પુત્ર ઓવેશ (ઉ.વ. ૧૭) દુકાન ખોલવા ગયા હતા વરસાદના કારણે સટલ ભીનું થયું હતું જેવા દુકાન ખોલવા માટે શટલને હાથ અડાવ્યું તરત કરંટ લાગતા તેઓએ બૂમ પાડતા બાજુમાંથી તેમની માતા યાસ્મીન બાનં દોડી આવ્યા હતા અને પુત્રને બચાવવા જતા તેમને પણ વીજ કરંટ લાગ્યો હતો. આ જોઈ પાડોશમાં રહેતા સોહેલ પણ બચાવવા દોડતા તેઓ પણ વીજ કરંટ ભોગ બન્યા હતા આમ ત્રણ વ્યક્તિઓને કરંટ લાગતા તેમની હાલત નાજુક બની હતી તાત્કાલિક તેમને સારવાર માટે દાખલ કર્યા હતા જોકે સારવાર મળે તે પહેલા તેમનું મોત થયું હતું. અત્રે નોંધનીય છે કે કરંટથી ગંભીર દાઝેલા ત્રણેયને માતરાની ખાનગી હોસ્પિટલમાં લઈ જતા તે હોસ્પિટલના લોકોએ આ લોકોની સારવાર ના કરી હોવાની પણ ચર્ચા ચાલી રહી છે ત્યારે માનવતા મરી પરવારી હોય તેવું દેખાઈ રહ્યું છે.

### ઈડરના વડાલી ગામમાં

# બોગસ તબીબ સગીરાનું ગર્ભપાત કરતો હોવાનો વીડિયો વાયરલ

ઈડર, તા.૩૦

ઈડરના વડાલી ગામમાં બોગસ તબીબ દ્વારા સગીરાનું ગર્ભપાત કરતા હોવાનો તે વીડિયો વાયરલ થયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ઈડરના વડાલી ગામે બોગસ તબીબ દ્વારા યુવતીનું ગેરકાયદેસર ગર્ભપાત કરતા હોવાનો સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થયો છે. આ બોગસ તબીબ વડાલીની ગ્રામ્ય પ્રજા પાસેથી ગર્ભપાતના નામે ખિસ્સા ખંખેરી રહ્યો છે. આ તબીબ ખાનગી હોસ્પિટલમાં છેલ્લા ૩૩ વર્ષથી દવાખાનું ચલાવી ડિલિવરી તથા ખોટા ગર્ભપાત કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતો હોવાનો વીડિયો વાયરલ થયો છે. આ વીડિયોમાં એક સગીરા જોઈ શકાય છે. આરોગ્ય અધિકારીએ આ અંગે યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરવાનું જણાવ્યું છે. સોશિયલ મીડિયામાં વીડિયોથી ગામમાં ચર્ચાનો વિષય બની ગયો છે અને સરકાર દ્વારા યોગ્ય તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

## ટંકારિયા ગામે બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા : ૧.૮૮ લાખની મતાની ચોરી

પાલેજ, તા.૩૦

ભરૂચ તાલુકાના ટંકારિયા ગામે અગાઉ થયેલી ચોરીઓના ગુનામાં પકડાયેલા આરોપીઓના સમાચારોની શાહી સુકાઈ નથી, ત્યાં તો બગલાં સ્ટેન્ડ નજીક એક બંધ મકાનમાં તસ્કરોએ પ્રવેશી સોના-ચાંદીના દાગીના રોકડ રકમ ૧,૮૮,૭૦૦ની રકમની ચોરી કરી ફરાર થઇ ગયાની ફરિયાદ પાલેજ પોલીસ સ્ટેશને ઉસ્માન અલી સુતરિયા રહે.અમન બંગલોઝ બગલાં સ્ટેન્ડ ટંકારિયાએ નોંધાવતા ગામમાં ચકચાર વ્યાપી જવા પામી છે.

# પાલેજ : નવીનગરી તરફ જતા માર્ગોની કામગીરી હાથ ધરાતા લોકોને રાહત



પાલેજ, તા.૩૦

પાલેજ નવીનગરી તરફ જતાં માર્ગોને પાકા બાંધકામ કરવાની કામગીરી હાથ ધરવામાં આવતાં આ વિસ્તારના લોકોની વર્ષો જૂની પાકો માર્ગ બાંધકામ કરવાની માંગણીનો અંત આવશે લોકો અહીં ચોમાસામાં વાહનો લઈ જવામાં તેમજ પગે ચાલીને જતાં આવતાં મુશ્કેલીમાં મુકાઈ જતા હતાં. પાલેજ ધનજીશા જીન વિસ્તારોમાં માર્ગોનું વિસ્તુતિકરણ કરી પેવર બ્લોકો બેસાડવાની કામગીરી ચાલું છે. ગંદકી દૂર થઈ જતાં અને સ્વચ્છતા ફેલાય હોવાનું વિસ્તારોમાં રહેતા લોકોનું માનવું છે. અહીં પાકા માર્ગનું બાંધકામ થતાં કાદવ કીચડથી ચોમાસામાં થતી ગંદકી દૂર થઈ છે.

# વીરપુર તાલુકામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

વીરપુર, તા.૩૦

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાની આસુંદરીયા, મહેમુદપુરા, સારસ્વત ઉત્તર બુનિયાદી હાઈસ્કૂલમાં મહીસાગર જિલ્લાના બાળ કલ્યાણ સમિતિના ચેરમેન મયંક જોષીના અધ્યક્ષ સ્થાને શાળા-પ્રવેશોત્સવ કન્યા કેળવણી મહોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં બાલવાટિકા ધો-૧ અને ધો-૯ના બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યો, શિક્ષકો, સ્કૂલ મેનેજમેન્ટ કમિટી, વાલીઓ, બાળકો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા જેમાં મહીસાગર જિલ્લાના બાળ સમિતિના



ચેરમેન મયંક જોષી દ્વારા સરકારની બાળકોને લગતી યોજનાઓ તેમજ બાળકોનો સર્વાંગીવિકાસ થાય તે દિશામાં કાર્ય કરવા પ્રેરક ઉદ્‌બોધન કર્યું સાથે તમામ શાળાઓમાં વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો

### નસવાડી તાલુકાના જાંબુઘોડા ગામમાં હલકી ગુણવત્તાની કામગીરીની પોલ ખૂલી

# ભ્રષ્ટાચાર લ્યો બોલો..! બે કરોડના ખર્ચે નવો બનેલો સ્લેબડ્રેઈનનો એપ્રોચ રોડ લોકાર્પણ પહેલાં જ બેસી ગયો

## સંપૂર્ણ કામગીરીની ગુણવત્તા તપાસ કરવા અને જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવા કોંગ્રેસની માંગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં માર્ગ અને મકાન વિભાગ અને પંચાયત વિભાગ દ્વારા પાંચ વર્ષમાં કરોડો રૂપિયાના ખર્ચે રોડ-રસ્તાઓ બનાવવામાં આવ્યા. પરતું નવા બનેલા રોડ-રસ્તા જે પાંચ વર્ષ ટકવા જોઈએ તેની જગ્યાએ બે મહિના-પાંચ મહિનામાં જ તૂટી જવાની ઘટનાં સમગ્ર ગુજરાતમાં સામે આવી રહી છે. ત્યારે ભાજપની યોજનાઓન પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતુંકે રાજ્ય સરકારે મુખ્યમંત્રી સડક યોજનામાં બે કરોડના ખર્ચે નવીન સ્લેબડ્રેઇનમાં બે માસમાં જ એપ્રોચ રોડ બેસી જતા હલકી ગુણવત્તાની કામગીરીની પોલ ખુલી પડી ગઈ છે. જેને લઈ પંચાયત માર્ગ અને મકાન વિભાગના ભ્રષ્ટ અધિકારીઓની કામગીરી સામે અનેક પ્રશ્નો ઉભા થયા છે.

નસવાડી તાલુકાના જાંબુઘોડા ગામે બે મહિના પહેલા બે કરોડના ખર્ચે નવો બનેલો સ્લેબડ્રેઇનનો એપ્રોચ રોડ બેસી જતા મોટા વાહનોની અવર જવર બંધ થઈ છે. લોકાર્પણ પહેલા જ એપ્રોચ રોડ બેસી જતા કોન્ટ્રકટરો-એજન્સીઓ દ્વારા કરવામાં આવેલ કામની પોલ ખુલ્લી પડી ગઈ છે. પંચાયત માર્ગ મકાન વિભાગના અધિકારીઓની દેખરેખ સામે અનેક પ્રશ્નો ઉભા થઇ રહ્યા છે.

નસવાડી તાલુકાના સાંકળ(ત) ગામેથી જાંબુઘોડા ગામે જવાના રસ્તા ઉપર કોતર આવેલું છે જયારે ચોમાસામાં લોકોને પડતી મુશ્કેલીના કારણે સ્લેબડ્રેઇન બનાવવા લોકોએ અધિકારીઓને રજૂઆત કરી હતી જેને લઇ માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્ય સરકારમાં દરખાસ્ત કરતા રાજ્ય સરકારે મુખ્યમંત્રી સડક યોજનામાં બે કરોડના ખર્ચે સ્લેબડ્રેઇન મંજુર કર્યું હતું જેને લઇ ટેન્ડર બહાર પડાતા આર.સી પટેલ એજન્સીનું ટેન્ડર લાગતા એજન્સી દ્વારા સ્લેબડ્રેઇન અને એપ્રોચ રોડ બનાવવામાં આવ્યું હતું જયારે હજુ તો કામગીરી થયે બે મહિનાનો સમય



થયો છે અને કામનું લોકાર્પણ પણ બાકી છે ત્યારે સ્લેબડ્રેઇનનો એપ્રોચ રોડ તૂટી પડયો છે અને બેસી ગયો છે જેથી હલકી ગુણવત્તાની કામગીરીની પોલ ખુલી છે જયારે સ્લેબડ્રેઇનના એપ્રોચ રોડની કામગીરી કરતી વખતે પથ્થરનું પીચીંગ તેમજ હાર્ડમોરમ માટી પૂરવાની ત્યાર બાદ વોટરિંગ કરી વેટમીક્ષનો માલ નાખીને રોલિંગ કરીને ડામરનો માલ પાથરી રોડ બનાવાનો હોય છે પરંતુ અધિકારીઓ આ કામગીરી કરવામાં ઉણપ રાખતા સ્લેબડ્રેઇનનો એપ્રોચ બેસી જતા બૂમો ઉઠી હતી જયારે એજન્સીઓ-કોન્ટ્રકટરોએ કરેલ કામની ગુણવતા ઉપર અનેક સવાલો ઉભા થયા છે. ત્યારે વધુ એક વખત પંચાયત માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓના ભ્રષ્ટાચારની પોલ ખુલી પડી ગઈ છે. મોટા વાહનોની અવર જવર બંધ કરવામાં આવી છે અને ૨૦ જેટલા ગામોને અસર પહોંચી છે આ કામગીરીની વિજિલન્સ ટીમ દ્વારા નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારની ચોંકાવનારી વિગતો બહાર આવી શકે તેમ છે.સ્લેબ, ડ્રેઈન કામગીરીમાં પણ મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોય તેમ સ્પષ્ટ જણાઈ રહ્યું છે ત્યારે સંપૂર્ણ કામગીરીની ગુણવતા તપાસ કરવા આવે અને ભ્રષ્ટાચારી અધિકારીઓ, પદાધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

# પાટડી તાલુકાના કામલપુરમાં જૂથ અથડામણમાં બે રાઉન્ડ ફાયરિંગ, એક ઈજાગ્રસ્ત

સુરેન્દ્રનગર, તા.૩૦

સુરેન્દ્રનગરના કામલપુરમા ફાયરિંગના બનાવે ફરી પોલીસેને દોડાવી છે. જેમાં બે જૂથ વચ્ચે અથડામણ બાદ બે રાઉન્ડ ફાયરિંગના બનાવના એક ઈજાગ્રસ્ત બનતા અમદાવાદ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. સુરેન્દ્રનગર ક્રાઈમ બ્રાન્ચ એસ.ઓ.જી સહિતનો જિલ્લા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. સુરેન્દ્રનગર જિલ્લાના બજાણા પોલીસ મથકના તાબામાં આવતા પાટડી તાલુકાના કામલપુર ગામે બે જૂથો વચ્ચે માથાકૂટ થતાં ફાયરિંગનો બનાવ સામે આવ્યો છે. જેમાં કમાલપુર ગામ મોટી બંધુક વડે બે રાઉન્ડ ફાયરિંગ થતાં એક વ્યક્તિને પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ફાયરિંગમાં ઈજા થતાં વ્યક્તિને તાત્કાલિક અમદાવાદ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. આ ફાયરિંગની ઘટનાની જાણ થતાં બજાણા પોલીસ મથકના પીએસઆઇ સહિતનો પોલીસ સ્ટાફ તાકીદે કમાલપુર ગામે દોડી આવીને તપાસ હાથ ધરવામાં આવી છે.

## રાજ્યમાં ભારે વરસાદની આગાહી વચ્ચે

# અમદાવાદમાં ૭ અને સુરતમાં ૬ ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ

**૧૯૦ તાલુકાઓમાં જામ્યો વરસાદી માહોલ**

**તંત્રની પ્રિ-મોન્સૂન પ્લાનની પોલ ખૂલી**

**૪૦થી ૬૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવાને પગલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના**

**માત્ર એક દિવસના વરસાદમાં ઠેર-ઠેર ભરાયા પાણી**

**રાજ્યના ૭૦ તાલુકાઓમાં ૭ થી ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો**

અમદાવાદ, તા.૩૦

રાજ્યમાં ભારે ઉકળાટ અને બફારા બાદ રવિવારના રોજ વહેલી સવારથી જ અનેક સ્થળોએ જોરદાર વરસાદી માહોલ જામ્યો છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની સાથે મધ્ય તેમજ ઉત્તર ગુજરાતમાં પણ વરસાદ પડી રહ્યો છે. સવારના ૬થી સાંજના ૬ સુધી ૭૦ તાલુકાઓમાં ૭થી ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે તો અન્ય સ્થળોએ સામાન્ય વરસાદી ઝાપટાં જોવા મળ્યા છે. ખાસ કરીને અમદાવાદ, સુરત, વાપી, કડીમાં ધોધમાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ૭થી ૨ ઈંચ જેટલા વરસાદે જ તંત્રના પ્રિ-મોન્સૂન પ્લાનની પોલ ખોલી નાખી હતી.

રવિવારે વહેલી સવારથી જ દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ શરૂ થયો હતો. વલસાડ, સુરત, નવસારી અને વાપી સહિત અનેક સ્થળોએ ધોધમાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ૬ ઈંચ જેટલા વરસાદમાં સુરતમાં અનેક સ્થળોએ ગોઠણ સમા પાણી ભરાઈ ગયા હતા. રોડ-રસ્તા પર નદીઓ વહેતી હોય તેવા દૃશ્યો સામે આવ્યા હતા. વાપીમાં ૪ ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી તો ઉત્તર ગુજરાતના કડીમાં ભારે વરસાદથી જળબંબાકારની સ્થિતિ વચ્ચે અનેક મકાનોમાં







પાણી ઘૂસી ગયા હતા. બીજી તરફ અમદાવાદમાં પણ બપોરના સુમારે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. માત્ર ચાર કલાકમાં ૭ ઈંચ વરસાદથી અનેક સ્થળોએ પાણી ભરાયા હતા તો રોડ-રસ્તા પર નદીઓ વહી ગઈ હતી. વરસાદી પાણી ભરાતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો તો બીજી તરફ વરસાદી માહોલ વચ્ચે AMCના કર્મચારીઓ સાધનો સાથે હાજર રહેશે તેવી મોટી મોટી વાતો ઈજનેર વિભાગના અધિકારીઓ અને ભાજપના સત્તાધીશો દ્વારા કરવામાં આવી હતી, પરંતુ આજે વરસાદની વચ્ચે એક પણ કર્મચારી ક્યાંય દેખાયા નહોતા. આ સાથે જ શેલામાં ક્લબ O7 રોડ પર મસમોટો ભૂવો પડતા કુતૂહલ સર્જાયું હતું.

અમદાવાદમાં બપોરે ૧૨:૩૦ વાગ્યા બાદ ધોધમાર વરસાદ શરૂ થયો હતો. બપોરના ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધીમાં એટલે કે ચાર કલાકમાં શહેરમાં સરેરાશ સવા બે ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. સૌથી વધારે વરસાદ પશ્ચિમ વિસ્તારમાં ગોતા અને સાયન્સ સિટી વિસ્તારમાં સાત ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે બોપલ વિસ્તારમાં સાડા છ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. ચાંદખેડા અને ચાંદલોડિયા વિસ્તારમાં ચાર ઈંચ વરસાદ પડ્યો છે. પૂર્વ વિસ્તારમાં નરોડામાં પાંચ ઈંચ વરસાદ પડ્યો છે. હજી પણ શહેરમાં ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે. ચાર કલાકથી અમદાવાદમાં અવિરત વરસાદ પડી રહ્યો છે જેના પગલે ઠેર ઠેર અનેક વિસ્તારમાં પાણી ભરાયા છે. આ લખાઈ રહ્યું છે ત્યારે પણ પાણી ઓસર્યા નથી. જ્યારે રાજ્યની વાત કરીએ તો ૧૯૦ તાલુકાઓમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે જેમાં ૭૦ તાલુકાઓમાં નોંધનીય વરસાદ થયો છે. વાત કરીએ વરસાદની તો અમદાવાદમાં ૭ ઈંચ, સુરતના પલસાણામાં ૬ ઈંચ, સુરતના બારડોલીમાં ૫.૩૧ જ્યારે સુરત શહેર ૪.૮૪, કામરેજ ૪.૭૨, મહુવા ૪.૬૯, વાપી ૪.૬૧, ઓલપાડ ૪.૫૭, વલસાડ ૪.૦૨, વલસાડ કપરાડા ૩.૫૪,ખેરગામ ૩.૪૬, ભરૂચ ૩.૩૯, ધરમપુર ૨.૮૭, મોરબી ૨.૮૩, જલાલપોર ૨.૬૦, હાંસોટ ૨.૪૮, ઉમરપાડા ૨.૪૦, નવસારી ૨.૪૦, વાલોડ ૨.૩૨, ગણદેવી ૨.૨૪, કડી ૨.૨૦, વ્યારા ૨.૧૭, ઈડર ૨.૧૩, માંડવી ૨.૧૩, સોનગઢ ૨.૧૩, વાગરા ૨.૦૯, ધનસુરા ૨.૦૯, સંખેડા ૨.૦૯, ડોલવણ ૨.૦૧, અંકલેશ્વર ૧.૯૩, ચીખલી ૧.૯૩, માંગરોળ ૧.૮૧, મંડળ, ૧.૭૭, વાઘાઈ ૧.૬૯, બોડેલી ૧.૬૯, માતર ૧.૬૫, વાંસડા ૧.૬૫, ડાંગ-આહવા ૧.૬૧, દસાડા ૧.૫૭, વલ્લભીપુર ૧.૫૭, નાંદોદ ૧.૫૭, સુબીર ૧.૫૭, પારડી ૧.૫૭, માંડવી(કચ્છ) ૧.૪૬, ગાંધીનગર ૧.૪૬, સાણંદ ૧.૪૬ ધોરાજી ૧.૪૬, ઉમરાળા ૧.૪૬, મેઘરાજ ૧.૪૬, જોટાણા ૧.૪૨, ભુજ ૧.૩૪, સતલાસણા ૧.૩૪, ધોલેરા ૧.૩૪, પાદરા ૧.૩૪, દ્વારકા ૧.૩૪, જામકંડોરણા ૧.૩૦, વાલિયા ૧.૨૬, ઉમ્બરગાંવ ૧.૨૬, જાંબુઘોડા ૧.૧૦, ડભોઈ ૧.૧૦, નેત્રંગ ૧.૧૦, ગાંધીધામ ૧.૦૬, જેતપુર ૧.૦૬, તિલકવાડા ૧.૦૬, ઝઘડિયા ૧.૦૬, ટંકારા ૧.૦૬, ભિલોડા ૧.૦૬, વડનગર ૧ ઈંચ, ચોરાસી ૧ ઈંચ, કુંકાવાવ વડિયામાં ૧ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે આગામી પાંચ દિવસ રાજ્યમાં અનેક સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેમાં આવતી કાલે સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલી તેમજ અમરેલી, ભાવનગર અને બોટાદમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, તાપી, સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, કચ્છ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર-સોમનાથ, બોટાદ સહિતના સ્થળોએ મધ્યમથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે જ્યારે દરિયાકાંઠે ૪૦થી ૬૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે. જેને પગલે દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. ભારે પવનને કારણે દરિયામાં મોટા મોજા ઉછળી શકે છે.

## વાસણા બેરેજના દરવાજાનું સમારકામ ન થયાનું ખુદ ભાજપના ધારાસભ્યનો આક્ષેપ

# જો વરસાદમાં ડેમના દરવાજા ન ખૂલે તો અમદાવાદ શહેરમાં પૂરની પરિસ્થિતિ સર્જાય

અમદાવાદ, તા.૩૦

રાજ્યમાં હાલ વરસાદી માહોલ જામ્યો છે. જેમાં સામાન્યથી માત્ર પાંચ-છ ઈંચ વરસાદે તંત્રના પ્રિ-મોન્સૂન પ્લાનની પોલ ખોલી નાખી છે. ત્યારે ખુદ ભાજપના જ એક ધારાસભ્ય દ્વારા સરકારી અધિકારીઓની કામગીરીની પોલ ખોલતી વિગતોને લઈ રાજ્યના જળ સંપત્તિ વિભાગના સચિવને પત્ર લખ્યો છે. આ અંગેની વિગતો જોઈએ તો ચોમાસા પહેલા રાજ્યભરમાં સરકારી તંત્ર દ્વારા પ્રિ મોન્સૂન કામગીરી કરવામાં આવતી હોય છે. જે અંતર્ગત વરસાદી પાણીના નિકાલથી લઈ તમામ બાબતો ધ્યાનમાં લેવાની હોય છે. જોકે પ્રિ મોન્સૂન કામગીરી અંતર્ગત રાજ્યના સિંચાઈ વિભાગ દ્વારા વાસણા બેરેજના દરવાજાનું રીપેરીંગ ન કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ ખુદ ભાજપના જ અમદાવાદ શહેર પ્રમુખ અને એલિસ બ્રિજના ધારાસભ્ય અમિત શાહે કર્યો છે. ભાજપની સરકારમાં જ સરકારી અધિકારીઓ કામગીરી ન કરતા હોવાની પોલ ખુલી ગઈ છે. ભાજપના નેતાએ પત્ર લખી એક જૂન સુધીમાં વાસણા બેરેજના દરવાજાનું ચોમાસા પહેલા રિપેરિંગ કરવાનું હોય તેમ છતાં કેમ નથી કરવામાં આવ્યું તેની



**૧ જૂન પહેલાં પૂર્ણ થતી કામગીરી હજુ સુધી ન થતાં ભાજપના ધારાસભ્ય અમિત શાહે રાજ્યના જળ સંપત્તિ વિભાગના સચિવને પત્ર પાઠવી યોગ્ય કાર્યવાહીની માંગ કરી**

વિગતવાર તપાસ કરી કાર્યવાહીની માગણી કરી છે.

અમદાવાદ શહેરમાં વરસાદી પાણીનો નિકાલ સાબરમતી નદીમાં થતો હોય છે. જેના કારણે વરસાદી પાણીથી નદીનું લેવલ વધતા વાસણા બેરેજ ડેમના દરવાજા ખોલી વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવતો હોય છે. પ્રિ મોન્સૂન કામગીરી અંતર્ગત ડેમના દરવાજાનું રિપેરિંગ ન કરવામાં આવ્યું હોવાને લઈ એલિસબ્રિજ વિધાનસભાના ભાજપનાં ધારાસભ્ય અને ભાજપના શહેર પ્રમુખ અમિત શાહે રાજ્યના જળ સંપત્તિ વિભાગના સચિવને પત્ર લખ્યો છે જેમાં જણાવ્યું હતું કે, અમદાવાદની સાબરમતી નદી ઉપર આવેલા વાસણા બેરેજના દરવાજાની મરામતની કામગીરી આજ દિન સુધી થઈ નથી. દર વર્ષે ૧ જૂન પૂર્વે જ કામગીરી પૂર્ણ કરવાની થતી હોય છે. અમદાવાદમાં વરસાદની પરિસ્થિતિમાં વાસણા બેરેજનું લેવલ વધુ હોય તેવા સંજોગોમાં પૂરની સ્થિતિ ઉત્પન્ન થાય છે અને લોકોની માલ-મિલકતને મોટા પાયે નુકસાન થાય છે. આ સંજોગોમાં જો બેરેજના દરવાજાનું સમારકામ અને રિપેરીંગ ન થયેલું હોય અને દરવાજાનું સંચાલન સમયસર ન થાય તો શહેર વરસાદી પાણીના નિકાલનો એકમાત્ર રસ્તો સાબરમતી નદી છે. જેના કારણે શહેરમાં પાણી ભરાઈ રહે અને પૂરની પરિસ્થિતિ ઉભી થાય તેથી આ સંજોગોમાં બેરેજના દરવાજાનું સમારકામ તાત્કાલિક થાય તેના માટે સંબંધિત અધિકારીને જરૂરી સુચના આપી અને આ કામ હજુ સુધી કેમ નથી થયુ તે અંગેનો વિગતવાર અહેવાલ મંગાવી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. એક તરફ તો અમદાવાદમાં ૭ ઈંચ વરસાદથી તંત્રના પ્રિ-મોન્સૂન પ્લાનની પોલ ખૂલી છે તો બીજી તરફ સિંચાઈ વિભાગની કામગીરીની વિગતો સામે આવી છે. ત્યારે હવે આ અંગે કેટલી ઝડપથી કામગીરી થાય છે તે જોવું રહ્યું !

## NEET કૌભાંડ મામલે તપાસનો ધમધમાટ જારી

# છેવટે CBIએ જય જલારામ સ્કૂલના ચેરમેનની અટકાયત કરી : રિમાન્ડ માટે સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરાશે

અમદાવાદ, તા.૩૦

દેશભરમાં ચર્ચા જગાવનાર નીટ કૌભાંડમાં સંડોવાયેલા પાંચ પૈકી ચાર આરોપીઓની સીબીઆઈ દ્વારા ગઈકાલે ગોધરા કોર્ટમાંથી કસ્ટડી લીધા બાદ આજે બીજા દિવસે પણ પૂછપરછનો દોર શરૂ કર્યો છે. જ્યારે નીટ પરીક્ષા કેસ મામલે ગત મોડીરાત્રે સીબીઆઈ દ્વારા જય જલારામ સ્કૂલના ચેરમેન દીક્ષિત પટેલની અટકાયત કરવામાં આવી છે. ગોધરા કોર્ટે પાંચ પૈકી ચાર આરોપીઓના ચાર દિવસના રિમાન્ડ આપ્યા છે. મોડીરાત્ર સુધી આરોપીઓની ગોધરા બી-ડિવિઝન પોલીસ મથક ખાતે પૂછપરછ હાથ ધરવામાં આવ્યા બાદ આજે સવારના નવ વાગ્યાથી ગોધરા સર્કિટ હાઉસ ખાતે તમામ આરોપીઓને પોલીસ બંદોબસ્ત સાથે લઈ જવામાં આવ્યા હતા. જે બાદ હવે જય જલારામ સ્કૂલના ચેરમેન દીક્ષિત પટેલને અમદાવાદ ખાતેની CBIની સ્પેશિયલ કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરાશે. સીબીઆઇના અધિકારીઓ પોલીસ બંદોબસ્ત સાથે આરોપીને લઈને અમદાવાદ જવા રવાના થયા છે. જય જલારામ સ્કૂલના ચેરમેન દીક્ષિત પટેલને સીબીઆઈ દ્વારા ગોધરા સેશન કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરાતાં ગોધરા કોર્ટ દ્વારા સીબીઆઈની સ્પેશિયલ કોર્ટમાં આરોપીને રજૂ કરવા માટે જણાવ્યું હતું. CBI દ્વારા આરોપીની ધરપકડ કરવામાં આવી હોય સીબીઆઈની સ્પેશિયલ કોર્ટમાં આરોપીને રીમાન્ડ માટે રજૂ કરવા જણાવાયું હતું. ગોધરા નીટ પરીક્ષા કેસ મામલે CBIએ જય જલારામ સ્કૂલના ચેરમેન દીક્ષિત પટેલની અટકાયત કરી છે. ગત મોડી રાત્રે સીબીઆઇ દ્વારા દીક્ષિત પટેલની અટકાયત કરવામાં આવી હતી. સીબીઆઇ દ્વારા દીક્ષિત પટેલની અટકાયત કરયા બાદ ગોધરા સિવિલ હોસ્પિટલમાં મેડિકલ પરીક્ષણ માટે લવાયા છે. ગોધરા નીટ પરીક્ષા કેસ મામલે ઝડપાયેલા આરોપીઓ સાથે દીક્ષિત પટેલ સંપર્ક ધરાવતા હોય શંકાના આધારે સીબીઆઇ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.(CBI દ્વારા જય જલારામ સ્કૂલના ચેરમેન દીક્ષિત પટેલને અમદાવાદ ખાતેની સીબીઆઈની સ્પેશિયલ કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરાશે. સીબીઆઇના અધિકારીઓ પોલીસ બંદોબસ્ત સાથે આરોપીને લઈને અમદાવાદ જવા રવાના થયા છે). સીબીઆઈ દ્વારા તુષાર ભટ્ટ, આરીફ વોરા, પુરુષોત્તમ શર્મા અને વિભોર આનંદની પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે. આરોપીઓની પૂછપરછમાં મોટા ખુલાસાઓ થાય તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્યારે નીટ પ્રકરણને લઈ આ સમગ્ર મામલે હવે કઈ વિગતો બહાર આવશે સૌ કોઈની તેના પર મીટ મંડાયેલી છે. પંચમહાલ જિલ્લાના ગોધરામાં બહુચર્ચિત નીટ પરીક્ષામાં પાસ કરાવવાના કૌભાંડ મામલે સીબીઆઇ દ્વારા આ કેસમાં સંડોવાયેલા ચાર આરોપીઓની ચાર દિવસના રિમાન્ડ લીધા બાદ પૂછપરછનો દોર શરૂ કરવામાં આવ્યો છે. કોર્ટમાં રિમાન્ડ બાદ ગોધરા બી-ડિવિઝન પોલીસમાં ગત મોડીરાત્રી સુધી પૂછપરછ કર્યા બાદ બીજા દિવસે સવારે ગોધરા સર્કિટ હાઉસ ખાતે ચારેય આરોપીઓને લાવીને પૂછપરછનો દોર શરૂ કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે પરીક્ષા કેન્દ્ર રહેલી જય જલારામ સ્કૂલનાં આચાર્ય કેતકી પટેલને પણ CBI દ્વારા ગોધરા સર્કિટ હાઉસ ખાતે પૂછપરછ માટે બોલાવામાં આવી હતી. સાથે સાથે ગોધરાના બામરોલી રોડ ખાતે આવેલા કેતકી પટેલના નિવાસ સ્થાન પર પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

### 'નીટ કૌભાંડ' : વિદ્યાર્થીઓ પાસેથી કોરા ચેક અને ૧૦ લાખ રૂપિયા એડવાન્સમાં જ લેવાયા હતા

ગોધરામાં આવેલી જય જલારામ ઈન્ટરનેશનલ સ્કૂલ જ સમગ્ર નીટ પેપર લીક કૌભાંડનું એપી સેન્ટર છે. એટલું જ નહીં, નીટની પરીક્ષામાં પાસ કરવાના હેતુથી ચોક્કસ પરીક્ષાર્થીઓ પાસે એડવાન્સમાં નાણાં અને ચેક લેવામાં આવ્યા હતાં. જો સમગ્ર પ્રકરણમાં નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો ઘણી ચોંકાવનારી વિગતો બહાર આવી શકે છે. પરીક્ષાર્થીઓ પાસેથી ૧૦ લાખ રૂપિયા અને કોરા ચેક એડવાન્સ પેટે લેવાયા હતા. ગોધરાની સ્કૂલમાંથી NEET પેપર લીક કૌભાંડનો મામલો છેક કોર્ટ સુધી પહોંચ્યો છે. ત્યારે અત્યાર સુધી રાજ્ય અને કેન્દ્ર સરકારે સબ સલામત હે ના રટણ રટ્યા હતાં. જો કે, આ કૌભાંડની તપાસ કરનારાં ડીવાયએસપીની તપાસની એફિડેવિટમાં ચોંકાવનારી વિગતોનો ઘટસ્ફોટ થયો છે કે, નીટની પરિક્ષામાં વિદ્યાર્થીઓને સારા ટકા મેળવવા માટે સુવ્યવસ્થિત રીતે કૌભાંડ આચરવામાં આવ્યુ છે. એવી પણ માહિતી બહાર આવી છે કે, વિદ્યાર્થીઓને જલારામ સ્કૂલના સંચાલકોએ એવી સૂચના આપી હતી કે, જે જવાબ આવડે તેના પર ટીક કરજો. પણ જે પ્રશ્નનો જવાબ ન આવડે તે જગ્યા ખાલી રાખજો. સાથે સાથે વિદ્યાર્થીઓ પાસેથી કોરા ચેક અને ૧૦ લાખ રૂપિયા એડવાન્સમાં લેવાયા હતાં. પરીક્ષામાં ચોક્કસ વિદ્યાર્થીઓને એવી સૂચનામાં આપવામાં આવી હતી કે, પરીક્ષા માટે સેન્ટર પસંદ કરવાનું ઓપ્શન અપાય તો તેમાં ગોધરામાં જય જલારામ સ્કૂલ ગુજરાતી મિડીયમ સેન્ટર જોઈએ તેની માંગ કરવી. આ કારણોસર ચોક્કસ વિદ્યાર્થીઓએ જલારામ સ્કૂલનુ પરીક્ષા સેન્ટર પસંદ કર્યું હતું. કૌભાંડીઓ દ્વારા વિદ્યાર્થીઓના વાલીઓને ખાતરી અપાઈ હતી કે, જો વિદ્યાર્થીને નીટની પરીક્ષામાં સારા ટકા આવે અને મેડિકલમાં એડમિશન મળી જાય પછી જ કોરા ચેકમાં રકમ ભરવામાં આવશે.

# શિક્ષણ બોર્ડની પૂરક પરીક્ષાનું ૩ જુલાઈથી મૂલ્યાંકન શરૂ કરવાની તૈયારી

## બોર્ડ દ્વારા મૂલ્યાંકન કામગીરી માટેના શિક્ષકોના ઓર્ડર અગાઉથી જ ઈશ્યુ કરાયા હતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૪ જૂનથી ધોરણ-૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવ્યો છે અને ૬ જુલાઈ સુધી આ પરીક્ષા પુર્ણ કરવામાં આવશે. જો કે, પરીક્ષા પુર્ણ થાય તે પહેલા જ બોર્ડ દ્વારા ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી શરૂ કરી દેવાનું આયોજન કરાયું છે. જેમાં સંભવત ૩ જૂલાઈથી રાજ્યમાં ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી હાથ પર લેવામાં આવનાર હોવાનું સુત્રોએ જણાવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શિક્ષણ બોર્ડ દ્વારા ૨૪ જૂનથી ધો-૧૦, ધો-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પૂરક પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૨,૩૮,૦૩૦ વિદ્યાર્થી નોંધાયા છે. ધો-૧૦ની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૧,૩૭,૦૨૫ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં સમગ્ર રાજ્યમાં ૬૬,૦૮૫ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ધો-૧૨ સાયન્સમાં સમગ્ર રાજ્યમાં ૩૪,૯૨૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ સાયન્સની ૩ જુલાઈના રોજ પરીક્ષા પુર્ણ થશે. જ્યારે ધોરણ-૧૦ની પુરક પરીક્ષા ૪ જુલાઈના રોજ પુર્ણ થવાની છે અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષા ૬ જુલાઈના રોજ પૂર્ણ થશે. ૬ જુલાઈના રોજ બોર્ડની તમામ પુરક પરીક્ષાઓ પુર્ણ થયા બાદ ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા પુરક પરીક્ષા માટેની ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી પરીક્ષા પુર્ણ થાય તે પહેલા જ શરૂ કરી દેવાનું આયોજન કરાયું છે. જેને જોતા સંભવત ૩ જુલાઈથી ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી હાથ પર લેવામાં આવશે.

આમ, ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાના છેલ્લા દિવસથી ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી શરૂ કરવાનું આયોજન છે. ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી માટે શિક્ષકોના ઓર્ડર અગાઉથી જ બોર્ડ દ્વારા સ્કૂલોને મોકલી આપવામાં આવ્યા છે. બોર્ડે વિદ્યાર્થીઓની પરીક્ષા માટેની હોલ ટિકીટ મોકલી તે સાથે જ શિક્ષકોના મુલ્યાંકન કામગીરીના ઓર્ડર પણ ઈશ્યુ કરી દેવામાં આવ્યા હતા.

# રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ખાતાકીય પરીક્ષાને લઈને તૈયારીઓનો ધમધમાટ

## જૂનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્ક, મદદનીશ શિક્ષણ નિરીક્ષક માટે પરીક્ષાનું આયોજન કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી દિવસોમાં જૂનિયર ક્લાર્ક અને સિનિયર ક્લાર્ક માટેની ખાતાકીય પરીક્ષા લેવામાં આવનાર છે. આ ઉપરાંત પટાવાળા વર્ગ-૪માંથી ક્લાર્ક વર્ગ-૩માં બઢતી માટેની પણ ખાતાકીય પરીક્ષા લેવામાં આવનાર છે. આ ઉપરાંત મદદનીશ શિક્ષણ નિરીક્ષક તથા મદદનીશ શિક્ષક માટે પણ ખાતાકીય પરીક્ષા લેવાશે. જેથી આ પરીક્ષા માટે જિલ્લામાંથી લાયકાત ધરાવતા ઉમેદવારોની સંખ્યાની વિગતો મંગાવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગનાં ઠરાવ અન્વયે શિક્ષણ વિભાગની વર્ગ-૩ની ગૌણ સેવાઓમાં મદદનીશ શિક્ષણ નિરીક્ષક તથા મદદનીશ શિક્ષક અને પંચાયત સંવર્ગના જિલ્લા શિક્ષણ નિરીક્ષક, વિસ્તરણ અધિકારી (શિક્ષણ) અને કેળવણી નિરીક્ષક વર્ગ-૩ની ખાતાકીય પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનું નક્કી કરવામાં આવેલું છે. આ ઉપરાંત બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની જુનિયર ક્લાર્ક માટેની લોઅર લેવલની ખાતાકીય પરીક્ષા અને સિનિયર ક્લાર્ક માટેની હાયર લેવલની ખાતાકીય પરીક્ષાઓ પણ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જ લેવામાં આવનાર છે.

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પટાવાળા, વર્ગ-૪માંથી જુનિયર ક્લાર્ક વર્ગ-૩માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પણ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનું ઠરાવેલું છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મદદનીશ શિક્ષણ નિરીક્ષક તથા મદદનીશ શિક્ષક (સરકારી શાળાઓ) માટેની ખાતાકીય પરીક્ષા, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની જુનિયર ક્લાર્ક માટે લોઅર લેવલની અને સિનિયર ક્લાર્ક માટે હાયર લેવલની ખાતાકીય પરીક્ષા તથા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પટાવાળા વર્ગ-૪માંથી જૂનિયર ક્લાર્ક વર્ગ-૩માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓનું આયોજન આગામી સમયમાં થશે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આ પરીક્ષાનું આયોજન કરવાનું હોવાથી જે તે જિલ્લામાંથી આ પરીક્ષામાં બેસવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોની અંદાજિત સંખ્યા માંગવામાં આવી છે. જેથી પરીક્ષાનું યોગ્ય રીતે આયોજન કરી શકાશે. રાજ્ય પરીક્ષા બોર્ડના પત્ર બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તાબા હેઠળની સ્કૂલોને પત્ર લખી વિગતો માંગવામાં આવી છે. જેમાં આગામી ૩ દિવસમાં ઉમેદવારોની સંખ્યા સહિતની વિગતો મોકલવા તાકીદ કરવામાં આવી છે.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS